ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 12 Date : 01-03-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૮) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૫ | મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા - ૯ : લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન - ૨ |
| ગૌતમ બજાજ, અનુ. ભદ્રા-વિક્રમ સવાઈ | ૦૯ | ભૂદાનયજ્ઞનો તત્ત્વવિચાર |
| કપિલ શાહ | ૧૨ | લોકનિકેતન - રતનપુર ખાતે યોજાયું 'આશા'નું કિસાન સ્વરાજ સંમેલન |
| કિશોર મિસ્ત્રી/વર્ષા શાહ | ૧૬ | શિક્ષણ અને આરોગ્ય દ્વારા જનસેવા |
| હરેશ ધોળકિયા | ૧૭ | ગાંધીજી : એક ચમત્કાર! |
| મૈત્રી-પ્રાંજલ-આલાપ | ૧૮ | ફેર વિચાર શિબિર |
| કામાયની અને આશિષ | ૧૯ | મનરેગાનો અંત : માત્ર કાયદો જ નહીં, નવી ચેતના પર કુઠારાઘાત |
| શાંતિલાલ ગઢિયા | ૨૦ | સમૂહસમાજમાં ફૂલતો-ફાલતો વ્યક્તિવાદ |
| અનુ. હિદાયત પરમાર | ૨૧ | ડિજિટલ લતની ઘાતક પકડ : ગાઝિયાબાદની ત્રણ બહેનોની મૌન ચેતવણી |
| મીતા ઝવેરી | ૨૨ | પથ દર્શક : રમણ પટેલ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | તૂટેલું બટન |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
ભૂમિપુત્ર
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.12 1951 Date : 01-03-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૮)

○ વિનોબા ○

## આત્મજ્ઞાની

**૧)** ઉપનિષદ, ૨) ભગવદ્‌ગીતા, ૩) ભાગવત, ૪) શંકરાચાર્ય.

આત્મજ્ઞાની પુરુષનું વર્ણન કરતાં ઈશાવાસ્ય ઉપનિષદ કહે છે-

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ।

યઃ તુ = જે, सर्वाणि भूतानि = બધાં ભૂતોને, आत्मनि एव = પોતાનામાં જ, अनुपश्यति = સતત જુવે છે; सर्वभूतेषु = બધાં ભૂતોમાં, आत्मानम् = પોતાને (જુએ છે) - જે બધાં ભૂતોને પોતાનામાં અને પોતાને બધાં ભૂતોમાં સતત જુએ છે. આપણે જેવી રીતે કોઈ કાપડ જોતા હોઈએ ત્યારે તેના તાણામાં વાણો અને વાણામાં તાણો ઓતપ્રોત જોતા હોઈએ છીએ. આપણે અખંડ દર્શન જોતા હોઈએ છીએ, ખંડિત દર્શન કરતા નથી કે અહીં તાણો છે અને ત્યાં વાણો છે. જ્યારે આપણે માટીનો ઘડો જોતા હોઈએ ત્યારે માટી અહીં અને ઘડો ત્યાં - એવું જોતા નથી. માટી અને ઘડો - આ બંનેનું એકસાથે દર્શન થાય છે. માટી જોઈ તો ઘડો ભૂલી ગયા અને ઘડો જોયો તો માટી ભુલાઈ ગઈ, આવું થતું નથી.

સુવર્ણના અલંકાર જોતી વખતે આપણે સોનું પણ જોતા હોઈએ છીએ અને તેનો આકાર પણ દેખીએ છીએ. બંનેનું એકત્ર જ દર્શન થાય છે. એવી રીતે આત્મજ્ઞાનીને અખંડ દર્શન થાય છે કે હું અને બધાં ભૂતો એક છીએ. જે આત્મજ્ઞાની છે તે પોતાની અંદર બધાંને અને બધાંની અંદર પોતાને જુએ છે. ખરેખર આ અદ્‌ભુત દર્શન છે. આત્મજ્ઞાની સાવ એકલો બેઠો હોય તો પણ તે પોતાની ભીતર આખા બ્રહ્માંડને જુએ છે. એને ક્યારેય કોઈ વિયોગની અનુભૂતિ નથી હોતી. એને મહેસૂસ થાય છે કે આખી દુનિયા મારામાં છે. જો તે બજારમાં ફરતો હોય તો ત્યાં પણ તે એવું નહીં અનુભવે કે મને એકાંત મળતું નથી. દરેક જગ્યાએ હું જ છું - આવું એને પ્રતીત થાય છે. અને એ કારણે ततो न विजुगुप्सते - એને જુગુપ્સા થતી નથી. જુગુપ્સા એટલે અરુચિ, કંટાળો, આળસ. न विजुगुप्सते - અર્થાત્ તે કંટાળતો નથી.

ઉબ શબ્દ દ્વારા આપણે નિંદા, તિરસ્કાર, ઘૃણા વગેરે સ્થૂળ વૃત્તિઓ તો સમજવાની છે, પણ અહીં સૂક્ષ્મતમ જે દૂરીભાવ (દૂર રહેવાનો ભાવ - અલગ થવાનો ભાવ) છે અથવા અનેક અંતરાયો (અવરોધો) છે તેનો પણ સમાવેશ થાય છે. જે આત્મજ્ઞાની છે તેને સર્વત્ર આનંદ જ આનંદ છે. એને એકાંતમાં રાખશો તો પણ તેને તેની અરુચિ નહીં રહે અને લોકોની વચ્ચે ફેરવશો તો પણ તેને એની કોઈ અરુચિ નહીં રહે. એ બંને બાજુથી સુરક્ષિત છે. અહીં પણ આનંદ અને ત્યાં પણ આનંદ. એના માટે દુનિયામાં સુખદુઃખ જેવી કોઈ વસ્તુ જ નથી. બધો પરમેશ્વરનો જ ખેલ સમજે છે. જેવી રીતે રમવા માટે સાકરનું કારેલુ બનાવ્યું, હવે બહારથી એનો આકાર જોતાં ભાસ થાય કે આ કડવું છે, પણ અંદરથી તો તે સાકર જ છે. એ કડવું જરીકે ય નથી. એવી રીતે જે સોની (સુવર્ણકાર) છે તે, સોનાનું ઘરેણું ભલે ને વાંકુંચુકું હોય કે સીધું હોય - એ તો બાહ્ય આકાર પર એટલું ધ્યાન ન આપતાં કેવળ સોનાને જ મહત્ત્વ આપે છે. કેમ કે તેને સુવર્ણની સમજ છે. એનો આકાર ભલે ગમે તે હોય - તે તો તેનું વજન તોળીને સુવર્ણની કિંમત બતાવશે.

એવી રીતે જેને પણ વસ્તુ દર્શન થઈ ગયું છે, એના માટે આ દુનિયામાં સુખ-દુઃખ જેવું કાંઈ નથી અને એટલા માટે તેને અરુચિભાવ પણ નથી હોતો - ततो न विजुगुप्सते । જુગુપ્સા અર્થાત્ પોતાની સંગોપન કરવાની ઇચ્છા (સંગોપન = છુપાવવાની), પોતાને અલગ રાખવાની ઇચ્છા. અહીં 'ગુપ્' ધાતુ છે, પોતાને કોઈનાથી અલગ રાખવાની ઇચ્છા એટલે કે એના વિષયમાં અરુચિ હોવી. જેમ કે ફલાણી વસ્તુની સંગતિ અથવા દર્શન મને જોઈતાં નથી - આવી ઇચ્છા હોવી. આમ આત્મજ્ઞાની પુરુષ સતત બધાં ભૂતોને પોતાનામાં અને પોતાને બધાં ભૂતોમાં જુએ છે અને બધાં ભૂત અને આત્મા ઓતપ્રોત જણાય છે. એટલા માટે એને ક્યાંય પણ નફરત હોતી નથી. આમ તો તે કોઈને પણ પોતાનો શત્રુ કે મિત્ર માનતો નથી. પરંતુ એને જે કોઈ પોતાનો શત્રુ અથવા મિત્ર માને છે, એના પ્રતિ પણ એના ચિત્તમાં અરુચિ થતી નથી. એના માટે કોઈ પણ કાર્ય હોય, ભલે તે ઊંચું માનવામાં આવ્યું હોય કે નીચું મનાયું હોય - એને કોઈ પણ કાર્ય કરવામાં અરુચિ રહેતી નથી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ઇંદ્રિયોને અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય – કોઈ પણ ચીજની તેના પર અસર થતી નથી. આવી રીતે ततो न विजुगुप्सते = આ વાક્ય પ્રાણીમાત્રને, પ્રત્યેક કાર્યને અને પ્રત્યેક વસ્તુ માટે લાગુ પડે છે. આનો મતલબ એ કે, તે કોઈ પણ પ્રાણીથી न विजुगुप्सते, કોઈ પણ કર્મથી તે न विजुगुप्सते – અને કોઈ પણ વસ્તુથી તે न विजुगुप्सते. આવો મનુષ્ય છે તે બધાંને સમાન દૃષ્ટિથી જોશે અને એને પોતાનો કોઈ અહંકાર રહેશે નહીં. એ માણસનો ઉપયોગ તમે ઇચ્છો તેમ કરો. તમે એને યુદ્ધમાં લઈ જશો તો તે ત્યાં પણ જશે અને ભંગીકામ માટે લઈ જશો તો ત્યાં પણ જશે. જ્ઞાનદેવ મહારાજ આ અંગે પાણીની ઉપમા આપે છે. માળી પાણીને કહે કે, 'પાણી આજે શેરડીના ખેતરમાં જાઓ' તો પાણી કહે છે કે 'ઠીક'. માળી કહે છે, 'હે પાણી, આજે રાઈના ખેતરમાં જાઓ' તો પાણી કહેશે કે 'ઠીક છે.' પાણી જ્યાં પણ જશે, ત્યાં તેનો રસકસ વધારશે. શેરડીની મીઠાશ વધારશે તો ડુંગળીનું તીખાપણું વધારશે ! આવી રીતે આત્મજ્ઞાનીનું અભિમાન ખતમ થઈ જાય છે અને તેને તેની આસપાસની સૃષ્ટિ સાથે એકરૂપ થવામાં કોઈ મુશ્કેલી નડતી નથી.

ઉપર બતાવ્યું કે આત્મજ્ઞાની પોતાનામાં બધાં ભૂતોને અને બધા ભૂતોમાં પોતાને જુએ છે. એવી રીતે જે પણ કોઈ વિશ્વ અને આત્માને એકબીજામાં ઓતપ્રોત જુએ છે, એમને અરુચિ રહેતી નથી. હવે ઉપનિષદ કહે છે કે જ્ઞાની પુરુષ બધાં ભૂતોને આત્મસ્વરૂપ જ જુએ છે.

यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ।।

જેની દૃષ્ટિએ આત્મા જ સર્વભૂત થઈ ગયો, એ નિરંતર એકત્વ જોનાર વિજ્ઞાની પુરુષને વળી મોહ કેવો અને શોક કેવો ?

यस्मिन् सर्वाणि भूतानि आत्मा एव अभूत – જે પુરુષને માટે બધા ભૂત આત્મસ્વરૂપ થઈ ગયા. એટલે કે જે ભૂતોમાં રહેલી ભૂતતાને જોતો નથી. અને એને જે-જે મળે છે, એની અંદર પોતાનું જ રૂપ દેખાઈ પડે છે. તુકારામ કહે છે – तुका म्हणे जें जें भेटे, तें तें वाटे मी ऐसे, જે-જે મને મળે છે, હું જ મને મળું છું. મને એવું લાગે છે કે જાણે મને મારું જ મિલન થઈ રહ્યું છે. જે આ રીતના એકત્વનું અનુદર્શન કરે છે, એને મોહ અને શોક હોતા નથી. આ શ્લોકની પહેલાંના શ્લોક (મંત્ર)માં આત્મામાં બધાં ભૂતો અને બધાં ભૂતોમાં આત્મા– એવી પરસ્પર ઓતપ્રોતતા બતાવી હતી. એને ભક્તિભાવ કહી શકીએ. એ ભાષામાં થોડોક પ્રેમનો અંશ હતો. પ્રેમમાં તો વળી અરુચિનો પ્રશ્ન જ આવતો નથી. પરંતુ આ મંત્રમાં એક કદમ આગળ વધ્યા છે. ભાષામાં રહેલ ભેદને હટાવી દીધો છે. અહીં કહેવાયું કે સર્વભૂત આત્મા જ થઈ ગયા. એ આમાં ઓત છે અને પેલું તેનામાં પ્રોત છે, આવી રીતની અલગથી ગણતરી કરવા માટે કંઈ જ રહ્યું નથી. બન્ને એક જ થઈ ગયા. આત્મા જ સર્વભૂત થઈ ગયો. 'ક'માં 'ચ' અને 'ચ'માં 'ક' રહ્યો નથી. ક=ચ થઈ ગયો.

तत्र कः मोहः कः शोकः – જે વ્યક્તિને સર્વભૂત આત્મરૂપ થઈ ગયા, એવા વિજ્ઞાની પુરુષને વળી ક્યાંથી મોહ અને શોક થઈ શકે ? एकत्वम् अनुपश्यतः – તે વિજ્ઞાની પુરુષ હમેશાં એકત્વનું દર્શન કરે છે. એવું એકત્વ દર્શન ક્યારેય ખંડિત થતું નથી. જ્ઞાની પુરુષને જો કોઈ પણ કારણસર ક્ષણ માટે પણ એવો આભાસ થયો કે એનું એકત્વ ખંડિત થઈ ગયું તો એના માટે આખી સૃષ્ટિ છિન્ન-ભિન્ન થઈ જશે. બધાંને પરોવનારો દોરો જ તૂટી જાય તો બધાં મણિ વિખેરાઈ જશે. તુકારામ લખે છે. अखंड न खंडे, अभंग न भंगे । तुका म्हणे गंगा मिळणी सिंधु – એ એવો તો અખંડ છે કે જેનો ખંડ ન થાય, એ એવો અભંગ સ્વરૂપ છે કે જેનો ભંગ નથી થતો.

જેવી રીતે ગંગા નદી સાગરને અખંડ રૂપે મળ્યા કરે છે, સતત મળે છે, ચોવીસે કલાક મળતી રહે છે. એની મિલનની આ ક્રિયામાં ખંડ પડતો નથી. અદ્વૈત પણ ચાલુ છે અને દ્વૈતની ક્રિયા પણ ચાલુ છે, મળવાની ક્રિયા સતત ચાલુ રહે છે. ગંગા નદીનું તે મિલન પ્રવાહાત્મક છે. આ ભજનની આ જ તો વિશેષતા છે કે અખંડ દર્શન કાયમ રાખીને મળવાની ક્રિયા પણ કાયમ બતાવી છે. ગંગા નદી સાગરને મળી રહી છે. એના ઉદ્‌ગમથી લઈને અંત સુધીની એની તમામ ક્રિયાઓમાં ક્યાંય પણ ખંડ જણાતો નથી. એના માટે તો એની પ્રત્યેક ક્ષણ સમુદ્રને શોધવા માટેની અને પ્રત્યેક ક્ષણ સમુદ્રને મળવામાં ચાલી રહી છે. તે સાગરની તલાશમાં વહી પણ રહી છે અને સમુદ્રને મળી પણ રહી છે.

ઈશાવાસ્યોપનિષદના આ બંને મંત્રોમાં પાછળનો આ મંત્ર ભક્તિ-પ્રેમપરક મંત્ર છે. એટલા માટે એ મંત્રમાં પરસ્પર ઓતપ્રોતતાની ભાષાનો પ્રયોગ થયો છે. આ બીજો મંત્ર જ્ઞાનપરક છે. અહીં કેવળ એકત્વની

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૮) |
| ડૉ.અનુરાધા પ્રસાદ<br>અનુ.રાજેન્દ્ર દવે | ૪ | લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન-૨ |
| ગૌતમ બજાજ | ૯ | ભૂદાનયજ્ઞનો તત્ત્વવિચાર |
| કપિલ શાહ | ૧૨ | લોકનિકેતન-રતનપુર ખાતે યોજાયું આશાનું કિસાન સ્વરાજ સંમેલન |
| કિશોર મિસ્ત્રી/વર્ષા શાહ | ૧૬ | શિક્ષણ અને આરોગ્ય દ્વારા જનસેવા |
| હરેશ ધોળકિયા | ૧૭ | ગાંધીજી : એક ચમત્કાર ! |
| મૈત્રી-પ્રાંજલ-આલાપ | ૧૮ | ફેરવિચાર શિબિર |
| કામાયની અને આશિષ | ૧૯ | મનરેગાનો અંત : માત્ર કાયદો જ નહીં, નવી ચેતના પર કુઠારાઘાત |
| શાંતિલાલ ગઢિયા | ૨૦ | સમૂહ સમાજમાં ફૂલતો-ફાલતો વ્યક્તિવાદ |
| હિદાયત પરામર | ૨૧ | ડિજીટલ લતની ઘાતક પકડ : ગાઝિયાબાદની ત્રણ બહેનોની મૌન ચેતવણી |
| મિતા ઝવેરી | ૨૨ | પથદર્શક : રમણ પટેલ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | તૂટેલું બટન |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભાષા પ્રયોજાયેલી છે. વાસ્તવમાં તે બંને એક જ છે. જ્યાં પણ આ પરસ્પર ઓતપ્રોતતા – જેવી રીતે માની તેનાં ચાર બાળકોમાં હોય તેટલી – સંકુચિત થાય છે ત્યાં મોહ હોઈ શકે છે. પરંતુ વિશ્વવ્યાપી ઓતપ્રોતતામાં આ દોષ આવતો નથી. વ્યાપકતમ ઓતપ્રોતતાનું જ નામ છે, નિર્દ્વંદ્વ એકતા.

अनुपश्यतः – આ બંને યંત્રોમાં કેવળ દર્શન માત્રથી સંતોષ ન માનીને અનુદર્શનની અપેક્ષા કરવામાં આવી છે. અનુદર્શન અર્થાત્ સતત દર્શન કરવું. કોઈ એકાદ વિશેષ ક્ષણમાં વીજળીના ચમકારાની જેવું 'પ્રાતિભ' દર્શન થઈ જાય તે પર્યાપ્ત નથી. એ તો કેવળ આશ્વાસન માત્ર છે. આપણને તો સૂર્યપ્રકાશની જેમ નિરંતર દર્શન જોઈએ, અને તો જ સંસારનો ક્ષય થશે.

આ એકત્વનું સતત દર્શન પણ અનેકતાને પચાવીને જ થઈ શકે છે. ભગવદ્‌ગીતા પણ કહે છે, सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि (गीताः 6:ख)– ગીતાએ ભૂતમાત્રમાં આત્મા અને આત્મામાં ભૂતમાત્ર – આ રીતે વ્યાપક આત્મદર્શન પ્રસ્તુત કર્યું છે. બધા ભૂતો એકમાં સમાયા છે એટલે કે અનેકતામાં એકત્વની ભૂમિકા અને એકમાંથી જ બધો વિચાર વ્યાપેલો છે અર્થાત્ એકત્વમાં અનેકત્વની ભૂમિકા – આવી બેવડી પ્રક્રિયા જણાવી છે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં ઋષિ આત્મજ્ઞાની પુરુષને 'કવિ'ની સંજ્ઞા આપે છે. નિરુક્ત કહે છે કવિ એટલે ક્રાંતદર્શી (નિરુક્ત એટલે છ વેદાંગોમાંનો એક). ક્રાંતદર્શી અર્થાત્ પારદર્શી. જે દેહનો પડદો હટાવીને પેલે પારને દેખી શકે છે. આવા પારદર્શી કવિઓમાં આત્મજ્ઞાની શિરમોર છે. ઋષિ આવા આત્મજ્ઞનું વર્ણન કરતા કહે છે – कविर् मनीषी परिभूः स्वयंभूः याथातथ्यतोऽर्थान् व्यदधात् शाश्वतीभ्य समाभ्यः – તે કવિ અર્થાત્ ક્રાંતદર્શી, વશી (જેણે પોતાને સંયમમાં રાખ્યો છે તે), વ્યાપક, સ્વતંત્ર થઈ ગયો. એણે શાશ્વત કાળ સુધી ટકનારા બધા અર્થ યથાવત્ સાધી લીધા છે. અહીં ઋષિ આત્મવાન્ મનુષ્યના સામર્થ્યનું વર્ણન કરે છે. કવિ – (૧) मनीषी – મનનો સ્વામી = બ્રહ્મચર્ય (૨) परिभूः – વિશ્વપ્રેમથી સંપન્ન થયેલો = અહિંસા (૩) स्वयंभूः – આત્મનિષ્ઠ = અસ્તેય (૪) याथातथ्यत = યથાર્થભાષી = સત્ય (૫) शाश्वतीभ्य समाभ्यः શાશ્વતકાળ પર નજર રાખનારો = અપરિગ્રહી.

## ભગવદ્‌ગીતા

ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાન ૧૯થી ૨૪ છ શ્લોકોમાં કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મની અનુભૂતિ કરનાર જ્ઞાની પુરુષનું વર્ણન કરે છે. ભગવાન સર્વ પ્રથમ ઓગણીસમા શ્લોકમાં કહે છે કે જે જ્ઞાની પુરુષ છે તે બધા ઉદ્યોગો (વ્યવહાર) કામ સંકલ્પ છોડીને કરે છે અને એણે જ્ઞાન દ્વારા કર્મોને નષ્ટ કરી દીધાં હોય છે. પ્રથમ મનમાં સંકલ્પ જાગે છે, પછી વાસના (કામના) થાય છે, પછી માણસ કર્મ કરે છે. જ્યારે જ્ઞાનીપુરુષ સંકલ્પજન્ય કામ છોડીને, ઉદ્યોગ કરે છે અને જ્ઞાન દ્વારા કર્મને બાળી મૂકે છે અર્થાત્ નહીંવત્ કરે છે. જ્ઞાન દ્વારા કર્મને બાળવાનો અર્થ એ કે બહારથી જે કર્મ થાય છે, તે કર્મને જ્ઞાન દ્વારા નિરુપદ્રવી બનાવવાં.

પછી ૨૦મા શ્લોકમાં ભગવાન કહે છે કે જ્ઞાની નિત્યતૃપ્ત, નિરાધાર હોય છે અને ફળવાસના રાખતો નથી. એ કર્મમાં ડૂબી જાય, તન્મય થઈ જાય, દિવસ રાત બસ એમાં જ મગ્ન રહે તેમ છતાં એવો અનુભવ કરે કે તે જાણે કશું જ કરતો નથી. સામાન્ય રીતે કર્મારંભ કરવા માટે કર્તૃત્વની આકાંક્ષા, એને કરવા માટે સાધનોનો આધાર અને તેને પૂર્ણ કરવા માટે ફળની ઇચ્છા અપેક્ષિત હોય છે. પરંતુ ભગવાને અહીં 'નિત્યતૃપ્ત', 'નિરાધાર' અને 'ફળવાસનાનો અભાવ' – આ ત્રણેય વિશેષણો દ્વારા ક્રમશઃ આ ત્રણેયનો અભાવ વર્ણવ્યો છે. તો પછી 'કર્મમાં નિમગ્ન થયો' તે કેવી રીતે શક્ય છે ? તો, આગળના ત્રણ શ્લોકોમાં બતાવ્યું છે – નિત્યતૃપ્તનું કર્મ – 'યજ્ઞાર્થ.' નિરાધારનું કર્મ – 'કેવળ શરીર દ્વારા'. ફળવાસનાના અભાવમાં – 'જે મળે તેનાથી સંતુષ્ટ.'

અહીં ભગવાન કહે છે કે જ્ઞાનીપુરુષનો ફળત્યાગ એ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે નથી હોતો. તે તો આત્મજ્ઞાન મેળવી ચૂકેલો હોય છે. સાધક ચિત્તશુદ્ધિ માટે ફળત્યાગ કરશે, જ્યારે સિદ્ધનો ફળત્યાગ હોય છે, પરિતૃપ્તિને લીધે. જ્ઞાનદેવ કહે છે કે ઝાડને ફળ લાગે છે પણ ફળને કયાં ફળ લાગે છે ?

પછી ૨૧મા શ્લોકમાં ભગવાન કહે છે જે સિદ્ધ પુરુષ છે તે બધા પરિગ્રહો છોડી દે છે. त्यक्तः – सर्वपरिग्रहः । એ સાધનાની દૃષ્ટિએ જેની જરૂરિયાત નથી, એવો નિરર્થક સંગ્રહ નહીં કરે. સાધના માટે જેટલો સંગ્રહ જરૂરી છે, એટલો એ કરશે. એણે પરિગ્રહ તો છોડ્યો જ, એની ઇચ્છા પણ છોડી દીધી – निराशीः । અને તે કેવળ શરીરથી કામ કરે છે – शारीरं केवलं कर्म । તે કર્મના નિમિત્તે પણ સંઘરો કરતો નથી, કે નથી તો તેનો વ્યાપ વધારતો. એ તો બસ સહજભાવે પોતાના શરીરથી જેટલું થઈ શકે, એટલું કરીને તેનાથી અલગ થઈ જાય છે.

જ્ઞાની કર્મના આયોજનમાં પડતો નથી. જ્ઞાનીથી સંગઠન પણ બની શકતું નથી. જ્ઞાની જેમ જેમ આત્મજ્ઞાનની દિશામાં આગળ વધતો જાય છે, તેમ તેમ તેની સંગઠનની વૃત્તિ ઓછી થવા લાગે છે. ગીતા રાજસ્ કર્મને बहुलायासम् કહે છે. એટલે કે એ પ્રકારનાં કર્મોમાં ઘણી દોડધામ કરવી પડે છે. જ્યારે સાત્ત્વિક કર્મમાં કોઈ કૃત્રિમ સંગઠનની જરૂર રહેતી નથી. જ્ઞાની મંત્ર આપે છે, તંત્રે સ્વયં મંત્રની પાછળ પાછળ આવી જવું જોઈએ. તંત્રનો ફેલાવો કરવાનું કામ તત્ત્વદર્શીનું નથી.

ભગવાન ૨૨મા શ્લોકમાં કહે છે કે જ્ઞાની નિર્મત્સર (અહંકાર વિહીન – ઘમંડરહિત) હોય છે. તે સિદ્ધિ–અસિદ્ધિની પરવા કરતો નથી, અત્યંત નિર્વિકાર રહે છે. यदृच्छालाभसंतुष्टः હોવાથી તે પોતાની કોઈની પણ સાથે સરખામણી કરતો નથી. એના માટે તો તુલના કરવા માટે સામે કોઈ રહેતું જ નથી. યદ્રુચ્છાથી, સહજરૂપે જે સામે મળ્યું તેનાથી સંતોષ માનવો. આમાં પરિગ્રહમુક્ત શરીરશ્રમનો સહજ જ સમાવેશ થઈ જાય છે.

એ દ્વંદ્વ–મત્સર જાણતો નથી. દ્વંદ્વ એટલે કે શીત–ઉષ્ણ, રાગ–દ્વેષ વગેરે દ્વંદ્વની પરવા ન કરવી. મત્સરનો સામાન્ય અર્થ ઈર્ષ્યા તો છે જ. પણ એનો વિશેષ અર્થ છે, 'સ્પર્ધારહિત જીવન.' પોતાની આજીવિકા માટે બીજા લોકો સાથેની સ્પર્ધા, અહીં આ વિશેષ અર્થ પણ અપેક્ષિત છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શ્લોક ૨૩માં ભગવાન કહે છે કે જ્ઞાની જે કર્મ કરે છે, તે યજ્ઞ માટે, સમાજસેવા માટે કરે છે - याज्ञायाचरतः कर्म । પરંતુ જ્ઞાની તો એની દૃષ્ટિથી કેવળ જ્ઞાનનું જ આચરણ કરે છે. એ જે કરે છે એમાં કેવળ જ્ઞાનનો જ પ્રકાશ રહે છે - ज्ञानावस्थित - चेतसः। જેની વૃત્તિ જ્ઞાનમાં સ્થિર થઈ ગઈ છે, તેના પ્રત્યેક કર્મમાંથી, જ્ઞાન જ નીકળશે. આનો અર્થ એ થયો કે એનું કર્મ, એ કર્મરૂપ ન રહેતાં જ્ઞાનમાં વિલીન થઈ જશે. માનો કે કોઈ મનુષ્ય પુસ્તક કંપોઝ કરે છે તો એની દૃષ્ટિ કેવળ અક્ષરો પર જ રહે છે. એનું ધ્યાન એના અર્થ પર હોતું નથી. એ કર્મના શરીરને જુએ છે. જ્યારે જ્ઞાની કર્મના આત્માને જુએ છે. તે દરેક કર્મને જ્ઞાનની દૃષ્ટિથી જુએ છે. એના માટે જ્ઞાન અને ભાવ પ્રધાન છે, આકારનું મહત્ત્વ નથી.

શ્લોક ૨૪માં ભગવાન કહે છે કે, જ્ઞાની આખી કર્મની પ્રક્રિયાને બ્રહ્મદૃષ્ટિથી જુએ છે. ब्रह्मार्पणं ब्रह्म हविर् ब्रह्मामाग्नौ ब्रह्मणा हुतम् । એના માટે બ્રહ્મ અને કર્મ એકરૂપ થઈ જાય છે. તે જાતે બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે. જ્યાં પણ બ્રહ્મધારા અને કર્મધારા એકઠી થાય છે, ત્યાં મનુષ્ય જે પણ કંઈ કૃતિ કરે છે, તે ઉપાસનારૂપ બની જાય છે. અને એના દ્વારા તે મોક્ષ પણ પામે છે. જ્ઞાની પુરુષમાં બ્રહ્મધારા અને કર્મધારા બંનેનું મિલન થાય છે અને બંને મળીને અંતે તો બ્રહ્મમાં જ જઈ પહોંચે છે. - ब्रह्मैव तेन गंतव्यम् । અહીં આખે આખું જીવન ઉપાસનામય બને છે.

ઉદાહરણરૂપે હું ખેતરમાં જે કામ કરું છું તે બધું મારા માટે બ્રહ્મમય છે. હું હાથમાં કોદાળી લઉં છું, તે બ્રહ્મ છે. હું જે જમીનની સેવા કરું છું તે બ્રહ્મ છે. એમાંથી જે અનાજ પેદા થશે, તે બ્રહ્મ છે. તે અનાજ જે સમાજને અર્પણ થશે, તે બ્રહ્મ છે અને એના પ્રસાદરૂપે આ પેટમાં જે પણ કંઈ જશે, તે પણ બ્રહ્મ છે. આમ આખ્ખેઆખું જીવન સાધનામય બનશે. આવા મનુષ્યોના જીવનમાંથી વિસંગતિ દૂર થઈ જશે.

જ્ઞાની મનુષ્યે પર્યાપ્ત માત્રામાં ચિત્તશુદ્ધિ મેળવી લીધી છે અને તે ધ્યાન-ચિંતનના માર્ગ દ્વારા આગળ વધી શકે છે. આવા માણસો પાસે બાહ્ય કર્મયોગની અપેક્ષા ન હોય તો પણ ભગવાનનું કહેવું છે કે એણે લોકસંગ્રહ માટે પણ કર્મયોગનું આચરણ કરવું જોઈએ. આમ તો લોકસંગ્રહનો સ્થૂળ અર્થ સમાજ-સંગઠન થાય છે. વાસ્તવમાં જ્ઞાની આવા પ્રકારનાં કામોમાં પડતા નથી. જે લોકોમાં અહંકારનું પ્રમાણ વધુ હોય છે, તે લોકો આવા કાર્યમાં પડે છે.

લોકસંગ્રહનું કામ પુસ્તકો લખીને કે ભાષણો આપીને કરી શકાતું નથી. પરંતુ આચરણ કરવાથી થાય છે. પુત્ર છે, તે એના પિતાના ઉપદેશોનું નહીં પણ એની કૃતિનું અનુસરણ કરે છે. નિરહંકારિતાની સાથે જેટલી સેવા થશે, એટલો લોકસંગ્રહ થશે. કોઈ પણ કર્મને અહંકાર-શૂન્યતા પ્રાપ્ત થવાથી અનંતતા પ્રાપ્ત થાય છે. અને એટલા માટે ગીતા કર્મની વિશાળતા પર જોર ન આપતાં નિરહંકારિતા પર વધુ ભાર મૂકે છે. કર્મનું મૂલ્ય કર્મના આકાર પર નહીં, પણ પ્રકાર પર નિર્ભર હોય છે. ઈસા મસીહની મિનિસ્ટ્રી (સેવા કાર્ય) કેવળ બે-ત્રણ વર્ષની રહી. આટલા અલ્પ સમયગાળામાં એ જે લોકસંગ્રહનું કામ કરતા ગયા, તે ઘણું મહાન છે.

દરેક સમાજ અને દરેક કાળમાં મહાપુરુષ પેદા થાય છે. એનું આચરણ એમના માટે જ નહીં, પણ આખા સમાજ માટે પ્રમાણરૂપ હોય છે. મહાપુરુષોનું આચરણ આપણને આપણા ધર્મના નિર્ણય કરવામાં મદદરૂપ થાય છે. અને આ માટે એમણે કંઈ કરવું પડતું નથી. સદ્-ચારિત્ર્ય એ તો એમનો સ્વભાવ જ હોય છે. જેવી રીતે સૂર્યની ગરમી, નદીનું વહેવું - એમના સ્વાભાવિક ધર્મ છે, એવી જ રીતે સદ્ચારિત્ર્ય એ આત્મજ્ઞાનીનો સ્વાભાવિક ધર્મ છે. અને એમનું તે સ્વાભાવિક આચરણ જ સમાજ માટે શ્રેષ્ઠ પ્રમાણ છે.

આત્મજ્ઞાની પાસે સમાજ કેવા પ્રકારનું પ્રમાણ ઇચ્છે છે ? એનો ઉત્તર આપતા ભગવાન પોતાનું ઉદાહરણ આપે છે. ભગવાન કહે છે, મારે ન તો કોઈ કર્તવ્ય છે, ન કોઈ પ્રાપ્તવ્ય. એટલે કે મારે કંઈ કરવાનું નથી, અને ન તો મારે કંઈ મેળવવાનું છે. આ બંનેમાંથી એક પણ 'તવ્ય' મારી પાછળ નથી. તેમ છતાં હું નિરંતર કર્મનું આચરણ કરું છું. હું જો કર્મ ન કરું તો સમાજની કર્મનિષ્ઠા શિથિલ થઈ જશે. અને સમાજમાં આ કર્મનિષ્ઠા નહીં રહે તો સમાજ કાં તો વિલાસી થઈ જશે કાં ગુલામ બની જશે. આ બંને વાત સમાજ માટે ઠીક નથી. કર્મનિષ્ઠા તો ટકી રહેવી જોઈએ. કર્મનિષ્ઠાનો અર્થ થાય છે, મનુષ્ય થકી શરીરશ્રમ દ્વારા ભગવાનની પૂજા. જો આ શ્રમનિષ્ઠા નહીં હોય તો ભૌતિક નુકસાન થશે. અને ઉપાસના બુદ્ધિ નહીં રહે તો પારમાર્થિક નુકસાન થશે. કર્મની પૂર્ણતા માટે આ બંનેનું હોવું આવશ્યક છે.

ગીતા જેમને આત્મદર્શન થયું છે તેવા જ્ઞાની પાસે લોકસંગ્રહાર્થે કર્મની આશા રાખે છે. લોકોની કર્મનિષ્ઠા એ નાનકડું જ્ઞાન છે અને આત્મજ્ઞાનીની કર્મનિષ્ઠા અથવા અકર્મનિષ્ઠા એ મોટું જ્ઞાન છે. જે મોટું જ્ઞાન છે તેનું કામ છે કે તે નાના જ્ઞાન પર હુમલો ન કરે. બલ્કે એનું રક્ષણ કરીને એને ધીરે ધીરે આગળ લઈ જાય. જ્ઞાનીને એ કહેવાની જરૂર નથી કે તેમણે શું કરવું, શું ન કરવું. સમાજોપયોગી જે કાંઈ છે તે બધું જ્ઞાની કરી શકે છે. તે જ્ઞાનીનું જ્ઞાન કોઈ પણ પ્રકારના કર્મથી ડરતું નથી. પરંતુ તે સ્વયં ઊઠીને વધારે ક્રિયાઓ કરતા નથી. તે કેવળ ઇંદ્રિયોની ક્રિયાઓ કરે છે. આવી ક્રિયાઓની સંખ્યા ઘણી ઓછી છે. ગીતાના પાંચમા અધ્યાયમાં ભગવાન જણાવે છે -

पश्यन् शृण्वन् स्पृशन् जिघ्रन् अश्नन् गच्छन् स्वपन् श्वसन् ।
प्रलपन विसृजन् गृहनन् उन्मिषन् निमिषन् अपि.....

આ બધી મૂળભૂત ક્રિયાઓ છે. એનું ક્ષેત્ર ઇંદ્રિયો પૂરતું સીમિત છે. આત્મજ્ઞાની મનુષ્યની 'पश्यन् शृण्वन्' જેવી ક્રિયાઓમાં કોઈ વિકાર હોતો નથી. બલ્કે એમની આવી ક્રિયાઓમાં પણ એમના આત્મજ્ઞાનનો પ્રકાશ જ પ્રગટે છે. આત્મજ્ઞાની ઇંદ્રિયોને વશ હોતો નથી. એટલે જ

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન-૨

## મૂડીવાદ અંગે ગાંધીજીના વિચારો

ગાંધીજીએ મૂડીવાદનું સમર્થન કર્યું નથી. તેઓ તેનો વિરોધ કરતા હતા. તેમનો વિચાર હતો કે મૂડીવાદ માનવજાત માટે અભિશાપ છે. મૂડીવાદ એ વાત પર નિર્ભર કરે છે કે વિદેશી બજારોમાં ક્યાં સુધી પ્રતિસ્પર્ધા ઓછી થાય. તેમનો વિચાર હતો કે ભારત જેવા વિશાળ દેશને મૂડીવાદથી કોઈ લાભ નથી થઈ શકતો. તેઓએ લખ્યું છે, ''આધુનિક અરાજકતાનું શું કારણ છે ? તે છે - શોષણ. તે શોષણ શક્તિશાળી રાષ્ટ્રો દ્વારા નિર્બળ રાષ્ટ્રોનું જ નથી, પરંતુ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રનું દાસ છે અને મારો મૌલિક વિરોધ મશીનરીની વિરુદ્ધ એ કારણે છે કે તેણે રાષ્ટ્રોને એક-બીજાના શોષણને યોગ્ય બનાવી દીધાં છે. વાસ્તવમાં સ્વયં તે લાકડા કે ધાતુની વસ્તુ હોય છે અને સારા કે ખરાબ કામને માટે તેનો પ્રયોગ કરી શકાય છે, પરંતુ આપણે જોઈએ છીએ કે તેનો દુરુપયોગ થઈ રહ્યો છે.'' ('યંગ ઇન્ડિયા' - તા. ૨૨-૧૦-૧૯૩૧)

ગાંધીજીએ નૈતિકતા અને માનવીય મૂલ્યો પર આધારિત સામાજિક-આર્થિક અને રાજકીય વ્યવસ્થાની સ્થાપના પર ભાર મૂક્યો છે. તેમના માટે નૈતિક અને ભાવનાત્મક મૂલ્ય જ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતાં હતાં અને માનવજીવનનો આધ્યાત્મિક વિકાસ જ માનવીનું લક્ષ્ય છે, એવું માનતા હતા. તેઓ મૌદ્રિક મૂલ્યોને બદલે માનવ-મૂલ્યોને વધારે મહત્ત્વ આપતા હતા. એટલે તેઓએ કહ્યું કે જે વ્યવસ્થા માનવીને નૈતિકતાનો પાઠ નથી ભણાવતી, તે ગ્રાહ્ય નથી. તેઓ એવો આર્થિક વિકાસ પણ નહોતા ઇચ્છતા, જેમાં રાષ્ટ્રીય જીવનની નૈતિક બાજુની અવહેલના કરાય. એટલે તેઓ મૂડીવાદની વિરુદ્ધમાં હતા. તેમના મતે મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આવક અને ધનના વિતરણમાં અસમાનતા ઉત્પન્ન થાય છે. એક બાજુ ધનીક વર્ગના લોકો હોય છે જે ભોગ-વિલાસની જિંદગી જીવે છે, પરંતુ બીજી તરફ ગરીબ વર્ગ જીવનની પોતાની ન્યૂનતમ જરૂરિયાતોની પૂર્તિમાં પણ અસમર્થ રહે છે.

તેમાં સમાજ સંપન્ન અને વિપન્ન બે વર્ગમાં વિભાજિત થઈ જાય છે. ધનવાન વ્યક્તિ પોતાના ધનના આધારે સમગ્ર આર્થિક શક્તિને પોતાના હાથોમાં કેન્દ્રિત કરી લે છે અને ગરીબોની સ્થિતિમાં સુધારો નથી થતો. આ રીતે ધનવાન વધારે ધનવાન અને ગરીબ વધારે ગરીબ થતા જાય છે. તેઓએ લખ્યું હતું, ''થોડાક લોકોના હાથમાં ધન અને સત્તાનું કેન્દ્રીકરણ કરવાને માટે યંત્રોના સંગઠનને હું તદ્દન ખોટું માનું છું. આજકાલ યંત્રોની મોટાભાગની યોજનાઓનો તે જ ઉદ્દેશ હોય છે. રેંટિયાનું આંદોલન યંત્રો દ્વારા થતા શોષણ અને ધન તથા સત્તાના કેન્દ્રીકરણને રોકવાને માટે કરાતો સંગઠિત પ્રયત્ન છે. એટલે મારી યોજનામાં યંત્રોના અધિકારી પોતાના લાભ કે પોતાના દેશના લાભની વાત નહીં વિચારે, પરંતુ સમસ્ત માનવ-જાતના લાભની વાત વિચારશે.'' ('યંગ ઇન્ડિયા' - તા. ૧૭-૧-૧૯૨૫)

ગાંધીજીના મતે મૂડીવાદી અર્થવ્યવસ્થા અસમાનતાને જન્મ આપે છે. આર્થિક અસમાનતાથી સામાજિક અને રાજકીય અસમાનતા ઉત્પન્ન થાય છે. સામાજિક અસમાનતા વર્ગ-સંઘર્ષને જન્મ આપે છે અને ધનવાન વર્ગ ગરીબોનું શોષણ કરે છે. મૂડીવાદી વ્યવસ્થામાં સાધનોનો બગાડ થવાના કારણે તે વ્યવસ્થા રોજગારની પૂરતી તકો પણ આપતી નથી. તેનાથી વ્યવસ્થામાં બેકારી ફેલાય છે. બેકારીના કારણે સમાજમાં આર્થિક અને રાજકીય દૂષણો ઉત્પન્ન થાય છે. શ્રીમતી રૉબિન્સને પણ લખ્યું છે-

''આધુનિક અર્થવ્યવસ્થા એ બધાને માટે નિરંતર રોજગાર પ્રદાન કરવામાં નિષ્ફળ છે જે રોજગાર ઇચ્છે છે.''

એટલે ગાંધીજીએ કુટીર ઉદ્યોગ પર ખૂબ જ ભાર મૂક્યો છે. તેઓએ કહેલું - ''યંત્રોથી કામ લેવાનું એ સ્થિતિમાં યોગ્ય હોય છે જ્યારે કોઈ નિર્ધારિત કામને પૂર્ણ કરવા માટે માનવી ખૂબ જ ઓછા હોય. પરંતુ આ બધું તો ભારતમાં નથી. અહીં કામને માટે જેટલા માનવીઓ જોઈએ તેનાથી કેટલાય વધારે બેકાર છે. તેથી ઉદ્યોગોના યંત્રીકરણથી દેશની બેકારી જ વધશે. મિલોના વધુ ને વધુ ધોરણ પર કામમાં આવવાના કારણે હજારો મજૂર બેકાર થઈ જાય છે. આથી જ તેઓએ ખાદી ઉપર ભાર મૂક્યો અને કહ્યું કે જે ગ્રામવાસી પોતાની જરૂરિયાત પૂરતી ખાદી ખુદ બનાવી લે છે તેને તે મોંઘી નથી પડતી. પરંતુ મિલોનું બનેલ કાપડ જો ગ્રામજનોને બેકાર બનાવી રહ્યું હોય તો, ચોખા છડવા અને અનાજ દળવાની મિલો હજારો સ્ત્રીઓની ન માત્ર રોજગારી છીનવી રહી છે, બલકે બદલામાં તમામ પ્રજાના આરોગ્યને નુકસાન પહોંચાડી રહી છે.'' ('હરિજન સેવક' - તા. ૨૩-૧૧-૧૯૩૪)

ગ્રામોદ્યોગોની યોજનાની પાછળ તેઓની કલ્પના એ હતી કે આપણે આપણી રોજિંદી જરૂરિયાત ગામડામાં બનેલી ચીજ-વસ્તુઓથી જ પૂર્ણ કરવી જોઈએ અને જ્યાં આપણને જાણ થાય છે કે અમુક ચીજવસ્તુ ગામડામાં મળતી જ નથી, ત્યાં આપણે એ જોવું જોઈએ કે એ ચીજોને થોડા પરિશ્રમ અને સંગઠનથી બનાવી ગામડાંવાળા કંઈક નફો મેળવી શકે છે કે નહીં. ગામડાનું ઉત્થાન એ જ તેમનું લક્ષ્ય હતું. તેઓએ કહેલું પણ ખરું, ''જો ગામડાનો વિનાશ થશે તો ભારતનો પણ વિનાશ થઈ જશે. એ સ્થિતિમાં ભારત, ભારત નહીં રહે. દુનિયાને તેણે જે સંદેશ આપવાનો છે તે સંદેશને એ ખોઈ બેસશે. મારા મતે ખાદી હિંદુસ્તાનની સમસ્ત જનતાની એકતાનું, તેની આર્થિક સ્વતંત્રતા અને સમાનતાનું પ્રતીક છે. એટલા માટે અત્યાર સુધી જે સિદ્ધાંત બન્યો છે તે એ છે કે દરેક ગામે પોતાની જરૂરિયાત પૂરતી બધી ચીજવસ્તુઓ જાતે ઉત્પન્ન કરી લેવી જોઈએ. શહેરોની જરૂરિયાત પૂર્ણ કરવા માટે થોડું વધારે ઉત્પાદન કરવું જોઈએ. અલબત્ત મોટા-મોટા ઉદ્યોગ ધંધાને તો એક જગ્યાએ કેન્દ્રિત કરી રાષ્ટ્રને તાબે રાખવા જોઈએ.''



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હાથે દળવું, હાથે ખાંડવું, હાથે છડવું, સાબુ બનાવવો, કાગળ બનાવવો, ચામડું કેળવવું, તેલ પીલવું અને આ પ્રકારના સામાજિક જીવનને માટે જરૂરી અને મહત્ત્વના અન્ય ધંધા વિના ગામડાની આર્થિક રચના સંપૂર્ણ ન થઈ શકે પરંતુ તેનાથી ગામડાનો વિકાસ શક્ય છે. એટલે તેમણે હાથથી કાંતવાના ઉદ્યોગ પર વિશેષ ભાર મૂક્યો અને ચરખાની જરૂરિયાતને સમજી. તેમને દઢ વિશ્વાસ હતો કે હાથ-કાંતણ અને હાથ-વણાટના પુનર્જીવનથી ભારતના આર્થિક અને નૈતિક પુનરોદ્ધારમાં સૌથી મોટી મદદ મળશે. કરોડો માનવીઓને ખેતીની આવકમાં વૃદ્ધિને માટે કોઈ સાદો ઉદ્યોગ હોવો જોઈએ અને તેમના મતે તેવો ઉદ્યોગ ચરખો છે.

ચરખો કોઈ જ પ્રકારના ખર્ચ વિના, કોઈ જાતના દેખાડા વિના ખૂબ જ સરળ અને સ્વાભાવિક રીતે ગરીબીની સમસ્યાને હલ કરી શકે છે. ચરખાના મહત્ત્વની પ્રશંસા કરતા તેઓએ લખ્યું હતું કે ચરખો વ્યાપારિક યુદ્ધની નહીં, બલકે વ્યાપારિક શાંતિની નિશાની છે. તેનો સંદેશ વિશ્વના દેશોને માટે દુર્ભાવનો નહીં, બલકે સદ્‌ભાવ અને સ્વાવલંબનનો છે. ચરખાનો દરેક તાર શાંતિ, સદ્‌ભાવના અને પ્રેમની ભાવનાથી ભરેલો છે. ચરખાને ભૂલી જવાથી હિંદુસ્તાન ગુલામ બન્યું છે. એટલે ચરખાના પુનરોદ્ધારનો અર્થ હશે - હિંદુસ્તાનની સ્વતંત્રતા.

ગાંધીજી ખેડૂતોને એટલું મહત્ત્વ આપતા હતા કે તેઓએ કહ્યું હતું કે ખેડૂતોનું સ્થાન પહેલું છે, ભલે તે ભૂમિહીન ખેડૂત હોય કે મજૂર હોય કે મહેનત કરવાવાળા જમીન-માલિક હોય. તેઓના પરિશ્રમથી જ પૃથ્વી ફળદાયી અને સમૃદ્ધ થઈ છે અને જમીન તેઓની જ હોવી જોઈએ. તેઓએ એવી રીતે કામ કરવું જોઈએ કે જમીનદારને માટે તેમનું શોષણ કરવાનું અશક્ય બની જાય. એટલા માટે સ્વરાજ્ય પ્રજાના પ્રયાસોના ફળસ્વરૂપે આવે છે તો ખેડૂતોને તેમની યોગ્ય સ્થિતિ મળવી જોઈએ અને દેશમાં તેમનો અવાજ સૌથી ઉપર હોવો જોઈએ, પરંતુ જો આવું ન થાય અને મર્યાદિત મતાધિકારના આધારે સરકાર અને પ્રજાની વચ્ચે કોઈ વ્યાવહારિક સમાધાન થઈ જાય તો પણ ખેડૂતોનાં હિતોને ધ્યાનથી જોતાં રહેવાં પડશે. ખેડૂતોના પુનરોત્થાનથી જ દેશની પ્રગતિ શક્ય છે.

## મજૂરોની સ્થિતિ અંગે ગાંધીજીના વિચારો

ગાંધીજી એમ માનતા હતા કે મૂડી ને શ્રમમાં ઘનિષ્ઠ સંબંધ છે અને તે એક-બીજાના પૂરક છે. તેઓ એ વાત સાથે સહમત નહોતા કે મૂડી અને શ્રમ એક-બીજાના વિરોધી છે અને તેમાં ક્યારેય પણ મેળ નથી થઈ શકતો. તેઓ કહેતા હતા કે સાચું અર્થશાસ્ત્ર મિલ-માલિક અને મજૂરોની એક અવિભાજ્ય સાવયવનું અંગ માને છે. બંનેનાં હિત એક-બીજા પર આશ્રિત છે. એટલે જ્યાં મિલ-માલિકોનું એ પરમ કર્તવ્ય છે કે મજૂરોને પૂરતું વેતન અને અન્ય આવશ્યક સુવિધાઓ પ્રદાન કરે, ત્યાં મજૂરોનું પણ એ કર્તવ્ય છે કે માલિકોના કામમાં લાપરવાહી ન બતાવે અને વધુ ને વધુ સારું કામ કરે. જ્યારે બંને દેશના હિતમાં કામ કરશે ત્યારે ઉત્પાદનમાં નિશ્ચિતરૂપે વધારો થશે. જો મૂડીપતિ મજૂરોની ઉચિત માગણીઓ ન માને તો તેઓ મજૂરોને પોતાનું સંગઠન બનાવવા અને તેના દ્વારા અહિંસાત્મક રીતે પોતાની માંગણી મનાવવાની આજ્ઞા આપતા હતા, પરંતુ તેઓ મશીનોની તોડ-ફોડના સમર્થક નહોતા તથા તેઓ મજૂરોને હડતાલ પાડવાનો અધિકાર પણ આપતા હતા, જો મૂડીપતિ શાંતિપૂર્ણ ઉપાયોથી તેમની માગણીઓને ન માને. મજૂરોના સંગઠનને માટે નીચેની શરતો તેમણે નિર્ધારિત કરી હતી -

૧. મજૂરોએ પોતાનું સંગઠન સત્ય અને અહિંસાના આધારે કરવું જોઈએ.

૨. મજૂરોએ જ્યાં પોતાના અધિકારોની માગણી કરવી જોઈએ ને તે મેળવવા માટે સંઘર્ષ કરવો જોઈએ, ત્યાં તેમણે પોતાના કર્તવ્યનું પણ અવશ્ય પાલન કરવું જોઈએ.

૩. પ્રત્યેક મજૂરે પોતાનું આચરણ શુદ્ધ રાખવું જોઈએ અને દારૂ, જુગાર જેવાં અનિષ્ટોથી દૂર રહેવું જોઈએ.

૪. પ્રત્યેક મજૂરે પોતાને ખુદને અન્ય મજૂરોના ભલા માટે એક ટ્રસ્ટી સમજવા જોઈએ અને તેણે પોતાના સ્વાર્થને તિલાંજલિ આપવી જોઈએ.

૫. મજૂર સંગઠને ન્યાયની ભાવનાથી પ્રેરિત થવું જોઈએ, લોકપ્રિયતાની ભાવનાથી નહીં.

૬. શ્રમ સંગઠનોનો ઉદ્દેશ માત્ર પોતાના જ અધિકારોની પ્રાપ્તિ નહીં, બલકે પોતાનો આંતરિક સુધારો પણ હોવો જોઈએ.

ગાંધીજીએ કહ્યું છે, મજૂરોને મૂડીપતિઓ પાસે પોતાની યોગ્ય માગણીઓ મનાવવા અને હડતાલ પાડવાનો તો અધિકાર છે, પરંતુ તે હડતાલ કોઈ યોગ્ય ઉદ્દેશને માટે હોવી જોઈએ અને અહિંસાત્મક રીતે ચલાવવી જોઈએ. તેનો ઉદ્દેશ વર્ગસંઘર્ષને ઊભો કરવાનો ન હોવો જોઈએ, અને ન તો તેનો પ્રયોગ રાજકીય ઉદ્દેશોની પ્રાપ્તિને માટે કરવો જોઈએ. જો મજૂર અને મૂડીપતિ પોતાના ઝઘડાને ઉકેલવા માટે પંચ નિર્ણય પર સહમત થઈ જાય, તો હડતાલ ન કરવી જોઈએ.

ગાંધીજીના વિચારોને કાર્ય-અમલી રૂપ આપવા માટે એક વિશિષ્ટ પ્રકારના વાતાવરણ અને મનોદશાની ઉપસ્થિતિ જરૂરી છે. તેમના આર્થિક વિચાર ઉચ્ચ માનવીય ગુણો અને આધ્યાત્મિક મૂલ્યો પર આધારિત છે. ગાંધીજી આર્થિક વિકાસને માટે નૈતિક મૂલ્યોનો પરિત્યાગ કરવા નહોતા ઇચ્છતા. એટલે તેઓએ સામાજિક વ્યવસ્થાનું અધ્યયન માનવ-મૂલ્યો પર કર્યું અને સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને બંધુત્વના ઉચ્ચ આદર્શો પર જ પોતાના સ્વરાજ્યની કલ્પના કરી છે.

## શ્રી અરવિંદના વિચારો

શ્રીઅરવિંદે પણ મૂડીવાદી વ્યવસ્થાનો વિરોધ કર્યો છે. તેમના મતાનુસાર ભારત જેવા વિકાસશીલ દેશમાં મૂડીવાદી વ્યવસ્થા ઉચિત નથી, કેમ કે આ વ્યવસ્થા ગળાકાપ સ્પર્ધાને જન્માવે છે. આ સ્પર્ધામાં વિજય મેળવવા માટે ઉત્પાદક રોજ નવી-નવી વસ્તુનું ઉત્પાદન કરે છે. અને પરિણામે બજારસ્પર્ધાનો જન્મ થાય છે. ઉત્પાદન વ્યક્તિગત નફાના દષ્ટિકોણથી કરાય છે, પરિણામે ઉત્પાદન અકુશળ થાય છે. ક્યારેક અત્યાધિક સ્પર્ધાથી અતિ ઉત્પાદનની સ્થિતિ આવી જાય છે અને જો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વસ્તુઓ બજારમાં વેચાઈ ન શકી તો તે અતિ ઉત્પાદન અર્થવ્યવસ્થામાં મંદી અને રોજગારીનું સર્જન કરે છે. તેનાથી અકુશળ ઉત્પાદનની સ્થિતિ પેદા થઈ જાય છે.

ગાંધીજીની માફક શ્રીઅરવિંદ પણ એમ માનતા હતા કે મૂડીવાદી વ્યવસ્થા કેન્દ્રીકરણની પ્રવૃત્તિને જન્મ આપે છે. ધનનો સ્રોત અમુક જ વ્યક્તિઓના હાથમાં સમેટાઈ જાય છે અને એમના ધન અને આવકમાં નિરંતર વધારો થતો જ જાય છે, પરંતુ બીજી તરફ મજૂર વર્ગના લોકો સંઘર્ષરત જ રહી જાય છે અને તેમની આવકમાં વધારાનો કોઈ ઉપાય નથી હોતો. ધન અને આવકની આર્થિક અસમાનતા વ્યવસ્થામાં કેટલાય અવગુણો પેદા કરી દે છે. આર્થિક અસમાનતા રાજકીય સત્તાને પણ અમુક વ્યક્તિઓના હાથોમાં કેન્દ્રિત કરી દે છે અને એ મનફાવે એ રીતે પોતાની શક્તિનો પ્રયોગ કરી નિર્ધનો પર અત્યાચાર શરૂ કરી દે છે. એટલે તેઓએ લખ્યું છે – ''વ્યાપારના ક્ષેત્રમાં જ્યાં સુધી આપણે યૂરોપીય વિચાર તથા પ્રતિમાનને સ્વીકારતા રહીશું, ત્યાં સુધી વ્યક્તિગત પ્રતિયોગી સ્વાર્થની ભાવના, સંયુક્ત કંપનીઓમાં રાખેલ સ્વાર્થ, સિંડીકેટ તથા અન્ય મૂડીવાદી અવગુણો બન્યા રહેશે અને તેથી આપણે એક સ્વસ્થ ઔદ્યોગિક જીવનના નિર્માણમાં સફળ નથી થઈ શકતા.''

શ્રીઅરવિંદે મૂડીવાદની ટીકા એટલા માટે પણ કરી છે કે આ વ્યવસ્થા વર્ગ-સંઘર્ષને જન્મ આપે છે. મૂડીપતિ મજૂરોના શોષણના આધારે વધુ ને વધુ ધનવાન થતા જાય છે અને અમીર તથા ગરીબની વચ્ચેની ખાઈ વધતી જાય છે. તેનાથી મૂડીપતિઓ અને મજૂરો વચ્ચે તનાવ અને સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન થાય છે અને હડતાલ તેમ જ તાળાબંધી થતી રહે છે. વાસ્તવમાં સમાજ સંપન્ન અને વિપન્ન બે વર્ગોમાં વિભાજિત થઈ જાય છે અને બંને વર્ગોની વચ્ચે પરસ્પર સંઘર્ષનો જન્મ થાય છે.

મૂડીવાદી વ્યવસ્થા એકાધિકારના અવગુણોને જન્મ આપે છે. શ્રીઅરવિંદનું માનવું છે કે પોતાના નફાને વધારવા માટે ઉત્પાદકો વચ્ચે તીવ્ર હરીફાઈ જોવા મળે છે. એકાધિકાર ઉત્પાદનમાં ઘટાડો કરી કિંમતમાં વધારો કરે છે, જેથી તેમનો નફો મહત્તમ થઈ શકે. તેનાથી વસ્તુઓમાં પૂર્ણ સ્પર્ધા નથી થઈ શકતી અને કોઈ એક પર આધિપત્ય થઈ જાય છે. તેનાથી આવક અને ધનના વિતરણની અસમાનતામાં વધારો થાય છે અને ઉપભોક્તાઓનું શોષણ થાય છે.

શ્રીઅરવિંદે મૂડીવાદીઓને જ બેકારી સર્જવાના દોષી ગણાવ્યા છે. આ વ્યવસ્થામાં સાધનોનો દુરુપયોગ થાય છે અને બધાને રોજગારીની તક નથી મળતી. પરિણામે બેકારીની સમસ્યા પેદા થાય છે. બેકારીને લીધે સમાજમાં અનેક અવગુણો પેદા થાય છે.

આ રીતે શ્રીઅરવિંદે પણ એ જ આધારો પર મૂડીવાદની ટીકા કરી છે, જે આધારો પર ગાંધીજી તેના વિરોધી હતા. આ વ્યવસ્થામાં ઉત્પાદનમાં વધારાનો લાભ બહુ ઓછા લોકોને મળી શકે છે અને મોટાભાગના લોકો ગરીબાઈમાં જીવન જીવવા મજબૂર થાય છે. એટલે શ્રીઅરવિંદનો મત હતો કે પ્રથમ વિશ્વયુદ્ધ પછી મૂડીવાદનું પતન થઈ જશે. તેમનું કહેવાનું હતું કે મૂડીવાદે પોતાની નૈતિક શક્તિ ગુમાવી દીધી છે. તેનું નૈતિક રૂપે પતન થઈ ગયું છે, કેમ કે તેણે મજૂરોનું શોષણ કર્યું છે. આ ઉપરાંત તે એ ભૌતિક સમસ્યાઓને ઉકેલવામાં પણ નિષ્ફળ રહ્યો છે જેનો ઉકેલ જરૂરી હતો. શ્રીઅરવિંદ રશિયામાં બોલ્શેવિકો દ્વારા કરવામાં આવેલી ક્રાંતિ પ્રત્યે ખૂબ આશાવાદી હતા. પરંતુ, તેમ છતાં તેઓએ હિંસા અને તોડફોડની દ્વારા લવાયેલા સમાજવાદનો વિરોધ કર્યો. તેઓ બધા લોકોને એક સુખદ અને સંપન્ન જીવન પ્રદાન કરવાની વિચારધારાના પ્રવર્તક હતા. એટલે તેઓએ પોતાનું એક અલગ રાજકીય દર્શન રજૂ કર્યું. જે વ્યક્તિવાદ, સમૂહવાદ અને અરાજકતાવાદના આધ્યાત્મિક આધાર પર આધારિત છે અને તે માનવીના નૈતિક અને આધ્યાત્મિક પુનઃનિર્માણના પ્રબળ સમર્થક છે.

આજના જટિલ યુગમાં ગાંધીજી અને શ્રીઅરવિંદના વિચારોની ખૂબ જ જરૂર છે. ભારત જેવા વિકાસશીલ દેશની સામાજિક અને આર્થિક સમસ્યાઓના નિવારણ માટે તેમના વિચારોનું વિશેષ મહત્ત્વ છે. વધારે વસ્તીવાળા દેશમાં યંત્રોના ઉપયોગને વધારવાનો સીધો અર્થ વ્યાપક બેકારી અને અર્ધ-બેકારીને નિમંત્રણ આપવું છે. આ કારણે ગાંધીજીને કુટીર ઉદ્યોગની સ્થાપનાની તરફેણ કરી હતી. ભારત જેવા વિશાળ દેશને માટે મોટા પાયાના ઉત્પાદન અને યંત્રોના ઉપયોગનો આ બંને વિચારકોએ વિરોધ કર્યો હતો જે સંપૂર્ણપણે યોગ્ય છે. આ મહાન વિચારકોના વિચારો અને શિક્ષણને ભૂલવાના કારણે જ આજે આટલાં વર્ષોના નિયોજિત આર્થિક વિકાસ છતાં દેશમાં બેકારી, આર્થિક-વિષમતા, જનાધિક્ય, વ્યાપક અજ્ઞાનતા અને અને ઊંચ-નીચની ભાવના, શ્રમ પ્રત્યે સમ્માનનો અભાવ, આર્થિક અને રાજકીય શક્તિનું કેન્દ્રીકરણ વગેરે સમસ્યાઓ ઉપસ્થિત છે અને આપણે એક સારા સમાજની સ્થાપનામાં સફળ નથી થઈ શક્યા.

## સમાજના સંબંધમાં વિચાર

સમાજવાદની એક સર્વમાન્ય પરિભાષા આપવી કઠીન છે, કેમ કે આ સંબંધમાં બધા વિચારકો એકમત નથી. લેડલરે પોતાના પુસ્તક "A History of Social Thought" માં લખ્યું છે કે જો આજે એક સામાન્ય વિદ્યાર્થીને પૂછવામાં આવે કે, સમાજવાદ એટલે શું ? તો શક્ય છે કે તે ઉદાસીનતા સાથે એવો જવાબ આપશે કે સમાજવાદના ઓછામાં ઓછા ૫૭ પ્રકાર છે. તેમણે કેટલાય વિચારકોનાં પુસ્તકોનાં પાનાં ઉથલાવ્યાં છે, જે સમાજવાદી દર્શનની વિવિધ બાજુઓનું પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ તેઓ એ નથી જણાવી શકતા કે કઈ વિચારધારાઓ છળ-કપટ છે, કઈ મરી ચૂકી છે, કઈ નેતૃત્વને માટે સંઘર્ષરત છે કે વિવિધ વિચારધારાઓમાં શું અંતર છે અને જો તેમાં કોઈ સમાનતા છે તો શું સમાનતા છે. એટલે એમ કહેવાય છે કે સમાજવાદ એક એવી ટોપી છે, જેનો ચહેરો બધા દ્વારા પહેરવાના કારણે બગડી ગયો છે.

રાજકીય દૃષ્ટિએ સમાજવાદ એક ક્રાંતિ અને વર્ગ-સંઘર્ષનો સિદ્ધાંત છે, જેના દ્વારા રાજ્યસત્તા પર શ્રમિક વર્ગનું વર્ચસ્વ સ્થાપિત કરાય છે અને મૂડીવાદ શોષક તત્ત્વોને રાજ્યની સત્તા દ્વારા પૂર્ણ કરાય છે. વાસ્તવમાં, સમાજવાદ પોતાનામાં એક વિચારધારા જ નહીં, એક આંદોલન



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પણ છે. સમાજવાદ એક એવી વ્યવસ્થાનું નિર્માણ કરે છે, જેમાં એક વર્ગવિહીન, રાજ્યવિહીન, ધર્મવિહીન અને શોષણ રહિત સમુદાયની સ્થાપના કરી શકાય અને, જેમાં પ્રત્યેક વ્યક્તિ આર્થિક, સામાજિક, બૌદ્ધિક બધી દૃષ્ટિઓથી સુખી અને સંપન્ન થઈ શકે. વાસ્તવમાં, સમાજવાદ વ્યક્તિની સૌથી વધારે સ્વતંત્રતાનો સિદ્ધાંત રજૂ કરે છે. એ એક એવી સામાજિક વ્યવસ્થાનો આદર્શ રજૂ કરે છે, જેમાં વ્યક્તિ ભૌતિક ચિંતાઓથી મુક્ત થઈ પોતાની ઇચ્છાનુસાર પોતાનું જીવન જીવી શકે અને સ્વતંત્રતા-પૂર્વક પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે. પ્રો. ડિકિન્સન કહે છે કે સમાજવાદ સમાજનું એવું આર્થિક સંગઠન છે, જેમાં ઉત્પત્તિનાં ભૌતિક સાધનો પર પૂર્ણ સમુદાયનું સ્વામિત્વ હોય છે. અને તેનું સંચાલન એવા અવયવો દ્વારા કરાય છે જે સમુદાયના પ્રતિનિધિ હોય છે અને સમુદાય પ્રત્યે જવાબદાર હોય છે. એક સામાન્ય યોજના અનુસાર સાધનોનું સંચાલન કરાય છે અને સમાજના બધા સભ્ય સમાનતાના અધિકારથી ઉત્પાદનનો લાભ મેળવે છે.

સમાજવાદી વ્યવસ્થાની સૌથી મોટી વિશેષતા છે કે તેમાં ઉત્પત્તિનાં સાધનો પર વ્યક્તિગત સ્વામિત્વ ન હોતા સામૂહિક સ્વામિત્વ હોય છે. તેમાં ખાનગી સંપત્તિ કોઈની નથી હોતી અને સૌના હિતનું ધ્યાન રાખી કાર્ય કરાય છે. આર્થિક નિયોજન પણ આ વ્યવસ્થાની એક મુખ્ય વિશેષતા છે. આર્થિક નિયોજનના આધાર પર એ નિર્ણય કરાય છે કે કઈ વસ્તુઓનું ક્યાં અને કેટલું ઉત્પાદન કરાય અને પછી તેને કેમ આવંટિત કરાય. સામાજિક લાભ અને સામાજિક કલ્યાણની પ્રાપ્તિ કઈ રીતે વધુ ને વધુ થાય. સમાજવાદી વ્યવસ્થા આ જ પ્રયાસમાં રહે છે.

સમાજવાદી વ્યવસ્થામાં આર્થિક સમાનતા જોવા મળે છે. પ્રત્યેક વ્યક્તિ પાસેથી તેની શક્તિ અનુસાર કામ લેવું અને પ્રત્યેક વ્યક્તિને તેની જરૂરિયાત અનુસાર આપવું જ સમાજવાદી વ્યવસ્થાનો મુખ્ય સિદ્ધાંત હોય છે. સમાજમાં આવક અને ધનનું સરખું વિતરણ કરાય છે, પરિણામે સમાજમાં શોષણનો અંત આવે છે અને વર્ગસંઘર્ષ સર્જાતો નથી.

## સમાજવાદ અંગે ગાંધીજીના વિચારો

ગાંધીજીએ લખ્યું છે કે સમાજવાદ એક સુંદર શબ્દ છે. સમાજવાદ એક એવી વ્યવસ્થા છે, જેમાં બધા સભ્ય સરખા હોય છે. વર્તમાન સમાજવાદી વ્યવસ્થા પ્રત્યે ગાંધીજીને સંતોષ નહોતો. તેઓએ વર્તમાન સમાજવાદમાં ફેલાયેલા દોષો પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો. સમાજવાદી વ્યવસ્થામાં રાજ્યને બધી શક્તિ આપી દેવાય છે અને રાજ્ય સર્વેસર્વા થઈ જાય છે. ગાંધીજીએ તેનો વિચાર કર્યો છે. તેઓ રાજ્યને બધી શક્તિ આપવા નથી ઇચ્છતા. તેમનો મત છે કે રાજ્ય પોતાની પાસે બધી શક્તિ સીમિત કરી લે છે ત્યારે તેનાથી વ્યક્તિગત સ્વતંત્રતાનો હ્રાસ થાય છે. લોકોને પોતાની વ્યવસ્થા પસંદ કરવાની સ્વતંત્રતા નથી રહેતી અને તેના વ્યવસાય અને કામ કરવાના સ્થળનો નિર્ણય સરકાર લઈ લે છે, જેનો તેમણે સ્વીકાર કરવો પડે છે. તેનાથી પસંદગીની સ્વતંત્રતાનો હ્રાસ થાય છે અને વ્યક્તિગત સ્વતંત્રતા પણ સીમિત થઈ જાય છે. રાજ્ય પર કામનો બોજ વધી જાય છે, જેનાથી એ પોતાની જવાબદારી સફળતાથી વહી નથી શકતા અને તેનાથી નોકરશાહી ફરી ઊભરી આવે છે.

ગાંધીજીએ સમાજવાદીઓની હિંસક અને ક્રાંતિકારી રીતોનો પણ વિરોધ કર્યો છે. સમાજવાદ પોતાનાં લક્ષ્યોની પ્રાપ્તિને માટે ક્રાંતિકારી અને હિંસક રીતો અપનાવે છે. તેઓ શાંતિપૂર્ણ રીતોમાં વિશ્વાસ નથી કરતા. તેનાથી વર્ગ-સંઘર્ષને પણ ઉત્તેજન મળે છે, જ્યારે ગાંધીજીએ વર્ગ-સંઘર્ષનો વિરોધ કર્યો છે. હિંસાત્મક પ્રયત્નોનો પણ તેઓએ વિરોધ કર્યો છે. સત્ય અને અહિંસા તેઓના માર્ગ છે, જેનાથી પ્રાપ્ત લક્ષ્યો પર તેમને વિશ્વાસ છે. એટલે સમાજવાદ તોડ-ફોડ અને હિંસાત્મક રીતોથી આવે છે, ત્યારે ગાંધીજીએ તેનો વિરોધ કર્યો છે.

ગાંધીજી એવા સમાજવાદના સમર્થક છે, જેમાં રાજા અને પ્રજા, અમીર અને ગરીબ બધા સરખા હોય છે. આ એક પ્રકારનો અદ્વૈતવાદ છે, જેમાં કોઈ પણ પ્રકારના ભેદભાવની શક્યતા નથી રહેતી. ગાંધીજી વર્તમાન સમાજવાદનો વિરોધ કરતા હતા અને તેમને પહેલાં પ્રચલિત સમાજવાદમાં વિશ્વાસ હતો. તેઓએ લખ્યું હતું કે સાચો સમાજવાદ આપણને આપણા પૂર્વજો પાસેથી મળ્યો છે, જે આપણને એ શીખવી ગયા છે કે બધી જમીન ઈશ્વરની છે અને તેમાં ક્યાંય પણ સીમાઓ નથી. આ સીમાઓ તો માનવીએ સર્જી છે અને એટલે તેઓ જ તેને તોડી પણ શકે છે. ગાંધીજીને દૃઢ વિશ્વાસ હતો કે અહિંસા અને સત્યાગ્રહ દ્વારા આપણે એ આદર્શ સુધી પહોંચી શકીએ છીએ, જેમાં સાચો સમાજ હોય. એટલે તેઓએ રેંટિયા અને કુટિર ઉદ્યોગ પર વિશેષ ભાર મૂક્યો.

તેઓએ પોતાની સમાજવાદી વ્યવસ્થાનું ચિત્ર રજૂ કર્યું છે. તેઓએ લખ્યું છે કે પ્રતિષ્ઠિત જીવન માટે જેટલી ભૂમિની જરૂર છે, તેનાથી વધારે ભૂમિ કોઈ વ્યક્તિ પાસે ન હોવી જોઈએ. આજે આમ પ્રજાની ગરીબીનું એ જ કારણ છે કે તેમની પાસે એટલી જમીન નથી, જેટલી તેમને જરૂર છે. એ માટે અનેક સુધારાની જરૂર છે. આ સુધારા તરત નથી કરી શકાતા. અહિંસાત્મક રીતોથી તે સુધારા કરી શકાય છે.

ગાંધીજીએ સમાજવાદની ચર્ચા કરી છે, તે વર્તમાન સમાજવાદથી અલગ હટી એક મોટી શુદ્ધ વસ્તુ છે, જેને પામવા માટે સાચાં સાધન અપનાવવાં જોઈએ કેમ કે સત્યને પામવાને માટે સત્યનું જ આચરણ કરવું જરૂરી હોય છે. સત્ય અને અહિંસા જ એ સાધન છે, જેનાથી સાચો સમાજવાદ આવી શકે છે. એટલા માટે માત્ર સત્યવાદી, અહિંસક અને પવિત્ર સમાજવાદી જ દુનિયામાં સમાજવાદ ફેલાવી શકે છે. તેઓના મતે વિશ્વમાં કોઈ પણ એવો દેશ નથી, જે સંપૂર્ણપણે સમાજવાદી હોય.

ગાંધીજીનો સમાજવાદ સમાનતા પર આધારિત છે. તેમના મતાનુસાર સમસ્ત વિશ્વસમાજ પર નજર નાખીશું તો આપણને જોવા મળશે કે દરેક જગ્યાએ ભેદભાવ છે. ક્યાંય સમાનતા જોવા મળતી નથી. એ વ્યક્તિ ઉચ્ચ છે, એ વ્યક્તિ નીચ છે, તે હિંદુ છે, તે મુસલમાન છે, પરંતુ ગાંધીજી દ્વારા લાવવામાં આવેલા સમાજવાદમાં બધા લોકો એક થઈ જાય છે અને એકતામાં સમાઈ જાય છે.

(ક્રમશઃ)

**– ડૉ. અનુરાધા પ્રસાદ**
અનુ. રાજેન્દ્ર દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભૂદાનયજ્ઞનો તત્ત્વવિચાર

(ભૂદાનના અમૃતવર્ષ નિમિત્તે પવનાર-મિત્ર મિલનમાં આપેલ પ્રવચન)

**ભૂ**દાનયજ્ઞનું જ્યારે આપણે સિંહાવલોકન કરીએ છીએ, ત્યારે કેટલીક વાતો ધ્યાનમાં આવે છે. એનો જે તત્ત્વવિચાર છે, એને સમજવાને માટે જે તત્ત્વના આધારથી વિનોબાજીએ પોતાનું આખું જીવન વિતાવ્યું, એને સમજવું જરૂરી છે.

આપણી માન્યતા છે કે ભૂદાન એટલે જમીનની સમસ્યા ઉકેલવાનો એક કાર્યક્રમ. પરંતુ એવું નથી. કોઈ કહે છે કે ગરીબી દૂર કરવાનું સાધન હતું. પરંતુ તેવું પણ નથી. કેટલાક લોકો માને છે કે હિંસાને રોકવાને સારુ ભૂદાન હતું. કારણ કે ભૂદાનનો જન્મ જ્યાં થયો, તે તેલંગણામાં ત્યારે બહુ હિંસા થતી હતી. દિવસે પોલીસ અને રાત્રે સામ્યવાદીઓ લોકોને હેરાન કરતા હતા. મોટાભાગના જમીનમાલિકો શહેરોમાં ભાગી ગયા હતા. હિંસાનું ત્યાં મોટું તાંડવ ચાલતું હતું. તેથી વિનોબાજીએ એ હિંસાને રોકવા માટે આ કર્યું, તેવું પણ નથી. એવું કહેવાય છે કે સામ્યવાદને રોકવા માટે ભૂદાન હતું, એ પણ સાચું નથી. કોઈ તેને ભૂતદયાનો કાર્યક્રમ માને છે. ભૂતદયા એમાં આવે છે. તેમ છતાં તે ભૂતદયાનો કાર્યક્રમ પણ નહોતો. તો પછી એ શું હતું ? એને સમજવા માટે આપણે એની પાછળ જે મનુષ્ય હતો, એની ભૂમિકા શું છે, એ સમજવું પડશે.

વિનોબાજીએ ૧૯૧૬માં अथातो ब्रह्मजिज्ञासा કહીને ઘર ત્યાગેલું. અને એમ કહી શકાય કે એમનું અંતિમ કાર્ય બ્રહ્મવિદ્યા-મંદિર છે. તો અહીં પણ બ્રહ્મની જ વાત છે. ઘર છોડ્યું બ્રહ્મના નામથી અને સમાપ્તિ પણ બ્રહ્મના નામથી. એનો અર્થ એ છે કે, અહીંયાં અને અંતમાં બ્રહ્મ જ બ્રહ્મનો વિચાર છે. એના સિવાય એમના જીવનનો બીજો કંઈ પણ ઉદ્દેશ્ય હોઈ શકે નહીં. એમણે વચ્ચે આશ્રમ-જીવનમાં ખાદી વગેરે જેવાં રચનાત્મક કામો કર્યાં. ''સૂતર-પચ્ચીસી'' નામથી કાંતવાનાં ૨૫ કારણ બતાવ્યાં છે. એમાં પણ છેલ્લું ૨૫મું કારણ ''પરમેશ્વર પ્રાપ્તિને માટે'' એમ લખ્યું છે. તો આદિ, અંત અને મધ્યમાં પણ સર્વત્ર બ્રહ્મની જ વાત છે. આથી એમ લાગે છે કે આ જે ભૂદાનયજ્ઞનું કામ ચાલ્યું તે બ્રહ્મવિદ્યાનું જ કામ હતું. સૌને, સમાજને બ્રહ્મવિદ્યાની તરફ લઈ જવાનું એ જ મુખ્ય કામ એમનું રહ્યું. કેટલા બધા પ્રકારનાં કામ કર્યાં પરંતુ મુખ્ય વાત એ હતી કે ચિત્તશુદ્ધિપૂર્વક પૂરા સમાજને બ્રહ્મવિદ્યાની તરફ લઈ જવામાં આવે.

વિનોબાજીએ એક વાર કહ્યું હતું કે ભારતના જે બધા સાધુ-સંત, મહાત્મા, વિચારક આચાર્ય થયા છે, એ સૌનો ઉદ્દેશ્ય રહ્યો છે કે આખા સમાજને મોક્ષપરાયણ બનાવવો, સુખી બનાવવાનો નહીં. ભારતીય સંસ્કૃતિનું થોડામાં વર્ણન કર્યું છે કે લોકોને મોક્ષપરાયણ બનાવવા છે. પણ બધા પોત-પોતાની રીતે-જાતે જ મોક્ષપરાયણ થઈ શકે નહીં. એને માટે કંઈક કાર્યક્રમ કરવો પડે છે. એમાં સૌથી મુખ્ય વાત છે શુદ્ધિની. એક વાર વિનોબાજીએ કહ્યું હતું કે મને પ્રસિદ્ધિની જરૂરત નથી. આજકાલ નાનું-સરખું કામ કર્યું કે તરત જ પ્રસિદ્ધિ કરવામાં આવે છે. ત્યારે વિનોબાજીએ કહ્યું કે મારે પ્રસિદ્ધિની જરૂર નથી, સિદ્ધિ (સફળતા)ની પણ જરૂરત નથી. કામ કર્યું, સફળ થઈ ગયા. આટલી જમીન જોઈએ, એટલી મળી ગઈ, એવી સિદ્ધિની પણ મને જરૂરત નથી. તો પછી કઈ વસ્તુની જરૂરત છે ? શુદ્ધિની.

હમણાં વિનોબાજીના પત્રોના સંગ્રહનું એક પુસ્તક પ્રગટ થયું છે. એમાં શુદ્ધિની વાત જેટલી આવી છે તેટલી કદાચ દસમા ભાગની પણ બીજી વાતો નહીં આવી હોય. સતત શુદ્ધિ-શુદ્ધિ-શુદ્ધિ એમણે બતાવી છે. સૌથી મુખ્ય વાત ચિત્તશુદ્ધિની છે. ક્યારેક તે જીવનશુદ્ધિની વાત કરે છે, ક્યારેક સમાજશુદ્ધિની વાત. અર્થ-શુદ્ધિત્વ (પૈસાશુદ્ધિ)ને સૌથી મુખ્ય માનવામાં આવ્યું છે. મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે કે જે પાણીથી, માટીથી શુદ્ધિ થાય છે તે સાચી સફાઈ (શુચિત્વ) નથી. જેનો અર્થ (પૈસા)નો વ્યવહાર શુદ્ધ હશે તે જ વાસ્તવિક શુચિત્વ છે. આથી વચ્ચે વ્યવહારશુદ્ધિનું પણ આંદોલન ચલાવ્યું હતું.

એટલું જ નહીં, વિનોબાજીએ તો ત્યાં સુધી કહ્યું છે કે આપણે આનંદશુદ્ધિ કરવાની છે. માત્ર આનંદ મેળવવાનો જ નથી. આનંદ તો સૌને મળેલો છે. કારણ કે આત્મા આનંદસ્વરૂપ છે પણ આપણો આનંદ મિશ્રિત થઈ ગયો છે. એટલે આનંદની પણ શુદ્ધિ કરવી પડશે. દ્રાક્ષ એક સરસ ફળ છે પણ દ્રાક્ષનો શરાબ (દારૂ) બનાવી લોકો પીએ છે, આનંદ વધારે આવે તે માટે. એટલે સારું તો એ થશે કે દ્રાક્ષ જ ખાય. તો વધારે શુદ્ધ આનંદ મળશે. આ આનંદશુદ્ધિ ધીમે-ધીમે વધતી જવી જોઈએ.

હિંદુસ્તાનમાં આહારશુદ્ધિના બહુ પ્રયોગો થયા છે. અમે જોયેલું કે વિનોબાજીનો આહાર કેટલો શુદ્ધ હતો. તો પણ મૃત્યુના એક સપ્તાહ પહેલાં સંપૂર્ણ ખોરાક લેવાનું બંધ કર્યું હતું. પાણી સૌથી શુદ્ધ માનવામાં આવે છે તેમ છતાં તે લેવાનું પણ બંધ કર્યું. કેમ કે આપણે જે આહાર લઈએ છીએ, તેનાથી શરીરમાં કંઈક ને કંઈક અશુદ્ધિ (ટૉક્સીન) પેદા થઈ જ જતી હોય છે. એટલે તે પણ ન થાય. દેહ છોડતા સમયે ज्यों कि त्यों धरि दिन्हीं चदरिया બની રહે.

હિંદુસ્તાનમાં દેહશુદ્ધિ તરફ બહુ ધ્યાન આપવામાં આવે છે. હા, અહીં વ્યક્તિગત દેહશુદ્ધિની તરફ જેટલું ધ્યાન અપાય છે તેટલું સામાજિક સ્વચ્છતાની બાબતે નથી અપાતું. દેહશુદ્ધિની સાથેસાથે એવી ભાવના હોય તો મનઃશુદ્ધિ પણ થઈ જાય છે. ગીતા-પ્રવચનમાં વિનોબાજીએ વર્ણન કર્યું છે કે સ્નાન માટે એક બળદ પણ ગંગાજીમાં જાય તો તેની પણ દેહશુદ્ધિ થશે. પણ ગંગાજી માટે એક ભાવના લઈને સ્નાન કરીશું તો ભાવશુદ્ધિ પણ થશે. તો જ્યારે દેહશુદ્ધિ, સમાજશુદ્ધિ, ચિત્તશુદ્ધિ થશે ત્યારે આપણે બ્રહ્મવિદ્યાના માર્ગમાં આગળ વધી શકીશું. આમ શુદ્ધિ પર તેમણે બહુ ભાર આપ્યો.

લોકોને તેઓ કહેતા કે અમારું કાર્ય, આંદોલન, ક્યારે સફળ થયેલું ગણાશે ? જો અમારી ચિત્તશુદ્ધિ થઈ હશે તો. કાર્યકર્તાએ ઉત્તમ કામ કર્યું પણ અમારી ચિત્તશુદ્ધિ નહીં થઈ હોય તો જે પણ કામ કર્યું તે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નકામું ગયું. આ હતી એમની કસોટી. આપણું કામ બરાબર ચાલી રહ્યું છે કે કેમ, એ સમજવું હોય તો શુદ્ધિની વાત સમજવી જોઈએ. શુદ્ધિ દ્વારા બ્રહ્મવિદ્યાની તરફ, અધ્યાત્મવિદ્યાની તરફ આગળ વધીએ એવી એમની દૃષ્ટિ હતી.

ભૂદાનયજ્ઞને આ દૃષ્ટિથી જોઈએ. ભૂદાનયજ્ઞની આ બહુ મોટી તાત્ત્વિક ભૂમિકા છે, બ્રહ્મવિદ્યાની. કારણ કે વિનોબાજીના કાર્યનો પ્રારંભ બ્રહ્મવિદ્યાથી થયો. છેલ્લી વાત પણ બ્રહ્મવિદ્યાની કરી. તો આ વચ્ચેનું કામ તે બ્રહ્મવિદ્યાનું જ હશે. એમણે એમ પણ કહ્યું છે કે મારાં કામોનો મુખ્ય ઉદ્દેશ્ય છે 'દિલોને જોડવાનો.' આ દિલ કેવી રીતે જોડાશે ? એને માટે શુદ્ધિ અને બ્રહ્મવિદ્યા જોઈશે. બ્રહ્મવિદ્યા વગર આ થઈ શકવાનું નથી. તેથી ગામને ગામ બનાવવું પડશે. આજે તો નામ માત્રનું ગામ છે. અમારા નાનપણમાં અમે જે ગામ જોયાં હતાં તે આજે તૂટી ગયાં છે. હવે ગામ એટલે કે એક ટોળું-ભીડ બની ગયું છે. અરસપરસ એક બીજા સાથે કોઈ સંબંધ જ નથી રહ્યો.

મને યાદ છે કે તામિલનાડુમાં યાત્રા ચાલી રહી હતી. એ વખતે ભારત સરકારના કમ્યુનિટી ડેવલપમેન્ટના મંત્રી એસ.કે.ડે વિનોબાજીને મળ્યા. તે સમયે કમ્યુનિટી ડેવલપમેન્ટના કાર્યક્રમ બહુ જ ચાલતા હતા. તામિલનાડુના જે કમિશ્નર હતા, તેમને ભૂદાન-ગ્રામદાનમાં ખૂબ રસ હતો. ઘણી વખત અમારી સાથે પદયાત્રામાં આવતા હતા. વિનોબાજી સાથે ઘણો સંપર્ક રાખતા હતા. એ લોકો ગામના વિકાસનું કામ જોઈને આવ્યા હતા. વિનોબાજીએ એમનો અનુભવ પૂછ્યો. એમણે કહ્યું કે જ્યાં ગ્રામદાન છે ત્યાં જ કમ્યુનિટી ડેવલપમેન્ટ ચાલે છે, બીજે નહીં. કારણ કે ગામો તૂટી ગયાં છે અને કમ્યુનિટી સમાપ્ત થઈ ગઈ છે. વાતનો સાર એ છે કે ગ્રામદાન બધાંને જોડવાની વાત કરે છે. એટલું જ નહીં, વિનોબાજીએ એક વાર કહ્યું હતું કે ગ્રામદાન એટલે અભયદાન એવું સમજી લો. દુનિયામાં આપવાની સૌથી મોટી વસ્તુ છે અભયદાન. સંતોએ કહ્યું કે - अभयदानशूरा पांडुरंगा । પરમેશ્વર જ એક માત્ર એવા છે કે જે અભયદાન આપી શકે છે. બીજા બધા અલગ-અલગ રીતની વસ્તુઓ આપી શકે પણ અભયદાન તો પરમેશ્વર જ આપી શકે. તો ગ્રામદાન અભયદાનનું પુરસ્કર્તા છે.

જુદા જુદા સમયે વિનોબાએ જુદી જુદી વાતો કરી છે. એ બધાને આપણે જોડીએ તો જોઈ શકાય છે કે બધામાંથી બ્રહ્મવિદ્યા જ નીકળે છે. જેમ કે એમણે દિલોને જોડવાનો ઉદ્દેશ્ય (હેતુ) બનાવ્યો, તેવી જ એક બીજી વાત કહી છે કે 'અહિંસા'ની શોધ કરવી એ મારા જીવનનો ઉદ્દેશ્ય છે. આપણે જાણીએ છીએ કે જે દિવસે એમને પ્રથમ ભૂદાન મળ્યું એ દિવસે જાણે ઈશ્વર સાથે વાત થઈ. અંદરથી અવાજ આવ્યો કે તું અહિંસાની શોધ કરવા ઇચ્છે છે તો હિંમતથી આને ઉપાડી લે. તેઓ અહિંસાની શોધ કરવી તેને પોતાનું જીવનકાર્ય માનતા હતા. એમની જે આત્મકથાનું પુસ્તક પ્રગટ થયું છે તેનું નામ જ 'અહિંસાકી તલાશ'' રાખ્યું છે.

એમણે એક શ્લોક બનાવ્યો છે - ब्रह्म सत्यं, जगत् स्फूर्तिः, जीवनं सत्यशोधनम् । સત્ય શોધનમ્ એટલે બ્રહ્મની શોધ જ જીવનનો ઉદ્દેશ છે. બ્રહ્મ અને સત્ય બંને એક જ છે. બાપૂએ પણ પોતાની આત્મકથાને ''સત્યના પ્રયોગો' નામ આપ્યું. એમાં પણ આ જ વાત છે કે જીવનનો ઉદ્દેશ સત્યની શોધ છે. ભારતને સ્વતંત્રતા અપાવવી વગેરે કામો તો ગૌણ છે. રસ્તામાં જે આવ્યા તો એને કરવાં પડ્યાં. જે સ્વધર્મ ઊભો થાય છે, એને છોડી શકાતો નથી. સ્વધર્મને સાથે લઈને આગળ વધવું પડે છે. તો સ્વતંત્રતાના કામનો સ્વધર્મ આવ્યો તેથી તેમણે કર્યું. પણ એમની દૃષ્ટિ તો સત્યશોધની જ હતી. અંતમાં એમણે રામનામ લીધું. જ્યારે મને કોઈ બાપૂની બાબતમાં પૂછે છે તો હું કહું છું કે જ્યારે એમની રંભાદાસીએ ભય ભગાડવા રામનું નામ સૂચવ્યું ત્યાંથી ગાંધીજીનું જીવન શરૂ થાય છે અને ''હે રામ''માં પૂરું થાય છે. તે જ પરંપરા વિનોબાજીની છે. બ્રહ્મના નામથી ઘર છોડ્યું અને કહ્યું ''जीवनं सत्यशोधनम्'' । વિનોબાજીને સમજવા માટે એમનું વ્યક્તિત્વ જાણવું જરૂરી છે. અને એ ત્યારે જ સમજાશે કે એમના દ્વારા ચલાવાયેલ ભૂદાન-યજ્ઞનો ઉદ્દેશ્ય શું હતો ? એની પાછળનું દર્શન શું હતું, તે સમજીએ.

ભૂદાનથી ઘણાં કામો થશે. ગામે-ગામનો વિકાસ થશે. વિનોબાજીએ એક જગ્યાએ કહ્યું છે કે ગ્રામદાનને પૂર્ણ રીતે સમજી લો. પછી નામ કંઈ પણ આપો. ગ્રામદાન નહીં થાય ત્યાં સુધી ગામડાનો કોઈ વિકાસ નહીં થઈ શકે. અંદર અંદર ઝઘડા થતા રહેશે. બાકી બીજી બધી વસ્તુઓ હશે, પણ બ્રહ્મવિદ્યા નહીં હોય તો વિકાસ કઈ વસ્તુનો હશે ? ઘણા રસ્તાઓ બની ગયા. અન્ય કેટલીક સગવડો પણ ઊભી થશે. શું એને જ આપણે વિકાસ માનીશું ? આપણે માત્ર ને માત્ર ભૌતિકતાને જ વિકાસ માનીએ છીએ, પણ વાસ્તવિક વિકાસ, મનુષ્યતાનો થવો જોઈએ. ભૌતિક વસ્તુઓનો વિકાસ પણ જરૂરતથી વધારે ન હોય. જેમ અત્યંત ગરીબાઈમાં ધર્મનો, નૈતિકતાનો વિકાસ નથી થતો, તેમ બહુ જ અમીરીમાં પણ નથી થતો. એને માટે સંતુલન (બેલેંસ) હોવું જોઈએ.

વિનોબાજીએ કહ્યું હતું કે ગ્રામદાનમાં બધું સામૂહિક હોય. તેમ છતાં એમણે સામૂહિક ખેતીની કે બીજી બધી સામૂહિકતાની વાત કરી નથી. પણ કહ્યું છે કે ગ્રામદાન એટલે એ આપણો સામૂહિક ભક્તિમાર્ગ છે. તો આ એમની મૂળ દૃષ્ટિ, દરેક વસ્તુને આત્મજ્ઞાન તરફ લઈ જવા વાળી દૃષ્ટિ. આપણી દરેક કૃતિ, દરેક વિચાર આપણને પરમેશ્વર તરફ લઈ જાય.

આ રીતે એમની બધી વાતોને, કામોને એકત્ર કરીને જોઈએ છીએ તો આપણા ધ્યાનમાં આવે છે કે એ સૌની પાછળ આ એક મૂળ ઉદ્દેશ્ય છે. બીજી બધી વાતો આનુષાંગિક-પ્રાસંગિક છે. સૌને આત્મજ્ઞાનની તરફ લઈ જાય એ જ એનો તત્ત્વવિચાર છે. એમણે લોકનીતિ વગેરેની અનેક વાતો મૂકી. બાપૂએ રામરાજ્ય કહ્યું, એમણે ગ્રામરાજ્ય શબ્દનો ઉપયોગ કર્યો. આ બધાના મૂળમાં આ નિષ્ઠા વર્તાઈ આવે છે. કોઈ પણ સેવાકાર્યના મૂળમાં અધ્યાત્મનું અધિષ્ઠાન હોવું જ જોઈએ. નહીં તો સેવાકાર્ય શુષ્ક થઈ જાય છે. આપણે કંઈક સેવા કરવા જઈએ છીએ તો ધીમે ધીમે પરમાર્થની ભૂમિકા છૂટીને સ્વાર્થમાં લિપ્ત થઈ જઈએ છીએ. પરમાર્થ પૂરો થઈ જાય છે અને સ્વાર્થમાં પહોંચી જઈએ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છીએ. જો કંઈક સ્વાર્થથી કરવા જઈએ તો ''આપણે ચોરી કરીએ છીએ'' એવો શબ્દપ્રયોગ વિનોબાજીએ કર્યો છે.

વિનોબાજીએ ''મધુકર'' નામના પુસ્તકમાં જણાવ્યું છે કે મનુષ્યની આજીવિકાના ત્રણ પ્રકાર હોય છે. એકને કહીએ છીએ ભિક્ષા, બીજાને ધંધો અને ત્રીજાને ચોરી. ભિક્ષા એટલે શું ? સમાજની વધારેમાં વધારે સેવા કરવી, જરૂરિયાત જેટલું ઓછામાં ઓછું લેવું. આનું નામ છે ભિક્ષા. આ ભીખ નથી. ભીખ જુદી વસ્તુ છે, ભિક્ષા જુદી. બીજો છે ધંધો, એટલે સમાજની જેટલી સેવા કરીએ એટલું જ લઈએ, એનાથી વધારે નહીં. દસ શેર (માપ) સેવા કરી તો દસ શેર જેટલું જ લેવું. આટલી મર્યાદા રાખીએ છીએ તો તે થયો ધંધો. ત્રીજી વાત ચોરીની કહી. ચોરી એટલે સમાજની ઓછી સેવા કરીને વધારે લીધું. પૂછ્યા વગર કોઈનો સામાન લઈ લેવો એ તો મામૂલી વાત છે. પણ પોતાની જ વસ્તુ સમાજને આપ્યા વગર સંતાડીને ખાઈએ તો એ વૃત્તિ ચોરીમાં આવે છે. આપણે આપણા જીવન પર નજર નાખીએ તો ખબર પડશે કે તે ચોરી ઉપર ઊભું છે. કારણ કે તેની પાછળ આત્મવિદ્યાની, બ્રહ્મવિદ્યાની ભાવના નથી.

આ સઘળી વસ્તુ એમના જીવનમાં હતી, તેમનું જીવન આખું એ માટે વીત્યું. જો આપણે ભૂદાનનું પણ સ્થૂળ કામ જોઈએ તો હમણાં એની શું કિંમત રહી ? આજે તમને જમીન આપી, ઘરમાં ચાર-પાંચ લોકો છે. વીસ વર્ષમાં પરિવાર વધી ગયો તો ફરીથી જમીનનો પ્રશ્ન ઊભો થશે. તો આ ભૂદાનનો તાત્કાલિક સ્થૂળ લાભ છે. ગરીબોની સાથે આપણો સંબંધ બાંધવાનું કામ છે. આપણે વાત કરીએ છીએ ગરીબની પણ ન તો આપણે જીવન ગરીબીથી વિતાવીએ છીએ, ન કોઈ પ્રત્યક્ષ કામ કરીએ છીએ. વિનોબાજીએ કહ્યું છે કે ગરીબ થયા વગર ગરીબની સેવા નહીં કરી શકીએ. ઠીક છે કંઈક સારું કામ ભલે કરીએ.

એક બીજી વસ્તુ છે, જે લોકોને બહુ મોટી નહીં લાગે, થોડી ધાર્મિક પણ લાગી શકે. પણ વિનોબાજીની એક દૃષ્ટિ હતી. સર્વોદય સમાજનાં સંમેલન ક્યાં થતાં હતાં ? એમને લોકો પૂછતા કે ક્યાં કરીએ? તો એમણે કઈ કઈ જગ્યાઓ સુઝાડી ? પહેલું સંમેલન થયું કાશીમાં, સેવાપુરીમાં. બીજું સંમેલન કર્યું બોધગયામાં. પછી જગન્નાથપુરીમાં સંમેલન થયું. એના પછી કાંજીવરમમાં સંમેલન થયું. પાસે જ ચેન્નઈ હતું, ત્યાં થઈ શક્યું હોત પણ એવું ન કર્યું. આપણે કોઈ પણ સંમેલન કરીએ તો તે મોટી જગ્યામાં કરીએ. જ્યાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોય. પણ એમણે એવું ન કર્યું. પછી કાલડીમાં સંમેલન થયું. શંકરાચાર્યનું નાનું સરખું સ્થાન હતું. આસપાસ બીજી મોટી જગ્યાઓ હતી પણ ત્યાં ન કરવાને બદલે કાલડીમાં જ સંમેલન કરવાનું કહ્યું. અને કાલડીમાં શું બન્યું ? ત્યાં બહુ ભાષણ સાંભળવા ન મળ્યું. એટલા જોરથી વરસાદ વરસ્યો કે બેસી શકાય તેમ પણ ન હતું. બધા ઊભા રહ્યા. સાથે મળીને ગીતો ગાયાં. વિનોબાજી નાચવા લાગ્યા. લોકો પણ નાચવા લાગ્યા. બીજાં બધાં સંમેલનો અમે ભૂલી ગયા પણ કાલડીનું સંમેલન સૌને યાદ રહ્યું. કાલડી પછી પંઢરપુરમાં સંમેલન થયું. પછી અજમેરમાં. કેમ કે આ બધી જગ્યાઓ આપણાં આધ્યાત્મિક સ્થાન છે, ધાર્મિક નહીં. આપણે આ વાત જો સમજી શકીએ તો તેવી વૃત્તિ પણ જાગશે.

તો વાત એ સમજવાની છે કે ઈશ્વરતત્ત્વ વગર બધું નકામું થઈ જાય છે, શુષ્ક થઈ જાય છે. બાબા સમર્થ રામદાસનું એક વચન બોલતા હતા કે, જ્યાં હરિકથા શ્રવણનો મોકો નહીં હોય. ભગવત્ નામ સ્મરણ ચાલતું ન હોય, સત્સંગની વ્યવસ્થા ન હોય, ત્યાં એક ક્ષણ માટે પણ રહેવું જોઈએ નહીં. તુલસીદાસજીએ હરિશ્રવણરહિત કાનને સાપનું ઘર (બિલ) अहि भवन समाना કહ્યું છે. તો એમની એ દૃષ્ટિ રહી છે કે બધા લોકોને, આખા સમાજને ઈશ્વરભક્તિની તરફ લઈ જવાનો છે. તેઓ પ્રહ્લાદના ભક્ત હતા. પ્રહ્લાદની વાત બધા જાણે છે કે પ્રહ્લાદને, ભગવાને મુક્તિ આપવાની વાત કરી. તો પ્રહ્લાદે કહ્યું કે હું મારા સાથીઓને છોડીને એકલો મુક્ત થવા નથી ઇચ્છતો. - नैतान् विहाय कृपणान् विमुमुक्ष एकः તો સંતોની આવી ભૂમિકા રહી છે, બધાને સાથે લઈને ચાલવાની. દક્ષિણમાં એક સ્ત્રી ભક્ત હતી, આંગલ. સવારે સ્નાન કરવા જતી ત્યારે બહેનો-બાળકોને જગાડી સાથે લઈ જતી. હવે સ્નાન કરવા જવું એ કંઈ મોટી વાત છે ? પરંતુ સૌને સાથે લઈને, ભગવાનનું નામસ્મરણ કરતાં કરતાં સ્નાન કરીશું. આ છે સામૂહિક ભક્તિમાર્ગ. આપણે સૌ સાથે જઈશું, કોઈને પણ છોડીને નહીં.

વિનોબાજીએ સમર્થ રામદાસ માટે કહ્યું છે, એમની પાસેથી હું બે વાત શીખ્યો. એક તો વૈરાગ્યની વાત. બીજી પોતાને જે ઉત્તમ મળ્યું તે બધાને આપવું. તમને વિદ્યા મળી ગઈ, કંઈક મળ્યું તેને પોતાની પાસે રાખી મૂક્યું તો પૂંજીપતિ થઈ જશો. એથી વિદ્યા ક્ષીણ થઈ જશે, એમાં વિકૃતિ પેદા થશે. એ પોતાના માટે જ ન રાખો.

બાપૂએ કહ્યું હતું કે વિનોબાએ જે મેળવવાનું હતું તે ૪૦ વર્ષની ઉંમર સુધીમાં મળી ગયું હતું. પછી જે ઉંમર મળી તે શા માટે ? એટલા માટે કે સમાજને સન્માર્ગે વાળવાનું - લઈ જવાનું કર્તવ્ય બાકી રહ્યું હતું. શંકરાચાર્યને આઠ વર્ષની વયે જ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. પછી ગુરુની પાસે જઈને અધ્યયન કર્યું. શાસ્ત્રગ્રંથો પર ભાષ્ય લખ્યા. ત્યાં સુધી ૧૬ વર્ષના થઈ ગયા. એમનું જીવન પૂર્ણ થઈ ગયું હતું. પછી ભગવાને કહ્યું કે આ જ્ઞાન જે મળ્યું છે, એનો પ્રચાર-પ્રસાર કરો. અને તેમની ઉંમર બે ગણી વધારે કરી દીધી. તેઓ આખું હિંદુસ્તાન બે વાર ફર્યા. રહેવાસી કેરલના અને સમાધિ કેદારનાથમાં.

આવશ્યકતા અનુસાર મહાપુરુષોએ પણ સ્થૂળ કાર્ય હાથમાં લેવું પડે છે. પણ એની પાછળનું મુખ્ય કામ તો ભગવાનની ભક્તિ, જ્ઞાનનો પ્રસાર અને બ્રહ્મવિદ્યાની લગની લોકોમાં ઊભી કરવી, તે છે. આવા લોકોનાં એ જ જીવનકાર્ય અને અવતારકાર્ય હોય છે. અમે માનીએ છીએ કે ભૂદાનયજ્ઞની પાછળનું આ જુદું મોટું દર્શન છે.

(મૂળ હિંદીમાં 'મૈત્રી'ના જાન્યુઆરી અંકમાં પ્રગટ થયેલ ગૌતમભાઈ બજાજના લેખનો અનુવાદ.)

**- ગૌતમ બજાજ**

અનુવાદ : ભદ્રા-વિક્રમ સવાઈ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# લોકનિકેતન-રતનપુર ખાતે યોજાયું 'આશા'નું કિસાન સ્વરાજ સંમેલન

**એ**લાયન્સ ફોર સસ્ટેનેબલ એન્ડ હોલિસ્ટિક એગ્રીકલ્ચર (ASHA-આશા) ટકાઉ ખેતી આધારિત આજીવિકાને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોના અધિકારોનું રક્ષણ કરવા મથતું એક અખિલ ભારતીય, સ્વયંસેવી અને અનૌપચારિક પ્લેટફોર્મ છે. ખેતીવિષયક પડકારો અંગે સૌની સહિયારી સમજને પાકી કરવા અને કર્મશીલો વચ્ચેના સંબંધોને પુનર્જીવિત કરવા માટે સમયાંતરે આશા દ્વારા કિસાન સ્વરાજ સંમેલનોનું આયોજન થતું આવ્યું છે! આવાં સમેલનથી કાર્યકરોના વિચાર અને કામોમાં એક રીતનો સુમેળ ઊભો થાય છે. આ એવો સંગમ પણ છે જેમાં ભારતમાં ખેતીની આજીવિકા સુધારવા માટેની સહિયારી મથામણમાં બળ પૂરવા નવા લોકો, નવા વિચારો, નવતર વિશ્લેષણ, નવી ઊર્જા અને નવી યોજનાઓનો સમન્વય થાય છે. વળી, તેમાં ખેડૂતોની સ્વાયત્તતા અને સાર્વભૌમત્વ, આર્થિક સમૃદ્ધિ, સામાજિક સમાનતા અને પર્યાવરણીય ટકાઉપણાને કેન્દ્રમાં રાખીને નાગરિક-આંદોલનનાં મૂલ્યો, દૃષ્ટિકોણ, અનુભવ અને જ્ઞાન પ્રતિબિંબિત થાય છે. આ સંમેલનો જમીની સ્તરના ઉકેલોની આપ-લે કરવાની તક પૂરી પાડે છે. ભૂતકાળમાં આવાં સંમેલનો ભોપાલ (૨૦૧૩), ચંદીગઢ (૨૦૧૫), હૈદરાબાદ (૨૦૧૬), અમદાવાદ (૨૦૧૮) અને મૈસૂર (૨૦૨૨)માં યોજાયાં હતાં. **હાલમાં ગઈ તા. ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન પાલનપુર પાસેની જાણીતી નઈ તાલીમ સંસ્થા લોકનિકેતન, રતનપુર ખાતે પશ્ચિમ અને ઉત્તર ભારતનાં રાજ્યો માટે કિસાન સ્વરાજ સંમેલન સંપન્ન થયું.** જાણે એક ખેતીપર્વની ઉજવણી થઈ! તેમાં કૃષિ-પર્યાવરણના મુદ્દે અને ખેડૂતોના અધિકારો માટે કામ કરતા અગ્રણી પ્રાકૃતિક ખેડૂતો, નાગરિક સમાજના પ્રતિનિધિઓ, કર્મશીલો, એકેડેમીશિયન, ગ્રાહકો, વિજ્ઞાનીઓ, સામાજિક ઉદ્યોગસાહસિકો, લેખકો, પત્રકારો, કલાકારોએ ૫૦૦થી વધુ સંખ્યામાં ભાગ લીધો. આ વખતના સંમેલનમાં ભારતની ખેતીની ચાર સાંપ્રત સમસ્યાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું.



સ્વાગત પ્રવચન આપતા કિરણભાઈ


ઉદ્દઘાટન સત્ર

**૧. બીજ સાર્વભૌમત્વ** : સૂચિત બીજ ખરડો ૨૦૨૫ની ખેડૂતો પર થનાર અસર, પાકની જાતો અને ખેડૂતોના અધિકાર સંરક્ષણ (PPV&FR) અધિનિયમ ૨૦૦૧માં પ્રસ્તાવિત સુધારા તથા ખોરાક અને કૃષિ માટે છોડ આનુવાંશિક સંસાધનો પર આંતરરાષ્ટ્રીય સંધિ (ITPGRFA-જેને પ્લાન્ટ ટ્રીટી તરીકે પણ ઓળખવામાં આવે છે)ને કારણે આપણા ખેડૂતો/રાષ્ટ્રનું બીજ સાર્વભૌમત્વ અને તેથી આપણા ખાદ્ય સાર્વભૌમત્વને માટે ઊભું થનાર જોખમ.

**૨. HT પાક/નીંદણ વ્યવસ્થાપન** : ભારતના બીજ બજારમાં હવે ત્રણ જનીન રૂપાંતરણ વિનાની હર્બિસાઇડ ટોલરન્ટ (Non-GM HT) જાતો અને જીનોમ એડિટેડ ચોખાની જાતો બહાર પાડવામાં આવી રહી છે. આ બંને પ્રકારની જાતો અધૂરી નિયમન વ્યવસ્થા, ખંડિત વિજ્ઞાન અને બિન-લોકતાંત્રિક નીતિ-નિયમોને આધારે તૈયાર કરાઈ છે. તેને કારણે સજીવ/પ્રાકૃતિક ખેતીની વિભાવના, ધોરણો અને પદ્ધતિઓ નેવે મુકાશે અને અમુક પાકોની સજીવ ખેતી અશક્ય બનશે.

**૩. ખેતીમાં શ્રમ** : કૃષિમાં માનવજન્ય અને પ્રાણીજન્ય શ્રમ જટિલ ફેરફારોમાંથી પસાર થઈ રહ્યો છે અને કૃષિ મજૂરો, ખેડૂતો, પર્યાવરણ અને પશુધન માટેના ફાયદાકારક ઉકેલ માટે વ્યવહારુ અને નીતિગત ઉકેલો શોધવાની જરૂર છે.

**૪. વન્યજીવ-ખેડૂત સંઘર્ષો** : તે વધી રહ્યા છે, વન્યજીવોના હુમલાઓ ખેડૂતોના જીવન, પાક અને પશુધન માટે અપાર નુકસાન અને ઝઘડા ઊભા કરે છે, જેના માટે નીતિ અને વ્યવહાર એમ બંને સ્તરે ઉકેલોની જરૂર છે.

**મુખ્ય સત્રો :**

પ્રથમ દિવસે ઉદ્‌ઘાટનસત્રમાં સંસ્થાના સંચાલક કિરણભાઈ ચાવડાએ સંસ્થાના સ્થાપક સ્વ. હરિસિંહભાઈને યાદ કરી આવી સંસ્થાઓની પ્રસ્તુતતા જાળવવા અને વિદ્યાર્થીઓની સાચી કેળવણી માટે આ સંમેલનનું મહત્ત્વ સમજાવી સૌનું સ્વાગત કર્યું. આયોજકો તરફથી જતનના કપિલભાઈએ અને આશાનાં કવિતાબેને સંમેલનના મહત્ત્વ અને સ્વરૂપની વાત રજૂ કરી. મધ્યપ્રદેશમાં બીજ સંરક્ષણનું કામ કરનાર પદ્મશ્રી બાબુલાલ દહિયાએ પોતાના કામની વાત કરી આશીર્વચન આપ્યાં. રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કારથી નવાજિત રાજસ્થાનનાં સજીવ ખેડૂત સંતોષબેન પચારે જાતે ગાજરની નવતર જાતનું સંશોધન કઈ રીતે કર્યું તેની વાત કરી. ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના પ્રો.શંભુપ્રસાદે આવા અભિયાન અને પ્રયોગોમાં એકેડેમિશયનની ભૂમિકા અને ડોક્યુમેન્ટેશનની જરૂરિયાત રજૂ કરી. જાણીતા કૃષિ-નીતિ વિશ્લેષક દેવીન્દર શર્માએ પોતાની આગવી રોચક શૈલીમાં વિશ્વભરમાં ખેતી પર આવી રહેલ જોખમનો ઇતિહાસ રજૂ કરી ભારતની ખેતી અને ખેડૂતોની સ્થિતિ જ્યારે એક પ્રકારની કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં છે ત્યારે માત્ર સરકારની જ નહીં, પણ નાગરિકની ભૂમિકાની તાકિદ કરી. તે પછી સૌ પ્રદર્શનની મુલાકાત લેવા છૂટાં પડ્યાં.

બપોરા પછી બીજું મુખ્ય સત્ર નીંદણનાશક પ્રતિરોધક (Herbicide Tolerant) પાકો અને નીંદણ-નિયંત્રણ વિશે હતું. ભારતમાં HT પાકોની સ્થિતિ અને નીંદણનાશક રસાયણોના વધતા જતા ઉપયોગ અંગે કપિલ શાહે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



મુખ્ય સત્ર:એચ.ટી.પાક અને નીંદણનિયંત્રણ

ચિંતા વ્યક્ત કરી. વડોદરાનાં વનસ્પતિશાસ્ત્રી શ્રુતિબેને નીંદણના મહત્ત્વને સમજાવ્યું. ધરમપુર ખાતે મીટ્ટીધન દ્વારા નાના ખેડૂતો માટે ઓજાર વિકસાવીને તે બનાવનાર ભાઈ હિરેન પંચાલે થાક ન લાગે તેવાં સુધારેલાં ઓજારોની વાત કરી. પંજાબના ખેડૂત જગતાર ધાલીવાલે પ્રાકૃતિક ખેડૂતે નીંદણને દુશ્મન નહીં, પણ દોસ્ત ગણવા પર ભાર મૂક્યો. નિવૃત્ત કૃષિ વિજ્ઞાની ડૉ. કંદર્પ


દેશી બીજ પ્રદર્શન

મેવાડાએ રસાયણો વાપર્યા વિના નીંદણનું વ્યવસ્થાપન કઈ રીતે કરી શકાય તેના વિજ્ઞાન અને પદ્ધતિઓની સમજ આપી. તે પછી સાંજે પ્રાકૃતિક ખેતી તરફ વ્યાપક અને બહુસ્તરીય બદલાવ કઈ રીતે લાવી શકાય તેની અનુભવસિદ્ધ વાત છત્તીસગઢના દંતેવાડામાં ભૂમગાદી સંસ્થાના આકાશભાઈએ કરી. દંતેવાડાને ઓર્ગેનિક જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે અને જિલ્લા વહીવટી તંત્રની મદદથી આજે ૧૦૦ થી વધુ ગામો ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વળ્યાં છે. આ જ સત્રમાં આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામનાં અંજલિબેને ગુજરાતના ડાંગમાં થઈ રહેલ કામની વાત કરી. રાત્રિભોજન


'તુલા'ની સજીવ ખાદી


નવત્રિંજનનો ખાદી વર્કશોપ

બાદ જયા ઐયર અને ભૂદાન થિએટર, અમદાવાદની ટીમ દ્વારા આબોહવા પરિવર્તન ઉપર અને ક્રિએટિવ થિએટર હબ દ્વારા ભારત-પાકિસ્તાનની સરહદે બે દેશના સૈનિકો વચ્ચે દુશ્મનીમાંથી પ્રેમના પ્રાગટ્યની વાત રજૂ કરતું નાટક 'સીમાંતે' રજૂ થયું. તે જોવા આસપાસનાં ગામના લોકો પણ આવ્યા.


આબોહવા પરિવર્તન વિષે નાટક

બીજા દિવસની શરૂઆત વહેલી સવારે ધ્યાન-ધારણાથી થઈ. જૂના સજીવ ખેડૂત વિજય શાહે વ્યક્તિગત જીવનમાં વિપશ્યનાના મહત્ત્વની વાત કરી. ત્રીજું મુખ્ય સત્ર બીજ સાર્વભૌમત્વ પર હતું. જેનું સંચાલન ગ્રેઈન સંસ્થાના અફસર જાફરીએ કર્યું. ગુજરાતમાં પેપ્સીકો ઇન્ડિયા દ્વારા બીજ અધિકાર બાબતે પરેશાન કરવામાં આવેલા બટેટાના ખેડૂતો વતી બિપિનભાઈ પટેલે પોતાની આપવીતી સંભળાવી તથા પરેશાનીમાંથી ઉગારવા આશા અને જતનના કર્મશીલોના યોગદાનને યાદ કરી ખેડૂતોને સચેત કર્યા. ઓડિશામાં


''સીમાંતે'' નાટક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org


વન્યજીવ-ખેડૂત સંઘર્ષ : ઉદયભાઈ


ગૌકૃષિ અંગે ગોપાલભાઈ


લોકભારતીના સ્ટોલની મુલાકાતે રમેશ રૂપારેલિયા

બસુધા દ્વારા ડાંગરની ૧૪૦૦ થી વધુ જાતોનું વૈજ્ઞાનિક સંરક્ષણ અને પુનઃસ્થાપન કરનાર ડૉ. દેબલ દેબે દેશી બીજ સંરક્ષણના વિજ્ઞાન અને પદ્ધતિઓની વાત કરી. વાસન સંસ્થાનાં સુસંતા ચૌધરીએ પરંપરાગત બીજ સંરક્ષણમાં ઓડિશા રાજ્યના સમર્થન થકી કઈ રીતે આદિવાસી બહેનો પણ રાજ્યની બીજ પસંદગી સમિતિમાં પોતાનું યોગદાન આપે છે તેની વાત કરી. કોહેઝન ફાઉન્ડેશન ટ્રસ્ટનાં હિરલ દવે અને ઉજાસ મહિલા સંગઠનનાં સુશીલાબેને


દેશી બીજ : ડૉ. દેબલ દેબ


સંતોષબેને વિકસાવેલ ગાજરની જાત

નવસારી અને વલસાડ જિલ્લામાં ચાલતી સામુદાયિક બીજ બેંકના અનુભવો રજૂ કર્યા. કર્ણાટકમાં દેશી બીજ કંપનીના સ્થાપક કૃષ્ણપ્રસાદે દેશી બીજ વ્યવસ્થાને શરૂઆતથી અંત સુધી સફળ રીતે કેમ ચલાવાય તેની વાત સાંજના વિશેષ સત્રમાં કરી.

ચોથા મુખ્ય સત્રનો વિષય હતો – કૃષિ ક્ષેત્રમાં શ્રમ. સત્ર સંચાલક હતા – બજાજ એવોર્ડથી પુરસ્કૃત અને મધ્યપ્રદેશના આદિવાસીઓમાં કામ કરનાર સંપર્ક સંસ્થાના નિલેશ દેસાઈ. સત્રની શરૂઆત પદ્મશ્રી સુભાષ શર્માની વાતથી થઈ. તેમણે પોતાના ખેતરમાં મજૂરોને અપાતી સગવડ, વ્યવસ્થાપન અને હિસ્સેદારીની પ્રશંસનીય વાત કરી. પલ્લવીબેને મહિલા ખેડૂતો માટે ચાલતી ઓજાર બેંકના અનુભવો મૂક્યા. ખેતીમાં મજૂરોની અછતના માહોલ વચ્ચે કેરળમાં નીરા સેના દ્વારા ચાલતી ખેડૂતો અને મજૂરો માટેની લાભદાયી વ્યવસ્થાના પ્રેરણાદાયી અનુભવો ત્યાંના સરકારી અધિકારી રશ્મિ દીપકે રજૂ


લોકનાદનાં વિનય-ચારૂલ

કર્યા. પશુ-ઊર્જાના ઉપયોગ વિશેના એક અખિલ ભારતીય પ્રોજેક્ટના ભૂતપૂર્વ કો-ઓર્ડિનેટર ડૉ. એમ. દિનસાહેબે બળદથી ચાલતાં વિવિધ યંત્રોની વિગત રજૂ કરી. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં અનુક્રમે સંપર્ક અને વાગ્ધારા સંસ્થા દ્વારા સામુદાયિક સ્તરે શ્રમવિનિમય પરંપરાની પુનઃસ્થાપનાના અનુભવો રજૂ કર્યા. રાત્રિભોજન પછી લોકનાદનાં વિનય-ચારૂલનાં ગીતો-વાતો રજૂ થયાં.


રાજસ્થાનની ટુકડી દ્વારા ગીત


સમાંતર સત્ર:પ્રાકૃતિક ખેતીની પેદાશોનાં બજાર-પ્રમાણન



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



સમાંતર સત્ર:કાર્બન ક્રેડિટ અને બજાર-શ્રજેશ ગુપ્તા



સમાપન સત્રમાં કવિતાબેન, ડૉ.રાજેન્દ્રભાઈ, કપિલભાઈ, સેજલબેન, ડૉ. ચંડેલ, પદ્મશ્રી નેકરામજી અને કિરણભાઈ

તેમાં ''મારી વાડીને મારે ઝેર નથી આપવું'' ગીતે રંગ રાખ્યો!

ત્રીજા અને અંતિમ દિવસની શરૂઆત પણ ધ્યાન-ધારણાથી થઈ. પાંચમા મુખ્યસત્રનો વિષય હતો -વન્યજીવ અને ખેડૂત વચ્ચે સંઘર્ષ અને તેના ઉકેલ. સમસ્યા પેચીદી છે અને તીવ્ર બનતી જાય છે. ઉકેલ સરળ નથી. હિમાચલ પ્રદેશના ખેડૂત આગેવાન હરીશ ચૌહાણે ખેડૂતનો દૃષ્ટિકોણ રજૂ કર્યો. દક્ષિણ ભારતમાં આ સમસ્યાના ઉકેલોનો સંગ્રહ તૈયાર કરનાર વિકાસ કર્મશીલ જનની ભરતે કેટલાક ઉપાયો સૂચવ્યા. નિવૃત્ત મુખ્ય વન સંરક્ષક ઉદયભાઈ વોરાએ ખેડૂતોપયોગી સૂચનો રજૂ કર્યાં.

અંતિમ મુખ્યસત્ર સમાપનનું હતું. તેનું સંચાલન લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન્સના કુલપતિ ડૉ.રાજેન્દ્ર ખીમાણીએ કર્યું. તેમાં સેજલબેન દંડે મહિલાઓના અધિકારની વાત કરી. જતનના કપિલ શાહે આજના સંદર્ભમાં કિસાન અધિકારથી આગળ વધીને નાગરિક અધિકાર અને નાગરિક ધર્મની તાકિદ રજૂ કરી. હિમાચલના પદ્મશ્રી સજીવ ખેડૂત નેકરામ શર્માજીએ પોતાના અનુભવો રજૂ કર્યા અને હિમાચલ પ્રદેશની વાય.એસ. પરમાર બાગાયત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. રાજેશ્વર ચંડેલે હિમાચલમાં રાજ્ય સરકારની મદદથી પ્રાકૃતિક ખેતી તરફ કઈ રીતે વ્યાપક બદલાવ શક્ય બન્યો તેની રજૂઆત કરી. અંતે આશાનાં કવિતાબેન કરુગંતીએ આભાર દર્શન કર્યું.

### સમાંતર સત્રો

ઉપરોક્ત વર્ણવેલાં મુખ્ય સત્રો ઉપરાંત પ્રથમ દિવસે ૭, બીજે દિવસે ૧૪ અને ત્રીજે દિવસે ૭ મળી કુલ ૨૮ સમાંતર સત્રો ચાલ્યાં. મુખ્ય સત્રના વક્તાઓ સમેત કુલ મળી ૬૦ જેટલાં નિષ્ણાતો/વક્તાઓએ રજૂઆત કરી. સમાંતર સત્રો એવી રીતે ગોઠવેલાં કે તેમાં ભાગ લેનારા પણ પોતાના અનુભવો રજૂ કરી શકે તથા સંવાદ અને સવાલ-જવાબ થઈ શકે. અમુક મહત્ત્વનાં સત્રો બે-બે વખત ચલાવાયાં જેથી ભાગ લેનાર અલગ-અલગ સમયે અલગ-અલગ સત્રોમાં જઈ શકે. મુખ્ય ચાર વિષયોનાં સમાંતર સત્રો તો ખરાં જ ઉપરાંત અન્ય વિષયોનાં સમાંતર સત્રોના વક્તાઓની યાદી નીચે પ્રમાણે છે. મુખ્ય સત્રના લગભગ તમામ વક્તા સમાંતર સત્રોમાં પણ હતા, પુનરાવર્તન ટાળવા તેનો ઉલ્લેખ નીચે કર્યો નથી.

**૧. કુદરતી ખેતીની પેદાશો માટેનું બજાર અને પ્રમાણન** : *સત્ર સંચાલક* : પ્રતાપ મરોડે. *વક્તા* : આકાશ બડવે, અનંથુ સયનન, ભરત જાંબુચા, રાસ્કુમના પ્રતિનિધિ, નિવેદિતા અને ડૉ. રાજેશ્વર ચંડેલ.

**૨. માનવીય જીવનશૈલી** : *સત્ર સંચાલક :* આશિષ પાંડા. *વક્તા:* ધીરેન્દ્ર સોનેજી, અનંથુ સયનન અને વિજય શાહ.

**૩. કાર્બન ક્રેડિટ્સ અને કાર્બન બજાર** : *સત્ર સંચાલક :* રોહિત પારખ. *વક્તા :* શ્રજેશ ગુપ્તા અને આકાશ બડવે.

**૪. ખાદ્ય પ્રણાલીમાં જનીન સંપાદન** : *સત્ર સંચાલક :* નિવેદિતા. *વક્તા :* રોહિત પારખ અને કપિલ શાહ.

**૫. મુક્ત વ્યાપાર કરારો** : *સત્ર સંચાલક :* રોહિત પારખ. *વક્તા:* અફસર જાફરી અને ડો. હેમંતકુમાર શાહ.



સમાંતર સત્ર:માનવીય જીવનશૈલી વિશે ધીરેન્દ્રભાઈ



લોકનિકેતનની સ્વયંસેવક ટૂકડી સાથે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૬. **વિશેષ સત્ર : અરવલ્લી છે, તો આપણે છીએ** : *સત્ર સંચાલક :* કવિતા શ્રીવાસ્તવ. *વક્તા :* ડો. ચેતન અગ્રવાલ, કૈલેશ મીના, રાધેશ્યામ શુક્લબાસ, તુષાર પુરોહિત, લક્ષ્મી ગિરવર, હિદાયતભાઈ.

આ ઉપરાંત ત્રણ પદ્મશ્રી બાબુલાલ દહિયા, સુભાષ શર્મા અને નેકરામ શર્મા, રાષ્ટ્રપતિ હસ્તક પુરસ્કૃત સંતોષ પચાર, ડો. દેબલ દેબ, માનવીય જીવનશૈલીના પ્રસારક ધીરેન્દ્ર સોનેજી, બંસી ગીર ગૌશાળાના ગોપાલ સુતરિયા, અક્ષય કૃષિ પરિવારના ડો. મનોજ સોલંકી, ગીર ગૌ જતન સંસ્થાના રમેશ રૂપારેલિયાનાં વ્યક્તિ આધારિત સમાંતર સત્રો પણ યોજાયાં. આ ઉપરાંત 'સત્યમેવ જયતે', 'મોતીબાગ' અને 'થાલી મેં ઝહર'ના ફિલ્મ શૉ રાખેલ પણ તેનો ખાસ લાભ લેવાયો નહીં.

પ્રદર્શન વિભાગમાં ત્રીસેક સ્ટોલ હતા. પંજાબના નવત્રિંજનનો કપાસ મૂલ્ય-વૃદ્ધિ વર્કશોપ, મીટ્ટીધનનાં ઓજાર, ચેન્નાઈ સ્થિત તુલાની સજીવ ખાદી, લોકભારતીની પ્રાકૃતિક ખેતી કીટ, પંદરેક બીજ-વૈવિધ્યના સ્ટોલ, ઇન્દોરનું પુસ્તક વેચાણ, ગોકૃપામૃત વગેરે સ્ટોલ ધ્યાનાકર્ષક હતા.

સંમેલનની વ્યવસ્થાનું ખરું શ્રેય લોકનિકેતનના ચાલીસેક કાર્યકરો અને સોએક વિદ્યાર્થીઓને ફાળે જાય. સંચાલક કિરણ ચાવડાનો હૂંફ ભર્યો સહકાર, હિંમત અને કાર્યકરોની ખડેપગે તત્પર ફોજ સિવાય સંમેલન શકય ન બન્યું હોત! છેલ્લે તેમની સાથે એક બેઠક પણ યોજાઈ. લોકભારતીના ચાલીસેક વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ યુ-ટ્યૂબ પર જીવંત પ્રસારણ, રેકોર્ડીંગ અને અહેવાલ લેખન કર્યું. સંમેલન દરમ્યાન ભોજન માટે શક્ય તેટલી સજીવ ખેતીની પેદાશો વપરાઈ. સંમેલનનો ખર્ચ રૂ. ૯,૫૭,૮૪૯/- થયો. તેની સામે રૂ. ૬,૭૨,૨૨૧/- નોંધણી શુલ્ક અને રૂ. ૧,૬૧,૦૦૦/- દાન પેટે આવ્યા અને બાકીના રૂ. ૧,૨૪,૬૨૮/- જેટલો ખર્ચ જતને પોતાની ફરજ સમજીને ખુશીથી ભોગવ્યો! આ ઉપરાંત, લગભગ રૂ. ૮૪૦૦૦/- જેટલો ખર્ચ એક શુભેચ્છકે ઉઠાવી લીધો. ત્રીસેક ખેડૂતોએ નોંધણી શુલ્ક પેટે અનાજ પણ આપ્યું!

એકંદરે પરિવર્તનની આશા અને દેશ-ખેડૂત-ખેતી માટે પોતાનાથી થાય તે કરી છૂટવાની ભાવના સાથે સૌ વિખેરાયા! આગામી દિવસોમાં આવું જ સંમેલન દક્ષિણ ભારતનાં રાજ્યો માટે તા.૨૭ ફેબ્રુ. થી ૧ માર્ચ, ૨૦૨૬ દરમ્યાન મૈસૂર ખાતે અને પૂર્વ ભારતનાં રાજ્યો માટે ૧૧ થી ૧૩ માર્ચ, ૨૦૨૬ દરમ્યાન રાંચી ખાતે યોજાનાર છે.

અંતે એક ઉલ્લેખ જરૂરી છે. સંમેલનની જાહેરાત થતાં જ દીલ્હીના ઈન્ટેલિજન્સ બ્યુરોની એક ટીમ તપાસ કરવા આવી ગઈ અને સંમેલન પૂરું થતાં ચાર કલાકની ઘનિષ્ઠ પૂછપરછ પણ કરી ગઈ.

આ સંદર્ભે સીધો સવાલ એ ઊઠ્યો કે, સરકારે ઘડેલ ખેડૂત, શ્રમિક, પર્યાવરણ અને આંતરરાષ્ટ્રિય વેપાર જેવા વિષયો પરની નીતિઓ અંગે જનતા વિશ્લેષણ કરે તેના પર સત્તાને નિગરાની કેમ રાખવી પડે છે ? →

**– કપિલ શાહ**

# શિક્ષણ અને આરોગ્ય દ્વારા જનસેવા

**કો**શિશ-મિલાપ ટ્રસ્ટ કામનાં ૧૫ વર્ષ પૂરાં થયાં છે એનો અમને આનંદ છે. ટ્રસ્ટ દ્વારા શિક્ષણ અને આરોગ્યની સેવાઓ આપીએ છીએ.

શાળાએ જતાં બાલમંદિરથી ધોરણ- ૩ સુધીનાં બાળકોને માટે ઔપચારિક શિક્ષણ આપવાનું કામ કરીએ છીએ. દરેક બાળક તેને ભણાવવામાં આવતા બધા વિષયો ગોખવાને બદલે સમજણપૂર્વક ગ્રહણ કરે એ અમારું ધ્યેય છે. એને માટે વિષયના બધા જ એકમ માટેની પ્રવૃત્તિઓ વિકસાવીને વિષયોની સરળ સમજ આપવામાં આવે છે. આ માટે દરેક બાળક ઉપર વ્યક્તિગત ધ્યાન આપવામાં આવે છે. જ્યાં સુધી દરેક બાળક સક્ષમ ન બને ત્યાં સુધી અમે પ્રયત્ન કરી છીએ. ગયા વર્ષે ૮૯ બાળકો આ સુવિધાનો લાભ લઈ શક્યાં. ઉપરાંત ૪૩ વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં ભણવા માટે પૂરી આર્થિક સહાય આપી. ઝૂંપડપટ્ટીના ચોથા, પાંચમા અને છઠ્ઠા ધોરણના સાત વિદ્યાર્થીઓએ અમારો સંપર્ક કર્યો અને શૈક્ષણિક રીતે પાછળ રહી જવા બદલ મદદની વિનંતી કરી. પ્રવેશ પરીક્ષાના આધારે તેઓ બીજા ટ્યુશન ક્લાસમાં પ્રવેશ મેળવી શક્યા નહીં. પૂરતા શિક્ષકોના અભાવે અમારી વર્તમાન નીતિ બાલમંદિરથી ૩જા ધોરણ સુધીના વિદ્યાર્થીઓને ટેકો આપવાની છે. અમે આ વિદ્યાર્થીઓને પહેલા ધોરણથી તેમના હાલના સ્તર સુધી પહોંચવામાં મદદ કરવા માટે ખાસ શૈક્ષણિક સહાય પૂરી પાડવાનું નક્કી કર્યું. અમને આનંદ છે કે, અમારા શિક્ષકોના સઘન ટ્યુટરિંગ દ્વારા, અમે તેમને શાળા છોડી દેતાં અટકાવવામાં સફળ રહ્યાં.

તૃપ્તિ શેઠના નેતૃત્વ હેઠળ અમે એક નવો કાર્યક્રમ 'સથવારો' શરૂ કર્યો છે, જે ઝૂંપડપટ્ટીની મહિલાઓને પોતાની (વ્યક્તિગત) ઉપરાંત, બાળકોની શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને શારીરિક મુશ્કેલીઓ અંગે વિશ્લેષણાત્મક રીતે વિચારવાનું શીખવીને એમને સશક્ત બનાવવાનો એક કાર્યક્રમ છે. એના ભાગ રૂપે ૩૪ જેટલાં બચત ખાતા પોસ્ટ ઓફિસમાં ખોલવામાં આવ્યાં છે.

ઝૂંપડપટ્ટીમાં ક્લિનિક દ્વારા અપાતી આરોગ્ય-સેવામાં કન્સલ્ટેશન માટે કોઈ ફી લેવામાં આવતી નથી, અને દવાખાનામાંથી જ એનીમિયા, ચેપીરોગો, દુ:ખાવો, એસિડિટી, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, અસ્થમા, ખેંચ વગેરે જેવી સામાન્ય તકલીફો માટે દવાઓ ખૂબ જ રાહતદારે આપવામાં આવેછે. ગયા વર્ષે ૭૧૪૯ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી. રસ ધરાવતા મિત્રો આર્થિક મદદ કરી શકે છે.

સંપર્ક : drmistryk@yahoo.com **– કિશોર મિસ્ત્રી, વર્ષા શાહ**

સંમેલનમાં આવરી લેવાયેલ દરેક વિષય પર એક-એક સ્વતંત્ર લેખ તૈયાર થાય તેમ છે. પણ હાલ પૂરતું જગ્યાની મર્યાદા સમજીને લીંક આપીને સંતોષ માનીએ છીએ.

**મુખ્ય સત્રોનું રેકોર્ડીંગઃ**
http://www.youtube.com/@ASHAKisanSwaraj
**સંવાદના વિષયો પર તૈયાર કરેલ નોંધઃ**
https://tinyurl.com/KSS26-Notes
**વક્તાનાં પ્રેઝન્ટેશન :** https://tinyurl.com/KSS26-PPTs



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજી : એક ચમત્કાર !

**કો**ઈ વ્યક્તિ વિષે વિચાર કરવાનો હોય તો કોના વિષે વિચારાય ?

કેવળ પ્રતિભાશાળી વ્યક્તિઓ વિષે જ વિચાર કરવાનો આનંદ મળે. કેમ ?

કારણ કે આ જગતમાં મનુષ્યો તો અબજો છે, પણ તેમાંથી મોટા ભાગના આખું જીવન તદ્દન સાંકડા વર્તુળમાં જીવે છે. હું-મારું કુટુંબ -બસ, વાત પૂરી ! એનાથી આગળ વિચારાય જ નહિ. આ બધાને સાચવવામાં જ તેમનું સમગ્ર જીવન પસાર થઈ જાય. તેમની ચિંતામાંથી સમય મળે તો બીજા વિચાર આવે ને ! અને કુટુંબના લોકો વ્યક્તિને ચિંતામાંથી મુક્ત જ ન કરે. એટલે તેઓ તદ્દન રાબેતા મુજબનું અને સામાન્ય જીવન જીવે છે. એટલે તેમના વિષે વિચાર કરવા બાબતે કોઈ મુદ્દો હોતો જ નથી. પણ પ્રતિભાશાળી લોકો વિશાળ અર્થમાં જીવે છે. વ્યાપક સમાજ માટે જીવે છે અને ક્યારેક, પ્રસંગ ઊભો થાય તો, તેમના માટે શહીદ પણ થાય છે. તેમની પ્રતિભા એવી તો અદ્‌ભુત હોય છે કે તે વિષે વિચારીએ તો સ્તબ્ધ અને ગદ્‌ગદ થઈ જવાય છે. આપણી સામે એક વ્યાપક, વિરાટ વ્યક્તિત્વ ખડું થાય છે. એટલે તેમના વિષે વિચાર કરીએ તો આપણું વ્યક્તિત્વ પણ ઊર્ધ્વ બને છે.

સદ્‌ભાગ્યે જગતના અનેક મહાન લોકો વિષે વિચાર કરવાની તક મળી છે. કોણ વધારે મહાન છે તે નક્કી ન થઈ શકે તેવા આ લોકો હોય છે. એટલે તુલના પણ કરવાનો અર્થ નથી હોતો. છતાં કદાચ, ડરતાં ડરતાં કોના વિષે વધારે વિચાર કરવાનો આનંદ આવે છે એમ પુછાય તો જવાબ હોય છે કે મહાત્મા ગાંધી.

કેમ ગાંધીજી ? તેમના જ સમયમાં ટાગોર, શ્રીઅરવિંદ, વિવેકાનંદ, દયાનંદ વગેરે જેવા પણ અનેક અદ્‌ભુત લોકો થયા હતા. તો માત્ર ગાંધીજી જ કેમ ?

સાચી વાત છે. ગાંધીજીના સમયમાં પણ એક એકથી અદ્‌ભુત લોકો હતા. ખુદ ગાંધીજી પણ તેમને આદર આપતા હતા. 'તે છતાં' પસંદગી તો ગાંધીજી પર જ ઊતરે છે. ગાંધીજી માત્ર મહાન વ્યક્તિ ન હતા, એક ચમત્કારી વ્યક્તિ હતા.

તેમણે કયા ચમત્કારો કર્યા હતા ?

જેને આપણે ચમત્કાર માનીએ છીએ તેવા કોઈ ચમત્કાર તેમણે કર્યા ન હતા. તે કઈ ટેકનિકલી યોગી ન હતા કે ચમત્કાર કરે. તેમના સમયમાં સ્વામી વિશુદ્ધાનંદ જેવા પથ્થરમાંથી ફૂલ બનાવી દેતા હતા તેવા કોઈ ચમત્કાર ગાંધીજીએ નહોતા કર્યા. છતાં તેમણે જે ચમત્કાર કર્યા છે તે કદાચ ભારતના ઇતિહાસમાં કોઈએ નથી કર્યા. બે-ત્રણ જોઈએ.

હમણાં કહ્યું તેમ ગાંધીજીના સમયમાં તેમના જેવા અને કદાચ તેમનાથી પણ વધારે અદ્‌ભુત લોકો હતા, તિલક કે શ્રીઅરવિંદ કે ગોખલે જેવા. પણ આ બધામાંથી કોઈ રાષ્ટ્રીય નેતા ન હતા. રાષ્ટ્રીય કામ કરતા હતા, પણ સમગ્ર રાષ્ટ્ર પર, એટલે કે સમગ્ર ભારતીય જનતા પર, તેમનો કાબૂ ન હતો. મોટા ભાગે તેમના જ પ્રદેશના લોકો તેમનાથી પ્રભાવિત હતા. પણ ગાંધીજી એકમાત્ર એવા નેતા હતા કે એક હાકલ કરે કે સમગ્ર ભારત ઊભું થઈ જતું હતું અને તેઓ કહે તે કરવા તૈયાર થઈ જતું હતું. સત્યાગ્રહ વગેરે તો ઠીક, પણ જો તે જેલ જવાની હાકલ કરે તો પણ હજારો લોકો જેલમાં આનંદથી જતા હતા. તેને પોતાનું ગૌરવ માનતા હતા. જેલમાં પુષ્કળ ત્રાસ ભોગવતા હતા, છતાં ફરી ફરી જવા તૈયાર થઈ જતા હતા. આવો બનાવ કેવળ ઇતિહાસમાં પ્રથમ વાર બન્યો હતો.

બીજું, ગાંધીજી આવ્યા તે પહેલાં સમગ્ર આંદોલનો માત્ર પુરુષો જ કરતા હતા. સ્ત્રીઓ ઘરમાં જ રહેતી હતી. ગાંધીજીએ પ્રથમ વાર ઘરમાં પુરાયેલી સ્ત્રીઓને બહાર કાઢી અને જાહેર આંદોલનોમાં નેતૃત્વ લેતી કરી હતી. સેંકડો સ્ત્રીઓ દારૂના પીઠા સામે મોરચો માંડતી હતી અને દારૂડિયા કે ગુંડાઓ સામે વટથી ઊભી રહેતી હતી. ગાંધીજીના પહેલાં કેટલાક મહાન લોકોએ સ્ત્રીઓને આગળ આવવા કહ્યું હતું, પણ તેઓ જાહેરમાં તો પહેલી વાર ગાંધીજીની પ્રેરણાથી જ આવી હતી. આ દશ્યો ભારતના ઇતિહાસનાં સોનેરી દશ્યો છે.

ગાંધીજીની ખૂબી એ હતી કે તેઓ કોઈ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા ન હતા. તેમનાં વક્તવ્યો પણ પ્રભાવશાળી ન હતાં. તદ્દન સાદી રીતે બોલતા. છતાં આ સાદાં વક્તવ્યો સમગ્ર ભારતને હચમચાવી નાખતાં હતાં. તે સાંભળીને લાખો લોકો ઘર ત્યાગતા હતા, જેલમાં જતા હતા, નોકરીઓ છોડતા હતા. વૈભવ છોડી તદ્દન સાદું જીવન જીવતા હતા. અરે ! તદ્દન પછાત ગામડાઓમાં જઈ દટાઈ જતા હતા અને વંચિત લોકોના ઉત્થાન માટે પોતાનું જીવન ખપાવી દેતા હતા.

બીજું, સંન્યાસીઓ અને યોગીઓના અધ્યાત્મ કરતાં ગાંધીજીનું અધ્યાત્મ તદ્દન અલગ હતું. બાકીના સંસાર છોડી નિર્જનમાં જઈ તપસ્યા કરતા હતા ત્યારે ગાંધીજી એકવીસ કલાક કામ કરતા, નવાં નવાં આંદોલનો કરતા હતા, પુષ્કળ રચનાત્મક કાર્યો કરતા હતા. અંગ્રેજો સાથે ચર્ચા-વિચારણા કરતા હતા. બહારથી જોઈએ તો તેમને સાધના કરવા માટે એક પળ પણ ન હતી. સતત વ્યસ્ત. પાકા રાજકારણી ! પણ, અંદરથી તદ્દન સંન્યાસી. અવધૂત ! એક કવિ કહે છે તેમ ''સંસારમાં સરસો રહે, મન મારી પાસ'' જેવા. બાહ્ય ગમે તે પ્રવૃત્તિ ચાલતી હોય, પણ મનમાં ચોવીસે કલાક અને પળેપળ રામનામની સાધના ચાલ્યા જ કરતી. કોઈએ તેમને સલાહ આપેલ કે તેમણે હિમાલય ચાલ્યા જવું જોઈએ, ત્યારે તેમણે જવાબ આપેલ કે તેઓ જ્યાં છે ત્યાં હિમાલય જ છે. હિમાલયમાં જે કરવાનું છે તે તેઓ કામ કરતાં કરતાં કરે છે. તેમનું જીવન રામમય અને સત્યમય જ હતું. પુરાણમાં કૃષ્ણને આવા બતાવ્યા છે, પણ ગાંધીજી તો આપણી સામે તે આદર્શ બતાવી ગયા છે. કર્મ-વિકર્મ-અકર્મ ત્રણે ગાંધીજીના જીવનમાં ઓતપ્રાત થઈ ગયાં હતાં. એટલે તે પોતડી પહેરવા છતાં નિર્ભેળ સંન્યાસી હતા. સંન્યાસીઓ તેમના શિષ્ય હતા !

મોટો ચમત્કાર તો એ હતો કે તેમના શિષ્ય ઘણી બાબતોમાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેમના કરતાં ચડિયાતા હતા. નેહરુ, વિનોબા, સરદાર પટેલ જેવા એક એકથી ચડિયાતા લોકો તેમની સાથે હતા. અને છતાં આ બધા પ્રતિભાશાળી લોકો તેમના શિષ્યો હતા અને શિષ્ય કહેવડાવવામાં ગૌરવ લેતા હતા. આ બધા આત્યંતિક પ્રતિભાશાળી લોકો પોતાને તેમના શિષ્ય માને તો ગાંધીજી કેવા ચડિયાતા હશે ! અરે, તેમના કહેવાતા વિરોધીઓ પણ તેમનાથી પ્રભાવિત હતા. સુભાષ તો તદ્દન વિરોધી વિચાર ધરાવતા હતા, છતાં કોઈ પણ કામ શરૂ કરતા પહેલાં તેમના આશીર્વાદ માંગતા હતા. વલ્લભભાઈએ માત્ર તેમને સાંભળીને હજારો રૂપિયાની વકીલાત છોડી દીધી હતી. મીરાંબહેન જેવી બ્રિટિશ એડમિરલની વૈભવી જીવન જીવતી દીકરી ગાંધીજીના ચરણોમાં બેસી ગઈ. સ્વામી આનંદ જેવા રામકૃષ્ણ મિશનના સાધુ તેમના ચરણે બેસી ગયા. જવાહરલાલ જેવા ધનવાન તેમની હાકલથી વર્ષો સુધી જેલમાં રહ્યા. અરે, ખુદ બ્રિટિશ વાઈસરોયો પણ ગાંધીજી પાસે બેસવામાં ગૌરવ અનુભવતા હતા.

અને અંતિમ બાબત, જ્યારે જ્યારે હિંદુ-મુસ્લિમ હુલ્લડો થતાં હતાં અને ભારતીય નેતાઓ કે ખુદ વાઈસરોય કે લશ્કર પણ તેને અટકાવવામાં નિષ્ફળ જતા હતા ત્યારે તે સ્થળોએ નિઃશસ્ત્ર ગાંધીજી જતા અને કેવળ તેમના પ્રેમના પ્રભાવથી હુલ્લડો અટકાવી દેતાં હતાં. ભલભલા ગુંડાઓ પણ તેમનાં હથિયાર ગાંધીજીના ચરણોમાં મૂકી દેતા હતા અને તેમને નમી પડતા હતા. કલકત્તા, નોઆખલી, દિલ્હી વગેરે સ્થળોએ જે શાંતિ સ્થપાઈ તે કેવળ ને કેવળ ગાંધીજીની હાજરીથી સ્થપાઈ હતી. જેવા તેઓ ઉપવાસ જાહેર કરે કે સમગ્ર દેશ ગભરાઈ જતો અને અનિચ્છનીય પ્રવૃત્તિઓ છોડી દેતો. એટલે જ વાઈસરોય માઉન્ટબેટન તેમને ''વન મેન આર્મી'' - એક વ્યક્તિનું લશ્કર કહેતા, જે ગણતરીની પળોમાં તોફાનોને અટકાવી દેતું. ભારતને જે શાંતિથી અને રાગદ્વેષરહિત સ્વતંત્રતા મળી તે ગાંધીજીની પદ્ધતિના કારણે જ મળી છે. આ તેમનો મહત્તમ અદ્‌ભુત ચમત્કાર હતો.

અને એક બીજો ચમત્કાર આજે પણ ચાલુ છે. મોટા ભાગે મહાન વ્યક્તિ જાય પછી થોડા ઘણા તેમને અનુસરે, બાકીના ભૂલી જતા હોય છે. આજે પણ, તેમના મૃત્યુની પોણી સદી પછી પણ, માત્ર ભારતમાં જ નહિ, સમગ્ર દુનિયામાં ક્યાંય પણ કોઈ પણ સમસ્યા ઊભી થાય ત્યારે માત્ર ગાંધીજીને જ યાદ કરાય છે. એ તેમની શાશ્વત ઉપયોગિતા દર્શાવે છે. છેલ્લાં પાંચ હજાર વર્ષમાં માત્ર ગાંધીજી એવી વ્યક્તિ થયા છે જે સમગ્ર જગતને આજે પણ, એ.આઈ.ના સમયમાં પણ ઉપયોગી થાય છે. એ અર્થમાં તેઓ પ્રથમ અને સાચા જગદ્‌ગુરુ છે. અરે, ટીકા કરવી હોય તો પણ તેમને જ યાદ કરવા પડે છે. ગાંધીજીને યાદ કરાય કે તેમની ટીકા કરી શકાય છે, પણ અવગણી શકાતા નથી.

ગાંધીજીના તો અનેક ચમત્કારો વર્ણવી શકાય તેમ છે. આમ તો તેઓ પોતે જ ચમત્કાર હતા. તેમના વિષે જેમ જેમ વિચારીએ છીએ તેમ તેમ તેઓ વધારે ને વધારે વિરાટ થતા અનુભવાય છે. કાશ! આપણે તેમને સમજવા પ્રયાસ કરીએ.

**- હરેશ ધોળકિયા**

# ફેર વિચાર શિબિર

જીવનમાં એક નાનકડો વિરામ લઈને આપણા જીવનને નીરખી-વિચારી-સમજીને વધુ સભાનપણે જીવવાનો અવકાશ ઊભો થાય એ આશય સાથે 'ફેર-વિચાર શિબિર'નું આયોજન કર્યું હતું. વિવિધ રીતે જીવન જીવતા લોકો ભેગા થાય, નવા વિચારોની આપલે થાય, જુદી-જુદી પ્રવૃત્તિઓથી નવા અનુભવો મળે, અને આ બધા થકી દરેક શિબિરાર્થી પોતાના જીવન વિશે કંઈક નવી રીતે વિચારતો થાય, એ મુખ્ય હેતુ.

આ શિબિર, તારીખ ૨૩ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન, ભરૂચ જિલ્લામાં, નર્મદા નદી પાસે આવેલ કાંટીદરા ગામે થયો. યુવા શિબિરાર્થીઓ પોતાના વ્યસ્ત જીવનમાંથી બહાર નીકળી, ગામમાં કુદરત વચ્ચે ભેગા થયા. સાથે હતું સજીવ ખેતર, વાડોલિયું, સાગ-વન, શિયાળો અને કલરવ. આજના ડિજિટલ યુગમાં ખરેખર વિરામ લેવા, ફોનને પણ વિરામ આપ્યો. આ સાથે શરૂ થયો ફેર-વિચાર શિબિર; અને ગીતો, વાતો, ચર્ચાઓ, રમતો, પ્રાર્થના, શ્રમ, કસરત, સ્વયંપાક અને નાહકતાનો ક્રમ.

શિબિરની શરૂઆત શિબિરાર્થીઓ, સ્થળ અને યજમાન યાત્રાબેન અને કાંતિભાઈના પરિચયથી થઈ. દિવસની શરૂઆતમાં પ્રાર્થના અને કસરત બાદ નાસ્તો, શ્રમ, અને પછી બેઠકો. બેઠકોની શરૂઆત તથા અંત ગીતોથી અને વચ્ચે પ્રવૃત્તિ સાથે ચર્ચાઓ. બપોરે અને રાત્રે સ્વયંપાક તો સાંજે રમતો. રાત્રિબેઠકમાં ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રાર્થના થતી. ૨૫ તારીખે નર્મદા જયંતી હોઈ નર્મદાકિનારે આવેલા મણિનાગેશ્વર સુધી પગપાળા પ્રવાસ કર્યો. હોડીની મોજ અને નર્મદાસ્નાન પણ ખરું જ. આમ શિબિર દરમ્યાન રોજિંદા જીવનથી જુદી દિનચર્યા સાથે, સમૂહમાં ઊર્જામય વાતાવરણનો અનુભવ કર્યો.

બેઠકોમાં જીવનની મોજ અને મૂંઝવણો, વર્તમાનમાં વ્યક્તિગત અનુભવાતી સ્થિતિ, સમયની સાપેક્ષે જીવન, વીતેલા જીવનના તબક્કાઓ અને લેવાયેલા નિર્ણયો વગેરે મુદ્દાઓ પર પ્રવૃત્તિમય ચર્ચાઓ થકી જિવાયેલ જીવનને નીરખવાની કોશિશ થઈ. આ પ્રક્રિયામાં 'સ્વ'ને સમજવાની સાથે, જીવન માટે કયાં સામાન્ય પરિબળો અગત્યનાં છે એ તારવ્યાં. જીવનમાં પ્રીતિ હોય, મુક્તિ હોય અને અભિવ્યક્તિ હોય, તો એક મોજભર્યું જીવન જીવી શકાય, એવું તારણ નીકળ્યું.

આપણે જેવું જીવવું છે એવું જીવતા આપણને શું અટકાવે છે? - આ પ્રશ્નના ઊંડાણમાં ઊતરતાં પાંચ મુખ્ય પરિબળો જડ્યાં. વ્યક્તિગત, સામાજિક, આર્થિક જરૂરિયાતો, મૂલ્યો અને વ્યવહાર- આ પાંચેય પરિબળોને અલગ અલગ વિચારીએ તો નિર્ણય લેવામાં સરળતા રહે.

બેઠકો, સ્વયંપાક, સફાઈ કામ, નિંદામણનો શ્રમ, સમૂહગાન, પગપાળા પ્રવાસ, પ્રાર્થના, પ્રકૃતિમય સામૂહિક જીવન, નાહક ચર્ચાઓ - બધાંનો અનુભવ જોડાયો. નવા મિત્રો બન્યા અને જીવનની મોજ માણી. શિબિરને અંતે, વ્યક્તિગત જીવન માટે ફેર-વિચારની સરવાણી વહેતી થઈ.

(shodhpravas@gmail.com) **- મૈત્રી-પ્રાંજલ-આલાપ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મનરેગાનો અંત : માત્ર કાયદો જ નહીં, નવી ચેતના પર કુઠારાઘાત

બિહારના એક ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક યુવા એક પુસ્તક પર સામૂહિક અધ્યયન કરી રહ્યા છે. ચોપડીનું નામ છે – 'ઉપભોક્તાવાદી સંસ્કૃતિ કા જાલ'. તેઓ ઉપભોગ અને ઉપભોક્તાવાદી સંસ્કૃતિ વચ્ચેનો ભેદ સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. સમાજવાદી કાર્યકર્તા તેમજ ચિંતક સચ્ચિદાનંદ સિન્હાએ લખેલું આ પુસ્તક છે. જે વાંચતાં વાંચતાં યુવાનો ઊંડી ચર્ચામાં ઊતરેલા દેખાય છે. કોણ છે આ યુવાનો ? પ્રથમ પેઢીના ભણેલા દલિત-બહુજન યુવક-યુવતીઓની કોઈ ટોળકીને સાથે બેસીને આમ કોઈ પુસ્તક વાંચતાં અને તેના પર ચર્ચા કરતા જોવા એ દશ્ય અસામાન્ય જ છે. કેવી રીતે પહોંચ્યા આ મિત્રો અહીં સુધી ?

૨૦૦૮માં જ્યારે આ ટુકડીનાં માતા-પિતાને પોતાના ગામમાં (પંચાયત) કામ મળતું ન હતું, ત્યારે તેમનો સંપર્ક જન જાગરણ શક્તિ સંગઠન (જે જે એસ એસ)ના કાર્યકર્તાઓ સાથે થયો. જેમણે તેમને મનરેગાને અંતર્ગત કામ માગવા માટે પ્રેરિત કર્યા. અહીંથી શરૂ થયો એક દોર, જેમાં આ મજૂર સાથીઓએ કામના પોતાના અધિકારો મેળવવા માટે સામૂહિક સંઘર્ષ કર્યા. મોટેભાગે પોતાની જ પંચાયતના વચેટિયા અને ભ્રષ્ટાચારીઓ સાથે ભીડાવાનું બન્યું તો ક્યારેક પોતાના સરપંચ સાથે લડ્યા, ક્યારેક તાલુકા સ્થળે ધરણાં-પ્રદર્શન કર્યાં તો ક્યારેક પટના-દિલ્હીની મોટી રેલીઓમાં પણ જોડાયા.

પોતાના સંઘર્ષોથી ઉત્સાહી આ મજૂરોએ માત્ર મનરેગા બાબતે જ હસ્તક્ષેપ કર્યો તેમ નહીં, પરંતુ તેમણે સંઘર્ષોના ઘણા દરવાજા ખોલ્યા. ક્યાંક રેશન માટે તો ક્યાંક પેન્શન માટે, આંગણવાડીમાં મળવાપાત્ર સવલતો માટે અવાજ ઉઠાવ્યો તો ક્યાંક જાતિગત હિંસાને લઈને એકઠા થયા, તો ક્યાંક રહેઠાણની જમીનને માટે સ્થાનિક જમીનદારો સાથે પણ અથડામણમાં આવવાનું થયું. આ સામૂહિક સંઘર્ષોની સાથે એક નવી સામાજિક તેમજ રાજકીય ચેતનાનો વિકાસ થયો. નરેગામાં કામ કરનારા મજૂર સાથીઓ જે સંગઠનમાં આવતા-જતા હતા, તેમણે પોતાનાં બાળકોને ભણાવવા માટેના પ્રયત્નો વધાર્યા. તેમને યુવાશિબિરો તેમજ અન્ય કાર્યક્રમોમાં મોકલ્યાં. એક બાજુ આ મજૂર સાથીઓમાં પોતાનામાં એક નવી ચેતનાનો વિકાસ થઈ રહ્યો હતો, તો બીજી તરફ તેઓ પોતાનાં બાળકોને માટે પણ એક નવી ક્ષિતિજ ખોલી રહ્યા હતા.

અમે મનરેગા પર આ લેખની શરૂઆત આ ઘટનાથી કરી તેનું કારણ એ છે કે મોટેભાગે મનરેગાની સમાપ્તિને લોકો મજૂરોની આજીવિકાના અધિકાર સુધી સીમિત રાખતા હોય છે, પરંતુ આ કાયદાએ એક નવી સામાજિક-રાજકીય ચેતનાના વિકાસના નવા દરવાજા ખોલ્યા હતા એ બાબત અમારે ધ્યાન પર લાવવી છે. ગ્રામ્ય વિસ્તારના મજૂરો માટે પહેલી વાર આટલા મોટા પ્રમાણમાં સાથે આવવાની તક મળી હતી. આ તકને લીધે તેમને સંગઠિત થવાનો અવસર પ્રાપ્ત થયો. અસંગઠિત ક્ષેત્ર હોવાને કારણે તેમણે કદી સ્થાયી કામ અથવા સ્થાયી 'માલિક' જેવું કશું અનુભવ્યું ન હતું. આમાં ઘણાં મહિલા મજૂરો પણ હતાં, જેમને ખરેખર પહેલી વાર ખેતરની બહાર કોઈ કામ મળ્યું હતું. હવે તો પંચાયતમાં જ કામ કરવાની તક મળી, જ્યાં તેમને સરકારી તંત્ર અને પોતે જ ચૂંટેલા પ્રતિનિધિઓ પાસેથી કામ લેવાનું હતું.

પરંતુ, તાજેતરમાં કેંદ્ર સરકારે મનરેગા કાયદો રદ કર્યો અને વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મીશન (ગ્રામીણ) એક્ટ ટૂંકમાં વીબી-ગ્રામ-જી નામનો નવો કાયદો લાગુ કરવામાં આવ્યો. દરરોજ છાપામાં આ નવા કાયદાના ખૂબ વખાણ કરવામાં આવી રહ્યાં છે. પરંતુ વાસ્તવિકતા શું છે ? ૧૮-૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વીબી-ગ્રામ-જી કાયદો લોકસભામાં પસાર કરીને મનરેગા કાયદો રદ કરી દેવામાં આવ્યો. પહેલાં તો સહુને લાગ્યું કે આ માત્ર નામ બદલવાની કસરત કરવામાં આવી છે જેની આજકાલ હવા ચાલે છે – એક એવો રિવાજ, જેમાં નામ તો બદલાય છે, પણ જગ્યા અને વસ્તુઓ પહેલાં જેવી જ રહે છે – અને તેની આપણને જાણે કે ટેવ પડવા માંડી છે. નરેગા સંઘર્ષ મોર્ચાની સામૂહિક સમજણ અને અમારા પાયાના કામના અનુભવથી એવું સમજાય છે કે આ વખતે માત્ર નામ નથી બદલવામાં આવ્યું, પરંતુ આખા કાયદાના પાયાના સ્વરૂપને જ બદલી નાંખવામાં આવ્યું છે.

### અધિકાર નહીં, હવે સરકારની મહેરબાની

મનરેગા કાયદાનું મૂળ હાર્દ એ છે કે મજૂરો પોતાની જરૂરિયાત પ્રમાણે કામની માંગણી કરશે અને તેમને વર્ષમાં ૧૦૦ દિવસનું કામ સરકાર આપશે. મનરેગા કાયદાના આત્મામાં 'કામનો અધિકાર' છે. આ ભાવનાને ખતમ કરીને નવા કાયદામાં કેન્દ્ર સરકારને એ અધિકાર આપી દેવાયો છે કે તે દરેક રાજ્ય માટે એક બજેટ નક્કી કરશે. આમ કરવાથી કેન્દ્ર સરકારને રાજ્યોને આપવામાં આવતાં નાણાં અંગે મનફાવે તેમ નિર્ણય લેવાનો અધિકાર મળી ગયો છે, અને આના આધારે જ નક્કી થશે કે કયા રાજ્યમાં કેટલા દિવસની રોજગારી આપવામાં આવશે. આ કાયદો મનરેગાના મૂળભૂત વિચારને સંપૂર્ણપણે ઉલટાવી દે છે, જ્યાં નાણાંની ફાળવણી મજૂરોની માંગણી પ્રમાણે થતી હતી. તેની જગ્યાએ નવો કાયદો આવી પુરવઠા આધારિત વ્યવસ્થાને લાવે છે, જેમાં રોજગારીની માંગણીને પહેલેથી નિર્ધારિત બજેટ અનુસાર ગોઠવાવું પડે છે.

### રાજ્યો પર ૪૦ ટકાનો નાણાંકીય ભાર

મનરેગાને અંતર્ગત મજૂરોની ૧૦૦% અને માલસામાન ખર્ચની ૭૫% જવાબદારી કેન્દ્ર સરકારની હતી. એટલે કે કેન્દ્ર અને રાજ્યને ભાગે આવતા ખર્ચનું પ્રમાણ ૯૦:૧૦ નું રહેતું હતું. હવે આ પ્રમાણ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૧૦૦:૪૦નું થઈ જશે. આ જોગવાઈ રાજ્યો પર નાણાંકીય ભાર તો નાંખે જ છે પરંતુ, ગરીબ રાજ્યો તેમજ એવાં રાજ્યો જ્યાંથી મોટી સંખ્યામાં લોકો રોજગારી માટે સ્થળાંતર કરે છે અને જેમને ગ્રામીણ રોજગારની સૌથી વધારે જરૂર છે તેવાં રાજ્યો પર અસમાન આર્થિક અસર થશે. વધતા નાણાંકીય બોજાને કારણે રાજ્ય સરકારો ખર્ચ ઓછો કરવાની નીતિ અપનાવવા માટે મજબૂર થશે અને મજૂરોની કામની માંગણીની નોંધણી જ નહીં કરે.

### ૬૦ દિવસ સુધી કામ બંધ રાખવાની જોગવાઈ

નવા કાયદા પ્રમાણે હવે એક વર્ષમાં ૬૦ દિવસ સુધી કામ બંધ રહેશે. આ બાબત ગરીબોના જીવન તેમ આજીવિકાના અધિકારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. બેકારી અને મોંઘવારીના સમયમાં આવી જોગવાઈ યોજનાના મૂળ હેતુને જ બાજુ પર મૂકી દેશે તેમજ દેશનાં લાખો કુટુંબોને કુપોષણ તેમજ ભૂખમરા તરફ ધકેલનારો સાબિત થશે.

### કયા વિસ્તારમાં કામ અપાશે તે પણ સરકાર નક્કી કરશે

કોને રોજગાર આપવામાં આવશે તે નક્કી કરવું એ મજૂરીની જે બાંહેધરી આપવામાં આવેલી તેનાથી વિપરીત છે. મનરેગા કામનો એક કાયદાકીય અધિકાર સ્થાપિત કરે છે, જે માંગ-આધારિત અને સાર્વભૌમિક છે. ''જે પણ વ્યક્તિને કામની જરૂરિયાત હોય તેને માંગણીના આધાર પર રોજગાર મેળવી આપવો.'' પરંતુ નવા કાયદામાં કેંદ્ર સરકાર એ ક્ષેત્રોની પસંદગી કરશે, જ્યાં નવા કાયદાને અંતર્ગત કામ આપવામાં આવશે. આ બાબત ભેદભાવ ઊભા કરનારી છે તથા બંધારણની કલમ ૧૪ અને ૧૬ની વિરુદ્ધ છે. આ બાબત કેન્દ્રને વધુ પડતી સત્તા આપે છે, જે ચિંતાજનક બાબત છે અને દહેશત છે કે આ જોગવાઈનો ઉપયોગ જે-તે સત્તાપક્ષ તેના રાજકીય ફાયદા માટે ન કરે તેને માટેની કોઈ સાવચેતી રાખવામાં આવી નથી.

### ગ્રામ પંચાયતની સ્વતંત્રતા તેમજ તાકાતને નબળી પાડવી

મનરેગા કાયદામાં ગ્રામ પંચાયતને ઘણા બધા અધિકારો આપવામાં આવ્યા હતા. કયું કામ થશે, તે ગ્રામસભા નક્કી કરે અને તે પ્રમાણે જ કામ થાય છે. નવા કાયદામાં ગ્રામસભા દ્વારા પસાર થયેલ કામોનો ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટેકમાં સમાવેશ તો કરાશે પરંતુ તેમાં અન્ય વિભાગોનો પણ હસ્તક્ષેપ રહેશે. તેને કારણે કયું કામ કરવું જોઈએ તેની સ્વતંત્રતા ગ્રામપંચાયતની પાસે રહેતી નથી. આ ઉપરાંત રાજ્ય સરકાર નક્કી કરશે કે કયા ૬૦ દિવસ કામ બંધ રાખવામાં આવશે, નહીં કે ગ્રામપંચાયત.

કયા કારણસર આ કાયદો બદલવો પડ્યો તે અમારા જેવા સામાજિક કાર્યકરોની સમજની બહાર છે કારણ કે આનાથી તો મજૂરોની મજબૂરીમાં જ વધારો થવાનો અને તેનાથી મજૂરી હજુ સસ્તી થવાની - કોર્પોરેટરોને આ જ તો જોઈએ છે ! કારણ જે પણ હોય, એક વાત સ્પષ્ટ છે કે એક લોકાભિમુખ કાયદો હટાવવા પાછળ સરકારનું લોકવિરોધી વલણ સ્પષ્ટ દેખાઈ આવે છે. આ આપણે પહેલાં પણ જોઈ ચૂક્યા છીએ જ્યારે સરકાર સી.એ.એ. લાવી, કિસાન-સંબંધિત કાયદાઓ આવ્યા અને હવે ચાર લેબર કોડ લાવ્યા. દરેક વખતે સરકારે મજબૂત સંઘર્ષનો સામનો કરવો પડ્યો છે. મનરેગા હટાવવાની વિરુદ્ધમાં પણ દેશભરમાં કાર્યક્રમો થઈ રહ્યા છે. હવે જોવાનું એ છે કે લોકશાહી જીતશે કે સત્તા પોતાની તાકાતથી લોકોનો વિરોધ દબાવી દેશે.

**– કામાયની અને આશિષ**

જનજાગરણ શક્તિ સંગઠન - NAPM

## સમૂહસમાજમાં ફૂલતો-ફાલતો વ્યક્તિવાદ

**શિ**ક્ષકે વિદ્યાર્થીને ગણિતનો કોયડો પૂછ્યો, 'કાનજીએ વીસ હજારમાં કપાસ ખરીદ્યો અને પચીસ હજારમાં વેચ્યો, તો તેને કેટલા ટકા નફો થયો ?' 'સર, એમાં મારે કેટલા ટકા ?', વિદ્યાર્થીએ જવાબ આપ્યો.

છે તો આ ટુચકો, પણ ટુચકાઓ સમાજજીવનનું પ્રતિબિંબ છે. અઢી હજાર વર્ષ પૂર્વે એરિસ્ટોટલે વિશ્વ સમક્ષ એક સાર્વત્રિક વિધાન મૂક્યું કે 'વ્યક્તિ સામાજિક પ્રાણી છે.' જો વ્યક્તિ અને સમાજ પરસ્પરાશ્રયી હોય તો ઉપરના ટુચકામાં વરવી વાસ્તવિકતા કેમ ફલિત થાય છે ? સમાજપરિવર્તનનો દીર્ઘ ઇતિહાસ જોતાં લાગે છે કે ઔદ્યોગિક ક્રાંતિએ શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને વિશેષ વેગ આપ્યો. પરિણામે સમૂહ-સમાજ (Mass Society) અસ્તિત્વમાં આવ્યો. સમૂહસમાજનું લક્ષણ છે, વ્યક્તિવાદ (Individualism)ને પોષવો. તેથી વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના ભાવાત્મક સંબંધનો છેદ ઊડી જાય છે. ભરચક વસતી વચ્ચે રહેતા હોવા છતાં લોકો પરસ્પરથી દૂર હોય એવી મનોવૈજ્ઞાનિક એકલતા અનુભવે છે. એક વ્યક્તિ બીજીને ચીજ (Product) તરીકે જુએ છે, મન-પ્રાણ-ચેતનાથી ધબકતી જીવંત વ્યક્તિ તરીકે નહિ.

અધૂરામાં પૂરું, વ્યક્તિવાદની આગમાં ઉપયોગિતાવાદ અને ઉપભોક્તાવાદે જલદ ઇંધણનું કામ કર્યું છે. સામી વ્યક્તિ મારા માટે કેટલી ઉપયોગી ? એ મને કેટલી કામમાં આવી શકે તેમ છે ? એટલું જ માત્ર જોવામાં આવે છે. બસ, પોતાનું કામ સરે, પછી વ્યક્તિને 'ફેંકી' દેવામાં આવે છે. વ્યક્તિની સમાજનિસબત આકાશકુસુમવત્ બનતી જાય છે.

એક વેપારી બપોરની વેળા દુકાન બંધ કરી ઘેર જમવા આવે છે, થોડી વારમાં તેને સમાચાર મળે છે કે બજારમાં આગ લાગી છે. વેપારી ભાણા પરથી ઊભો થઈ જાય છે. પછી બીજો માણસ ખબર લાવે છે કે તમારી દુકાન સલામત છે, બાજુવાળા ગફુરભાઈની સળગી ગઈ છે. વેપારી 'હાશ' ઉદ્‌ગાર સાથે નિરાંતનો શ્વાસ લે છે અને ફરી ભાણે બેસે છે. વ્યક્તિ 'સામાજિક' મટી વધુ ને વધુ 'વૈયક્તિક' બની રહી છે. 'એમાં મારે શું ?' એમ સમજી હાથ ઊંચા કરી જવાબદારીમાંથી છટકી જાય છે.

જ્યાં સુધી આપણામાં સમભાવ નહિ જાગે, એટલે કે કાનજીના આનંદમાં આપણો આનંદ નહિ જોડાય અને ગફુરભાઈના દુઃખે દુઃખી નહિ થઈએ, ત્યાં સુધી આપણી ભીતરનો 'હું' જડ થાંભલા જેવો (અંગ્રેજી I જેવો) નિષ્પ્રાણ ઊભો રહેશે !

ફોન.: ૦૨૬૫-૨૭૫૦૨૭૫

**– શાંતિલાલ ગઢિયા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ડિજિટલ લતની ઘાતક પકડ : ગાઝિયાબાદની ત્રણ બહેનોની મૌન ચેતવણી

ગાઝિયાબાદમાં ત્રણ સગી બહેનો દ્વારા કરવામાં આવેલી આત્મહત્યાની ઘટના માત્ર એક પરિવારની કરુણ કહાણી નથી; તે આપણા સમયની એક ગંભીર સામાજિક બીમારી તરફ ઈશારો કરે છે. મોબાઇલ એપ્સ, ગેમ્સ અને સોશિયલ મીડિયાની દુનિયામાં ખોવાઈ જવું હવે સામાન્ય બાબત બની ગઈ છે, પરંતુ જ્યારે આ લગાવ લત બની જાય, ત્યારે તેનો અંત જીવલેણ સાબિત થઈ શકે છે- આ દુર્ઘટના એનું જીવંત ઉદાહરણ છે.

આ ત્રણેય બહેનો કોરિયન મૂળની લવ ગેમ નામની ટાસ્ક આધારિત એપમાં અતિશય રીતે ફસાઈ ગઈ હતી. દિવસ-રાત મોબાઇલ પર રહેવું, સતત નવા ટાસ્ક પૂરા કરવાની મજબૂરી અને ડિજિટલ દુનિયામાં મળતા ભાવનાત્મક ઉતાર-ચઢાવ -આ બધાએ તેમને હકીકતથી દૂર કરી દીધા હતા. જ્યારે માતા-પિતાએ આ અતિશયતા જોઈને ફોનના ઉપયોગ પર નિયંત્રણ મૂક્યું, ત્યારે બહેનો માટે જાણે આખી દુનિયા જ છીનવાઈ ગઈ હોય એવું લાગ્યું. આ માનસિક આઘાત અંતે તેમને આત્મહત્યાની અંધકારમય દિશામાં લઈ ગયો.

આ ઘટના આપણને ભૂતકાળની કેટલીક ભયાનક ડિજિટલ ચેલેન્જોની યાદ અપાવે છે-જેમ કે Blue Whale Challenge અને Momo Challenge-જેણે દુનિયાભરમાં સેંકડો યુવાનોના જીવ લીધા. તપાસકર્તાઓ કહે છે કે સમસ્યા માત્ર એક એપ કે એક ગેમની નથી, પરંતુ એ એવા માહોલની છે જ્યાં માનસિક આરોગ્ય અંગે સમજ, સહારો અને માર્ગદર્શનનો અભાવ છે. ડિજિટલ નશો જ્યારે નિયંત્રણ બહાર જાય છે, ત્યારે બાળકો અને કિશોરો પોતાની લાગણીઓ સંભાળવાની શક્તિ ગુમાવી બેસે છે.

અભ્યાસો બતાવે છે કે મોબાઇલ, સોશિયલ મીડિયા અથવા ગેમ્સનો બેફામ ઉપયોગ કિશોરોમાં આત્મહત્યાનું જોખમ બે થી ત્રણ ગણું વધારી શકે છે. અહીં મુદ્દો માત્ર સ્ક્રીન ટાઈમનો નથી, પરંતુ નિયંત્રણ ગુમાવવાનું દુ:ખ, ફોન ન મળતાં થતી તીવ્ર ચિંતા, ઊંઘમાં ખલેલ, અભ્યાસ પર નકારાત્મક અસર અને સંબંધોમાં તણાવ -આ બધી બાબતો સંકળાયેલી છે. આવાં પરિબળો ધ્યાનશક્તિને નબળી પાડે છે, ચિંતા વધારે છે અને બાળકોને બુલિંગ કે હાનિકારક સામગ્રી સામે વધુ અસુરક્ષિત બનાવે છે. ધીમે ધીમે તેમનું આખું સામાજિક જગત માત્ર એક સંકુચિત, અતિભાવનાત્મક ડિજિટલ વિશ્વમાં સીમિત થઈ જાય છે.

આ વૈશ્વિક સમસ્યા સામે કેટલીક જગ્યાએ કડક પગલાં લેવામાં આવ્યાં છે. ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી નીચેનાં બાળકો માટે સોશિયલ મીડિયા વાપરવા પર પ્રતિબંધ મૂક્યો છે, જ્યારે USAમાં ટેક કંપનીઓ સામે લત લગાડનારી ડિઝાઇનના કારણે માનસિક નુકસાન પહોંચાડવાના આરોપો અંગે કેસ ચાલી રહ્યા છે. તેના મુકાબલે ભારતમાં આ અંગે પ્રતિસાદ હજુ પણ મોટા ભાગે સલાહ સૂચનાઓ, ચેતવણીભર્યા પરિપત્રો અથવા ક્યારેક પ્રતિબંધ સુધી જ સીમિત રહ્યો છે.

ગાઝિયાબાદની આ ઘટના આપણને સ્પષ્ટ સંદેશ આપે છે કે હવે અડધાં-અધૂરાં પગલાં પૂરતાં નથી. બાળકો અને કિશોરો માટે કડક વય ચકાસણી, સુરક્ષિત ડિફોલ્ટ સેટિંગ્સ, સ્કૂલ સ્તરે ડિજિટલ સાક્ષરતા અને સૌથી મહત્ત્વનું-માનસિક સલાહ અને સહાયની સુલભ વ્યવસ્થા -આ બધું એકસાથે અમલમાં મૂકવું જરૂરી છે. નહિતર, ડિજિટલ લતની આ ઘાતક પકડ ફરી ફરી કોઈ પરિવારને અંધકારમાં ધકેલી શકે છે.

કોલકાતાની હેરિટેજ સ્કૂલ દ્વારા માતા-પિતાને મોકલાયેલ તાજેતરનું સર્ક્યુલર માત્ર એક ઔપચારિક સૂચના નથી, પરંતુ સમયની ગંભીર ચેતવણી છે. ગાઝિયાબાદમાં બનેલી કરુણ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે અને સાથે જ ડિજિટલ યુગમાં ઊછરતાં બાળકો સામે ઊભા થતાં નવાં જોખમો પર ફરી એક વાર વિચારવા મજબૂર કર્યા છે

આ ઘટના બાદ હેરિટેજ સ્કૂલે માતા-પિતાને અનુરોધ કર્યો કે તેઓ પોતાનાં બાળકોના સ્ક્રીન ટાઈમ પર કડક નજર રાખે અને તેમની સાથે વધુ સમય વિતાવે. સર્ક્યુલરમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે બાળકો સાથે ખુલ્લી વાતચીત કરવી, તેમના મિત્રો કોણ છે તે જાણવું અને તેમના વર્તનમાં થતા નાના-મોટા ફેરફારોને ગંભીરતાથી લેવા, એ આજના સમયમાં અત્યંત જરૂરી બની ગયું છે.

શાળાએ સૂચવ્યું છે કે ઘરમાં સ્ક્રીન ટાઈમ મર્યાદિત રાખવો જોઈએ અને શક્ય હોય ત્યાં સુધી વયસ્ક દેખરેખ અનિવાર્ય બનાવવી જોઈએ. ચાઇલ્ડ લોક, ફાયરવોલ અને રોજના ચોક્કસ સમયે ઇન્ટરનેટ બંધ રાખવા જેવી વ્યવસ્થાઓ અપનાવવાથી બાળકોને ડિજિટલ દુનિયાથી થોડાંક દૂર રાખી શકાય છે. સાથે જ તેમને રમવા, કસરત કરવા અને પરિવાર સાથે ગુણવત્તાપૂર્ણ સમય પસાર કરવા પ્રોત્સાહિત કરવાં જોઈએ.

પરિવાર સાથેના ભોજન દરમિયાન મોબાઇલ અથવા અન્ય ઉપકરણોનો ઉપયોગ ટાળવો એ પણ એક સરળ પરંતુ અસરકારક પગલું છે. સ્ક્રીન-ફ્રી સમયગાળો બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે અત્યંત મહત્ત્વનો બની શકે છે.

શાળાની પ્રિન્સિપાલ સીમા સપરૂએ ભારપૂર્વક જણાવ્યું કે બાળકો પાસે ઑનલાઇન દુનિયાનાં જોખમોને સમજવાની પૂરતી પરિપક્વતા ઘણી વાર હોતી નથી. શાળામાં નિયમો હોય છે, નિયંત્રણ હોય છે, પરંતુ ઘરમાં ઘણી વાર અમર્યાદિત ઇન્ટરનેટ ઍક્સેસ તેમને અજાણપણે જોખમ તરફ દોરી શકે છે.


કલકત્તાની આ શાળાએ જે જાગૃતિ બતાવી છે, તેનું અનુકરણ દેશની તમામ શાળાઓએ કરવાની આજે જરૂર છે.

સૌજન્ય : ધ ટેલિગ્રાફ સંપાદકીય **અનુ. હિદાયત પરમાર**
સાયબર ક્રાઇમ અવેરનેસ કેમ્પેઇનર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પથ દર્શક : રમણ પટેલ



**એ**ક સદ્‌વિચાર અને એ વિચારને તાદૃશ્ય કરવાનો એક જણનો પ્રયત્ન આખા સમાજમાં કેટલી મોટી ક્રાંતિ લાવી શકે એનું ઉત્તમ ઉદાહરણ એટલે રમણભાઈ પટેલ.

રમણભાઈ કરસનભાઈ પટેલ. ધરતીના છોરુ. પિતા કરસનભાઈ અને માતા ગંગાબેન નખશિખ ખેડૂત. સાદું અને મહેનતુ જીવન. જાતે કાંતેલી ખાદી પહેરે. આંગણે ભેંસ બાંધેલી અને ખેતરમાં જુવાર થાય એટલે મુખ્ય ભોજન દૂધ ને રોટલો. અંધારાના ઓળા ઊતરે એ પહેલાં જમી લેવાનું. વીસ લીટર કેરોસીનનો ડબ્બો આખું વર્ષ ચાલે ! રમણભાઈનો નાતો પણ સાદગી અને જમીન સાથે આજીવન રહ્યો. ખોટાં મોજશોખ નહીં. પત્ની શારદાબેન પણ ભલાં. ઘર અને સમાજના વ્યવહારો સુપેરે સાચવે. એમના હોઠે હંમેશાં ભજન રહે. બાળકો તો જેવું જુએ તેવું શીખે. એટલે એ પણ સંતોષી. કોઈ ખોટી માંગ નહીં. ભણ્યાં, બદલાવ સાથે નવું શીખતાં રહ્યાં પણ પેઢી દર પેઢી વારસામાં મળેલાં મૂલ્યો છૂટ્યાં નહીં.

**રમણભાઈનો જન્મ રાંદેરમાં**

પણ માત્ર રાંદેરના જ નહીં, ૪૨ ગામમાં ફેલાયેલા પોતાના સમાજના તેઓ પથદર્શક બન્યા. ખેતી, ખાદી અને મૂલ્યસંસ્કાર માતાપિતા પાસેથી વારસામાં મળેલાં. તે તેઓએ આજીવન સાચવ્યાં જ નહીં વિકસાવ્યાં પણ ખરાં જ. રમણભાઈ બાળપણમાં થોડા ખેપાની અને ભણવામાં સામાન્ય હતા. કિશોર વયે મિત્રો સાથે રાંદેરની ગલીઓમાં ફરતા અનેક પરાક્રમ કરતા. પણ યુવાવયે રમણની ભ્રમણ કરતી રહેતી મિત્ર ટોળીને શ્રીકાંત આપ્ટેજીનો સંસર્ગ થયો અને માતા-પિતા દ્વારા રોપાયેલા સંસ્કારબીજને પોષણ મળ્યું. ઘર, શેરી, પાયખાનાની સફાઈ કરીને લોકોને યોગ્ય સફાઈનો સંદેશ આપ્યો. ગાંધી-વિનોબા, સરદારની વાતો સાંભળી, વાંચીને લોકોમાં દેશ પ્રત્યે સ્નેહભાવ વધાર્યો. રમણ મિત્ર ટોળીનું યુવા હૈયું દેશભક્તિના રંગમાં બરાબર રંગાયું હતું ત્યારે જ વિનોબાજીએ દેશમાં શરૂ કરેલી ભૂદાનયાત્રા ગુજરાતમાં રાંદેર નજીકના દિહેણ ગામથી શરૂ થઈ. એ વખતે નારાયણભાઈ દેસાઈ સાથે અને પછીથી રવિશંકર મહારાજ સાથે રમણભાઈ ભૂદાનયાત્રામાં બે ત્રણ વર્ષ સુધી ગામેગામ ફર્યા.

યાત્રામાંથી પાછા ફર્યા બાદ રમણભાઈએ ખેતી સંભાળી. તેઓએ ખેતીનો ડિપ્લોમા કોર્સ કર્યો હતો. જમીનની ફળદ્રુપતા ઘટે નહીં એ માટે મથતા, મહેનત કરતા, જમીનને નુકસાન થાય નહીં એવા પાકો લેતા. પિતાના સમયથી એમનું ખેતર અનેકના વિસામાનું સ્થાન હતું. તો રમણભાઈના સમયમાં મિત્ર પરિવારોનું એ ઉજાણીનું કાયમી સ્થળ બની રહ્યું. ઊંધિયું, રોટલા, પોંકની મીજબાની સાથે રમણભાઈ પરિવારનો નિ:સ્વાર્થ પ્રેમ ભૂલ્યો ભુલાય એમ નથી.

રમણભાઈએ આમ તો ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્તિ સ્વીકારી હતી, પણ સવારે ખેતરે જવાનું ને કંઈક ને કંઈક મહેનતનું કામ કરવાનું એ એમનો નિત્યક્રમ અંત સુધી રહ્યો. બપોર પછી વાંચતા. અઢળક વાંચ્યું. પુસ્તક વાંચે, ગમે એટલે લેખકને તરત જ ફોન કરી હરખ વ્યક્ત કરે. પુસ્તકો, ટેલિફોન, ટેલિફોન ડાયરી, બોલપેન અને ચશ્માં બધું જ હાથવગું યાને બેઠકની આસપાસ જ રહેતાં. સ્વભાવે સહજ, સરળ અને શાંતિપ્રિય રમણભાઈ જાણે મૃત્યુને આવકારવા તૈયાર હોય એમ ૯૦ વર્ષ પૂરાં થવાના આરે વાંચી રહ્યા હતા, કાકા કાલેલકર લિખિત – પરમ સખા મૃત્યુ!

'મૃત્યુ એ માતમ નહીં પણ કુદરતની સહજ પ્રક્રિયા છે, એનો તો ઉત્સવ હોય.' એ વાત સમજાવવા રમણભાઈએ ઝુંબેશ ચલાવેલી. જે તે ગામે સમાજના ઘરમાં મૃત્યુ થયું એવા સમાચાર આવે એટલે રમણભાઈ પહોંચી જાય. પરિવારને સમજાવે. 'આ સમય રડવાનો કે છાતી કૂટવાનો નથી, આત્માને શાંતિ મળે એ માટે પ્રભુને પ્રાર્થના કરવાનો છે.' એમ સમજાવી શ્લોક, ૐ તત્ સત્ પ્રાર્થના, મંગળ મંદિર ખોલો વગેરે ગાય અને ઝિલાવે. લોકોને સમજાયું, ડૂસકાં ધીમેધીમે શમતાં ગયાં, રોકકળ બંધ થવા લાગી. આત્માની શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના કરવા લાગ્યા. છાતી કૂટવાનો રિવાજ હતો એ પણ બંધ થયો. પ્રાર્થનાપોથી બની, ૪૨ ગામોમાં ઘરે ઘરે એ પહોંચી. દરેક ગામમાં એક એક પ્રાર્થનાગાયક સહયોગીનો સાથ મળવા લાગ્યો. શ્લોક, પ્રાર્થના, ભજન લોકોને કંઠસ્થ થવા લાગ્યાં. બીજી પેઢી તો વારસામાં મળેલી આ કેડી પર સહજ જ ચાલવા લાગી. સ્મશાનયાત્રા કે બેસણાં વખતે રડવાનું તો નહીં જ, વાતો પણ નહીં; માત્ર પ્રભુપ્રાર્થના અને એ પણ સમૂહમાં.

તા. ૮ જાન્યુઆરી ૨૦૨૬ની સવારે સુરતમાં આવી જ એક સમૂહ-પ્રાર્થના થઈ. એ પ્રાર્થના એક આખા સમાજને જાગૃત કરનાર, પથદર્શક રમણભાઈના આત્માર્થે હતી. પચાસ વર્ષ સુધી સમાજમાં ગામેગામ અને ઘરેઘરમાં જેમનો અવાજ પહોંચ્યો હતો એ અવાજ શાંત થયો હતો.

**– મીતા ઝવેરી**

## આ તે કેવું તૂત ?

માણસથી માણસ ગભરાય !
આ તે કેવી વાત કહેવાય ?
કોણે આ ષડ્‌યંત્ર રચેલું ?
કયા કુટીલને સૂઝેલું ?
કેવું આ તૂત ચલાવ્યું,
સૌનાં મનમાં ભૂત ભરાવ્યું,
માણસજાતની માથે શાપ,
આભડછેટ છે મોટું પાપ.
જેનાથી માનવ સર્જાયો
એ ઈશ્વર પણ ક્યાં અભડાયો ?
મનમાંથી એ ભૂત ભગાડો,
બદમાશીનું તૂત બગાડો.
કાઢ બધીયે આભડછેટ,
માણસ થઈને માણસને ભેટ.

**– કરશનદાસ લુહાર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**આત્માને જાણીએ...** (પાન ૪નું ચાલુ)

એની પાસે કોઈ વિકાર ફરકતા નથી. આત્મજ્ઞાની મનુષ્ય ઉત્તમ નિર્ણય આપી શકે છે. અને આવા મનુષ્યો પાસે ગીતા લોકસંગ્રહની અપેક્ષા રાખે છે.

પ્રશ્ન એ થાય કે આત્મજ્ઞાની કેવાં-કેવાં કામ કરશે ? શું તે રાજનીતિમાં, સમાજકાર્યમાં પડશે ? આત્મજ્ઞાની પાસે આપણે આપણી શરતો પર કામ ન લઈ શકીએ. એ તો એની પોતાની શરત પર જ કામ કરશે. તે ઇંદ્રિયો દ્વારા શારીરિક ક્રિયાઓ કરશે, પણ લોકોના ભાવોમાં ભાગ લેશે નહીં, એ તેમાં તણાશે નહીં. સામાજિક, રાજનૈતિક અથવા એ પ્રકારનાં સાંસારિક કાર્યોમાં એકલી ક્રિયાઓ જ નથી રહેતી. એમાં અનેક પ્રકારની ભાવનાઓ જોડાયેલી હોય છે. આત્મજ્ઞાની આવા ભાવોમાં ક્યારેય ફસાતો નથી. એનું જ્ઞાન પ્રજ્વલિત અગ્નિના જેવું હોય છે, જેને કોઈ પોતાના ખિસ્સામાં છુપાવીને રાખી શકે નહીં. ખિસ્સામાં દિવાસળી રાખી શકાય પણ પ્રજ્વલિત અગ્નિને ન રાખી શકાય. જેમ દિવાસળીમાં અગ્નિ છુપાયેલ છે, એવી રીતે દરેક મનુષ્યમાં આત્મા છે અને જ્યાં આત્મા છે ત્યાં જ્ઞાન છુપાયેલું જ છે. એ છુપાયેલા અગ્નિને ખિસ્સામાં રાખી શકાય, પ્રજ્વલિત અગ્નિને ન રખાય. આપણે આપણું અજ્ઞાન કાયમ રાખીને આત્મજ્ઞાનીના જ્ઞાનનો પ્રકાશ ઇચ્છીએ, તો એ કેવી રીતે થશે? એ પ્રજ્વલિત અગ્નિને રાખવા માટે ચૂલો જોઈએ, તે ખિસ્સામાં ન રાખી શકાય. રાજનીતિ, સમાજકાર્ય એ ખિસ્સા જેવા છે, એમાં દિવાસળી રાખી શકીએ છીએ. જો એમાં સળગતો અંગારો રાખીશું તો રાજનીતિ - સમાજકાર્ય સ્વયં જ નહીં રહે.

શંકરાચાર્ય તો કહે છે કે આત્મજ્ઞાની કર્મ કરતો નથી. તે જે કંઈ પણ કરતો દેખાય છે તે કર્મના આકાર માત્ર છે, કર્મ નથી. કેમ કે કર્મમાં એની પ્રવૃત્તિ હોતી નથી, જે જ્ઞાન પહેલાંની સ્થિતિમાં દેખાતી હતી. એટલા માટે કર્મ પૂરું થયું કે અધૂરું રહ્યું તેની તેના પર કોઈ અસર રહેતી નથી. લોકસંગ્રહનું તેનું કાર્ય અધૂરું રહ્યું તો એને પૂરું કરવા માટે આત્મજ્ઞાનીએ ફરીથી જન્મ લેવો પડતો નથી. આવી સ્થિતિમાં તે કર્મ નથી - ન તત્ કર્મ । અને જ્યારે તે કર્મ નથી, તો શાસ્ત્રીય ભાષામાં આ જ કહેવાશે કે જ્ઞાની કર્મ કરતો નથી, યદ્યપિ સામાન્ય માણસને તો તે કર્મ કરતો દેખાઈ પડે છે. આમેય સામાન્ય માણસને તો તે સમાધિસ્થ મહાત્મા પુરુષ સૂતેલો હોય તેવું જણાય છે. હવે જે બહારથી દેખાઈ રહ્યો છે તે વસ્તુસ્થિતિ છે કે પછી પેલો સમાધિસ્થ મહાત્મા જે અનુભવ લઈ રહ્યો છે તે વસ્તુસ્થિતિ છે ? આમ આત્મજ્ઞાન પ્રાપ્ત થયા બાદ જ્ઞાની કર્મ કરતો દેખાય તો પણ તે કર્મ, એ કર્મ નથી.

આત્મજ્ઞાનીને કોઈ પ્રકારની વાસના રહેતી નથી, લોકસંગ્રહની પણ નથી રહેતી. ''જો હું આ કર્મ નહીં કરું તો આ લોકો નષ્ટ થઈ જશે.'' - આ કરુણા છે, વાસના નથી. જ્ઞાનવાનમાં લોકસંગ્રહની 'ઇચ્છા' 'વાસના' નથી હોતી, 'કરુણા' હોય છે અને આ કરુણા માટે જ એનું શરીર શેષ રહે છે.

જ્ઞાનીપુરુષ લેશમાત્ર પણ ક્રિયા કરતો નથી, પરંતુ કર્મ અનંતગણું કરે છે. એનું અસ્તિત્વમાત્ર જ અપાર લોકસંગ્રહ કરી શકે છે. જ્ઞાની પુરુષની તો કેવળ ઉપસ્થિતિ જ પર્યાપ્ત હોય છે. એના હાથ-પગ વગેરે અવયવો કંઈ કાર્ય ન કરતા હોય, તો પણ તે કામ કરે છે. જેમ જેમ ક્રિયાઓ સૂક્ષ્મ થતી જાય છે તેમ કર્મ વધતાં જાય છે. આ વિચારના પ્રવાહને આગળ લઈ જઈએ અને ચિત્ત એકદમ પરિપૂર્ણ રૂપે શાંત થઈ જાય તો અંતમાં ક્રિયા શૂન્યરૂપ થઈ જશે અને ત્યારે કર્મ અનંત થતાં રહેશે, આવું કહી શકીએ છીએ. પહેલાં તીવ્ર ક્રિયા પછી તીવ્રથી સૌમ્ય ક્રિયા, સૌમ્યથી સૂક્ષ્મ ક્રિયા અને સૂક્ષ્મથી શૂન્ય. આવી રીતે આપોઆપ ક્રિયાશૂન્યત્વ પ્રાપ્ત થઈ જશે. પરંતુ ત્યારે અનંત કર્મ આપોઆપ થતાં રહેશે.

જ્ઞાનીપુરુષની અંતિમ અવસ્થામાં બધી ક્રિયાઓ લુપ્ત થઈ જાય છે, શૂન્યરૂપ થઈ જાય છે. પણ આનો અર્થ એ થતો નથી કે અંતિમ સ્થિતિમાં ક્રિયા થશે જ નહીં. એના દ્વારા ક્રિયા થશે પણ અને નહીં પણ થાય. તેની અંતિમ સ્થિતિ અત્યંત રમણીય અને ઉદાત્ત છે. એ અવસ્થામાં જે પણ કંઈ થશે, એની તેને ચિંતા રહેતી નથી, જે પણ થશે તે શુભ અને સુંદર જ હશે. તે ત્યારે સાધનાની પરાકાષ્ઠાની દશા પર ઊભો છે, જ્યાં તે બધાં કર્મો કરીને પણ કંઈ જ નથી કરતો. સંહાર કરવા છતાં પણ તે સંહાર કરતો નથી. કલ્યાણ કરતો હોવા છતાં પણ તે કલ્યાણ નહીં કરે.

આ દશાનું કેવી રીતે વર્ણન કરવું ? જેવી રીતે ગ્રહણ પૂર્વે વેધ લાગે છે એવી રીતે શરીરાંત થઈ ગયા પછી આવનારી મોક્ષદશાની છાયા, શરીર જાય તે પહેલાંથી પડવા લાગે છે. દેહાવસ્થામાં જ તેને ભાવિ મોક્ષની સ્થિતિનો અનુભવ થવા લાગે છે. આ સ્થિતિનું વર્ણન કરવા જતાં વાણી થોથવાય છે. તે કેટલી પણ હિંસા કેમ ન કરે, તેમ છતાં તે કંઈ જ કરતો નથી. હવે તેની આ ક્રિયાને કયા માપે માપવી જોઈએ ? એના દ્વારા જે પણ કંઈ થશે, તે બધું સાત્ત્વિક કર્મ જ હશે. બધી ક્રિયાઓનો ક્ષય થઈ ગયા પછી પણ તે સંપૂર્ણ વિશ્વનો લોકસંગ્રહ કરશે. એટલા માટે મને સમજાતું નથી કે આ સમજાવવા માટે કઈ ભાષાનો પ્રયોગ કરવો ?

(ક્રમશઃ) (સંકલિત)

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ '**યજ્ઞ પ્રકાશન સમિતિ**'ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# તૂટેલું બટન

**ત્રી**સ ત્રીસ વરસ સુધી એક જ પેઢીમાં નોકરી કર્યા પછી હજી ગયે વર્ષે જ હું નિવૃત્ત થયો હતો. આટઆટલાં વર્ષો સુધી એક જ ઘરેડમાં કામ કર્યા પછી હવે નવરા બેસીને શું કરવું એ સમજાતું નહોતું. પત્ની તો રોજ ઊઠીને નવા રસ્તા બતાવવા તૈયાર જ હતી, ''તમે વહેલા ઊઠીને ચાલવા જતા હો તો? ગાર્ડનમાં ચાલવા જશો તો કેટલાય નવા મિત્રો મળી જશે!''

થોડા દિવસો સુધી આ વિષય પર પ્રવચન આપ્યા પછી એણે જોયું કે, આ બંદાને કંઈ અસર થઈ નથી, એટલે એણે બીજી દિશામાં પ્રયત્ન કરી જોયો, ''સાંભળો છો? નાકા પર નવું મંદિર બહુ સરસ બન્યું છે. નાહી-ધોઈને ત્યાં જવાનું ચાલુ કરો. સમય પણ જાય ને ભગવાનની ભક્તિ પણ થાય.'' પણ મને નિરુત્સાહ જોઈને એ હતાશ થઈ ગઈ અને તે દિવસથી એણે 'મફત સલાહ કેંદ્ર' બંધ કરી દીધું. મને એક જ પ્રવૃત્તિ ગમતી – હિંચકે ઝૂલતાં ઝૂલતાં રસ્તે જતા-આવતા લોકોને જોયા કરવા.

મને થતું કે,આમ ને આમ હું લોકોનું નિરીક્ષણ કર્યા કરીશ, તો એક દિવસ કવિ કે લેખક જરૂર બની શકીશ. કોઈ વૃદ્ધ સ્ત્રીને હાથમાં વજનદાર થેલી લઈને જતી જોઉં કે, મારું મન વિચારવા લાગે– 'આ માજીને બીચારાંને આટલું કામ કરવું પડે છે તે નક્કી એમનાં દીકરા-વહુ એમને દુઃખી કરતાં હશે. એમની પાસે જબરદસ્તી ઘરનાં કામ કરાવતાં હશે. એમના પતિ ગુજરી ગયા હશે એટલે એમને કોઈનો આધાર નહીં હોય.'

કોઈ યુવતી તૈયાર થઈને જતી હોય તો તરત મારી કલ્પનાના ઘોડા દોડવા માંડે. 'આવી તૈયાર થઈને ભણવા તો ન જ જતી હોય. એના પ્રિયતમને મળવા જતી હશે? એના ઘરે બધા જાણતા હશે?' નવરાશનો સમય આવા ફાલતુ વિચારો કરવામાં ગાળતો. છેલ્લા અઠવાડિયાથી નિયત સમયે હું લગભગ મારી જ ઉંમરના એક પુરુષને જોતો. એની આંગળીએ એક ચારેક વર્ષનું બાળક પણ હોય. શી ખબર કેમ પણ, મને એમનામાં એટલો રસ પડી ગયો કે, એક દિવસ એ નીકળે એ પહેલાં હું કપડાં બદલીને તૈયાર હતો. જેવા એમને જોયા કે પત્નીને કહ્યું, ''હું જરા બેંકમાં જઈને આવું છું.''

મારે તો બસ, સમય પસાર કરવો હતો એટલે પેલા ભાઈની પાછળ પાછળ ચાલવા લાગ્યો. થયું, લાવ, જોઉં તો ખરો કે, રોજ પેલા બાળકને લઈને એ ક્યાં જાય છે? કોઈ લેખકને વાર્તા લખવાનો મસાલો મળે ને એને જે આનંદ થાય એવો આનંદ એમનો પીછો કરતાં મને થતો હતો. મનોમન હું ખયાલી પુલાવ પકાવવા લાગ્યો. 'આજે તો નક્કી મને એવો પ્લોટ મળી જવાનો કે, જેના પરથી હું 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી વાર્તા લખી શકીશ. વિચારોમાં ને વિચારોમાં ક્યારે બાળકની શાળા આવી ગઈ એ મને ધ્યાન પણ ન રહ્યું.

એ પાસેની ગલીમાં વળ્યા ત્યારે હું ઝડપથી એમની નજીક પહોંચી ગયો. સામે આવેલા મંદિરમાં એમણે પ્રવેશ કર્યો. પત્ની રોજ મંદિરે જવાનું કહેતી ત્યારે તો મેં ગણકાર્યું નહીં પણ આજે ગર્ભગૃહમાં હાથ જોડીને ઊભેલા એ ભાઈની બાજુમાં હું પણ ઊભો રહી ગયો. એ સુંદર સ્વરે પ્રાર્થના ગાવા લાગ્યા. એ આંખો બંધ કરીને પ્રાર્થના ગાવામાં લીન હતા. અચાનક મારી નજર એમની સામે ગઈ તો એમની આંખોમાંથી વહેતી અશ્રુધારા જોઈ મને નવાઈ લાગી. હવે તો એમના રુદન પાછળનું રહસ્ય જાણી જ લેવું એમ નક્કી કરી એ ચંપલ પહેરવા ગયા ત્યારે મેં હસીને, હાથ જોડીને 'જય શ્રી કૃષ્ણ' કહીને એમનું અભિવાદન કર્યું. આમ તો એમના ચહેરા પર ઊંડી ઉદાસીના ભાવ હતા પણ મેં સામેથી બોલાવ્યા એટલે એ ખુશ થયા હોય એવું લાગ્યું.

''માફ કરજો, પણ હું તમને ઓળખતો હોઉં એવું મને યાદ નથી આવતું.''

''ના ના, હું પણ તમને નથી ઓળખતો, પણ મારા ઘર પાસેથી રોજ તમને પસાર થતા જોઉં છું એટલે થયું કે, ચાલો, પરિચય કરીએ. આપણાં બંનેનાં ઘર આ તરફ જ છે તો ચાલતા જઈએ ને વાતો કરતા જઈએ, જો તમને વાંધો ન હોય તો.'' મેં સૌજન્ય બતાવ્યું.

''ના રે, વાંધો શો હોય? ઊલટા એક કરતાં દો ભલા.''

''તમે રોજ બાળકને સ્કૂલે મૂકવા જાવ છો, એ...''

''એ મારો પૌત્ર છે. બહુ તોફાની છે હં!''

શિયાળાના હૂંફાળા દિવસો હતા અને અગિયાર વાગ્યા હોવા છતાં વાતાવરણમાં ઠંડીનો ચમકારો વરતાતો હતો. એવામાં ચાની લારી જોઈ મેં કહ્યું, ''ચાલો, કટીંગ ચા પી કાઢીએ.''

ચા ઊકળે ત્યાં સુધી વાત આગળ વધારવાના ઈરાદે મેં કહ્યું, ''આપણે એકબીજાનાં નામ તો પૂછ્યાં જ નહીં. ફરીથી મળીશું ત્યારે કયા નામે બોલાવીશું?''

''હા, વાત તો સાચી હં! મારું નામ શિરીષ.''

''ને મારું પ્રકાશ. થોડા વખત પહેલાં જ રિટાયર થયો. હવે બસ, આરામ કરવાનો.'' જવાબમાં એમણે એક નિસાસો નાખ્યો એના પરથી મારી આરામ કરવાવાળી વાત સાથે એ સંમત હોય એવું લાગ્યું નહીં.

''પ્રકાશભાઈ, આરામ તો નસીબદારને જ મળે.'' આટલું બોલીને એ ચૂપ થઈ ગયા. ચા આવે ત્યાં સુધી હું એમને પગથી માથા સુધી નિરખવા લાગ્યો. 'કપડાં ચોળાયેલાં ને મેલાં લાગે છે. શર્ટ કોલર પાસેથી જરા ફાટેલું છે. પગમાં સામાન્ય સ્લીપર પહેર્યાં છે. આર્થિક સ્થિતિ બહુ સારી નથી લાગતી.' ત્યાં તો ચા આવી ગઈ.

અમે 'આવજો' કહીને છૂટા પડવા લાગ્યા ત્યારે મારાથી પૂછ્યા વિના ન રહેવાયું, ''તમારાં પત્નીનું અવસાન થયાને કેટલો સમય થયો?''

''બે વર્ષ થવા આવ્યાં. ચાલો ત્યારે, ફરી મળીશું ક્યારેક.'' એ બે ડગલાં આગળ વધીને પાછા ફર્યા અને નવાઈ પામીને પૂછવા લાગ્યા, ''પણ તમને કેવી રીતે ખબર કે, મારી પત્ની હયાત નથી?''

''ના, આ તો જસ્ટ અનુમાન..'' એમને ભલે મેં ન કહ્યું પણ મેં એમના શર્ટનું તૂટેલું બટન જોયું ત્યારથી જ હું સમજી ગયો હતો કે, એ વિધુર છે.'

એક અદ્ભુત વાર્તાને આકાર આપવાનું વિચારતો હું ઘરની દિશામાં ચાલી નીકળ્યો.

(મણિ ખેડેકરની મરાઠી લઘુકથાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org